# કેકા

## સ્મરણસૌરભ : ૨૦૧૮



ગવર્નમેન્ટ આર્ટ્સ કૉલેજ
શ્રી કે. કા. શાસ્ત્રી શૈક્ષણિક સંકુલ
મણિનગર, અમદાવાદ

# કેકા THE SONG OF ETERNITY

સ્મૃતિસૌરભ
૨૦૧૭-૨૦૧૮


પ્રસ્તુતિ
પ્રો. નિસર્ગ આહીર
અધ્યક્ષ, ગુજરાતી વિભાગ



*પ્રકાશન*
ડૉ. ગીતા પંડયા
આચાર્યા
ગવર્નમેન્ટ આટ્ર્સ કૉલેજ
શ્રી કે. કા. શાસ્ત્રી શૈક્ષણિક સંકુલ
મણિનગર, અમદાવાદ

## આનુપૂર્વી


| | | |
|---|---|---|
| ૧. સાહચર્યઅંકિત કેકારવ... | પ્રો. નિસર્ગ આહીર | ૪ |
| ૨. સાવ નિરાળો કર્મદ્વીપ | ડૉ. ગીતા પંડયા | ૫ |
| ૩. વ્યતીતવૈભવ : દશ્યપર્વ | પ્રો. નિસર્ગ આહીર | ૭ |
| ૪. વીતેલી ક્ષણોનો વૈભવ અને સાંપ્રતમાં સજીવન થતાં સંભારણા | ડૉ. ગીતા પંડયા | ૫૪ |
| ૬. સુરેશ જોષીનું સર્જનવિશ્વ | પૂજા એસ.નાડિવાલ | ૬૩ |
| ૭. Glorious Dance Tradition of India | Shruti Nair | ૬૮ |
| ૮. નંદશંકર મહેતા અને ગુજરાતની પ્રથમ નવલકથા | કોમલ વિ. | ૭૩ |
| ૯. નારી તું નારાયણી | રાજેશ્વરી જી. આનંદ | ૭૬ |
| ૧૦. મૈત્રી | ધારા એ. શર્મા | ૭૮ |
| ૧૧. Positive affectivity | Shefali Parmar | ૮૧ |
| ૧૨. પ્રેમદીવાની મીરાંબાઈ | દિશા એચ. ડામોર | ૮૪ |
| ૧૩. સમય સમયની વાત | ખુશ્બૂ દવે | ૮૯ |
| ૧૪. Craze among students to go to abroad | Prakruti G. Anand | ૯૨ |
| ૧૫. આદ્યકવિ નરસિંહ મહેતા | પાયલ એમ. ડોરિયા | ૯૩ |
| ૧૬. Sharing with friend | Aesha Bhavsar | ૯૬ |
| ૧૭. ચાર્વાક દર્શનનાં સૂત્રો | પ્રો. નિસર્ગ આહીર | ૯૮ |
| ૧૮. કૉલેજ માટેનાં અગત્યનાં પ્રમાણપત્ર | | ૧૦૭ |
| ૧૯. LIST OF TEACHING AND NON-TEACHING STAFF | | ૧૧૧ |
| ૨૦. NON-TEACHING STAFF OF THE COLLEGE FROM THE YEAR OF 2007 TO 2016 | | ૧૧૩ |
| ૨૧. COLLEGE COMMITTEE: YEAR 2017-2018 | | ૧૧૪ |
| ૨૨. વાચનાલય વિશે માહિતી | દિનેશભાઈ ભરવાડ | ૧૧૯ |
| ૨૩. SCOPE વિશેની વિગત | ડૉ. પ્રવીણ રથવી | ૧૨૦ |
| ૨૪.. ANALYSIS OF STUDENTS: VARIOUS ASPECTS | Dr. Pravin Rathvi | ૧૨૧ |
| ૨૫. પ્રવૃત્તિનાં પદચિહ્નો : વર્ષ ૨૦૧૭-૧૮ની પ્રવૃત્તિની ઝલક | પ્રો. આભા ત્રિપાઠી | ૧૩૭ |

**સંપાદકીય**

## સાહચર્યઅંકિત કેકારવ...

કેકારવ એટલે મોરનો અવાજ. માણસ સિવાયની આ સૃષ્ટિ સહજ છે અને પ્રકૃતિના નિયમને અનુસરે છે. પ્રકૃતિમાં બધું સાહજિક છે. એમાં તો બધું હોય છે, થયા કરે છે, બનતું રહે છે સકલ અવિરત. માણસે જ તમામ પદાર્થને વ્યાખ્યાયિત કરીને એને અર્થ આપ્યા, સારાનરસાનો ભેદ ઊભા કર્યા. પ્રકૃતિને એણે પ્રભાવિત પણ કરી. એકબાજુ એણે અદશ્ય સ્રષ્ટાની સમાંતરે સુંદરતમ સર્જન કર્યું તો બીજી બાજુ વિનાશની વરવી વિભીષિકા ઊભી કરી. પરંતુ એ નોંધવું જોઈએ કે પ્રકૃતિના સંતાન એવા માનવી એકંદરે તો સંવાદ ઈચ્છે છે. સંવાદની આ ખેવનાથી રચાય છે સાહચર્ય. અન્યના હોવાની સ્વીકૃતિ અને સંબંધની રમ્યતા માણસની મૂળ વાંછના છે. આવું સાહચર્ય સકારાત્મક દિશામાં કામ કરે તો પછી રચાય સંવાદિતા. 'કેકા'નો આ દસમો અંક આવા સંવાદભર્યા સાહચર્યરૂપ છે. અગિયાર વર્ષની કૉલેજની જ્ઞાનયાત્રામાં જે કોઈ જોડાયાં એમના મધુર સંગાથનું મધુમય સ્મરણપર્વ આપ સર્વને ધરીને હું આનંદ અનુભવું છું.

વિદ્યા અને જ્ઞાન માણસની સર્વોત્તમ ઉપલબ્ધિ છે. અહીં વ્યતીતનો દશ્યવૈભવ છે તેમ સાંપ્રતનો જ્ઞાનવૈભવ છે. વિદ્યાર્થીઓએ પોતાની કાચી-પાકી સમજણથી જે શબ્દાંકન કર્યું એનું મહત્ત્વ કરીને અર્થગૌરવ કરવાનો આ એક યત્ન પણ છે. તમામ પ્રાધ્યાપકોએ તો પોતાની સજ્જતા સિદ્ધ કરી, પરંતુ વિદ્યાર્થીઓ જ્ઞાન અને વિદ્યાના માર્ગે ઉન્નતભ્રૂ બને એવું પ્રોત્સાહન પણ અમે આપીએ છીએ.

સ્મરણના આ અવસરે અગિયાર વર્ષની સમગ્રતા ગતકાલીન વૈભવ પહેરીને ઝરૂખે ઝળહળે છે. કેટલું બધું જીવનના નામે કર્યું? કેટલાં બધાં અજાણ્યાં પરિચિત થયાં? કેટકેટલા અવસરને ઉમળકાથી ઉજવ્યા? કેટલા મહાનુભાવોનું આતિથ્ય માણ્યું? કેટલા શબ્દોથી શ્રવણપથ દીપાવ્યો? – આવું તો અનેકવિધ, કંઈકેટલું સ્મૃતિમાં કાયમી અંકિત થઈ ગયું છે. વિદ્યાર્થીઓનો પ્રેમ સૌમાં કેન્દ્રરૂપ છે. વર્ષો પછી ક્યાંક મળી જતા એ વિદ્યાર્થીની આંખોનો પ્રેમ અને હૈયાનો ઉમળકો જીવવા માટેનાં કારણો પૂરાં પાડે છે. સ્મરણમુકુલમાં સૌરભરૂપે મઘમઘ થતા તમામને વંદન કરીને અગિયાર વર્ષની આ કર્મયાત્રાનાં પદચિહ્ન આપ સૌને સાદર અર્પણ કરું છું.

## સાવ નિરાળો કર્મદ્વીપ

ડૉ. ગીતા પંડ્યા
આચાર્યા

યાદ આવે છે વર્ષ ૨૦૦૬ની એ વર્ષાથી ભીનીભીની પળો. તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીસાહેબ અને મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે શ્રી કે. કા. શાસ્ત્રી શૈક્ષણિક સંકુલનું ખાતમુહૂર્ત કર્યું. એક વર્ષમાં તો ભવ્ય ભવન ઊભું થયું અને ૨૦૦૮માં ગુજરાત સરકારના આગવા શૈક્ષણિક સંકુલ તરીકે શ્રી નરેન્દ્ર મોદીસાહેબે મંત્રીમંડળની ઉપસ્થિતિમાં, અનેક યુનિવર્સિટીના કુલપતિશ્રી અને કેળવણીકારોની સાથે, અનેક રાજકીય પુરુષોની હાજરીમાં વિશાળ માનવમહેરાણની સાક્ષીએ વિદ્યાસંસ્થાના નવનિર્મિત ભવનને ખુલ્લું મૂક્યું. કેરિયર ડૅવલપમેન્ટનું ઉદ્‌ઘાટન હોય, પદ્મશ્રી કે. કા. શાસ્ત્રી સ્મૃતિકક્ષનું લોકાર્પણ હોય કે એમ.સી.એ. ભવનનું ખાતમુહૂર્ત હોય – અનેકવાર માનનીય શ્રી નરેન્દ્ર મોદીસાહેબ આ સંસ્થામાં પધાર્યા છે અને સંસ્થાના વિદ્યાયજ્ઞમાં આહુતિ આપી છે. તેઓશ્રીના સાતત્યપૂર્ણ માર્ગદર્શન અને સહાયને કારણે માત્ર અગિયાર વર્ષમાં ગવર્નમેન્ટ આર્ટ્સ કૉલેજ એક આગવી શિક્ષણસંસ્થા તરીકે સ્થાપિત થઈ શકી છે તેનો આનંદ છે.

કૉલેજની સ્થાપના થઈ ત્યારથી જ વિદ્યાલક્ષી અનેકવિધ પ્રવૃત્તિઓ આ સંસ્થામાં યોજાતી રહી છે. વિદ્યાર્થીઓની કારકિર્દીનું ઘડતર તો કેન્દ્રમાં હોય જ, પરંતુ સાથેસાથે વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ સહાયક પ્રવૃત્તિઓ થઈ થતી જ રહી છે. શૈક્ષણિક સૅમિનાર, જ્ઞાનસંવર્ધન માટેની કાર્યશિબિરો, શૈક્ષણિક પ્રવાસ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, રોજગાર મેળાઓનું આયોજન, સપ્તધારાની ઉજવણી, વિદ્યાર્થી સજ્જતા માટેની સ્પર્ધાઓ જેવી અનેકવિધ પ્રવૃત્તિઓથી આ સંસ્થા સતત ધમધમતી રહી છે. અગિયાર વર્ષમાં આ સંસ્થામાં આચાર્યા તરીકે કામ કરવા મળ્યું અને વિદ્યાલક્ષી અનેક પ્રવૃત્તિઓ કરવાનો મોકો મળ્યો એનો ખૂબ જ આનંદ છે. સાથેસાથે સરકારશ્રી તરફથી અનેક પ્રકલ્પોમાં જોડાવા મળ્યું, અનેક અગત્યની સમિતિઓમાં કામગીરી કરવાની થઈ એનો પણ ઉમંગ છે. મારા શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફના તમામ સભ્યશ્રીઓના સાથસહકારથી ખૂબ સફળતાપૂર્વક શૈક્ષણિક-સહાયક પ્રવૃત્તિઓ પાર પડી શકી. તમામનો આ ક્ષણે આભાર માનું છું. મારા વિદ્યાર્થીઓ સતત મારી સાથે રહ્યા અને મેં જે કંઈ ઈચ્છયું એમાં રંગ પૂરતા રહ્યા એનો તો કેટલો બધો આનંદ છે !

કૉલેજના પ્રથમ વાર્ષિકોત્સવમાં એલ. ડી. ઈન્સ્ટિટ્યૂટ ઑવ્ ઈન્ડોલોજીના નિયામક શ્રી ડૉ. જિતેન્દ્ર શાહ મુખ્ય મહેમાનશ્રી તરીકે પધાર્યા ત્યારથી અમારા વાર્ષિકોત્સવને વિદ્યાપુરુષો, કવિઓ, લેખકોના આશીર્વચન સાથે ઉજવતાં રહ્યાં છીએ. સ્વાતંત્ર્યદિન અને પ્રજાસત્તાકપર્વની ઉજવણીપ્રસંગે અનેક મહાનુભાવો આ સંસ્થાના આંગણે પધાર્યા છે. અનેક શૈક્ષણિક કે સાંસ્કૃતિક પ્રવૃત્તિની ઉજવણીરૂપે સંસદસભ્યશ્રી, ધારાસભ્યશ્રી, મૅયરશ્રી પણ અમારા મહેમાન બન્યા છે એનો ઉલ્લાસ હૈયે વસે છે.

મારે ખાસ તો આ કૉલેજે જે આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને રાજકીય કક્ષાના સૅમિનાર કે વર્કશૉપ કર્યા એ બાબતે કહેવું છે. સાહિત્ય અકાદમીની સહાયથી આ વર્ષે જ ગુજરાતી ભાષાસજ્જતા અને લેખનકૌશલ્ય વિશેનો ખૂબ નોંધપાત્ર આંતરરાષ્ટ્રીય સ્તરનો વર્કશોપ યોજાઈ ગયો. અત્યારે ગુજરાતીને માતૃભાષા તરીકે સ્થાપિત કરવાના જે પ્રયત્નો થઈ રહ્યા છે તેમાં આ કાર્ય ખૂબ જ સમુચિત હતું. ભૂતકાળમાં પણ રાજ્યસ્તરની વાર્તાશિબિર અનોખી રીતે યોજવામાં આવી હતી. સ્વામી વિવેકાનંદ અને શ્રી કે. કા. શાસ્ત્રી પરના રાષ્ટ્રીય પરિસંવાદોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રીતે, સમગ્રતયા તો આ સંસ્થાએ બહુ જ થોડાં વર્ષોમાં વિદ્યાકીય હરણફાળ ભરી છે એનો ખૂબ આનંદ છે.

વિદ્યાર્થીઓને નિયમિત અને નિયત અભ્યાસક્રમ પ્રમાણેનું શિક્ષણ તો આપવામાં જ આવે છે, પરંતુ વિદ્યાર્થીના કારકિર્દીઘડતર માટેનું એક ખૂબ જ અગત્યનું સોપાન તે રોજગાર મેળાઓનું આયોજન છે. મારે ખાસ કહેવું છે કે આર્ટ્સ કૉલેજના વિદ્યાર્થીઓને ઉત્તમ રોજગારી મળે રહે તે માટેના રાજ્યસ્તરના ત્રીસ જેટલા રોજગાર મેળાઓ આ સંસ્થા ખાતે યોજવામાં આવ્યા છે. રોજગાર વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ અને અમદાવાદના કલેક્ટરશ્રીએ સંસ્થા દ્વારા યોજાતા આ મહાકાર્યની નોંધ લીધી છે અને સંસ્થાના પ્રયાસોને બિરદાવ્યા છે. આવી અનેકવિધ પ્રવૃત્તિઓથી આ સંસ્થા સતત ઉજ્જ્વલપંથની યાત્રી રહી છે.

ગવર્નમેન્ટ આર્ટ્સ કૉલેજના અગિયાર વર્ષના આ પડાવે આપ સૌને મળીને ખૂબ આનંદ થાય છે. 'કેકા'ના દસમા વાર્ષિક અંકરૂપે સામૂહિક રીતે આ સંસ્થાના કર્મનો અલાયદો ટાપુ આપ સૌને ધરું છું. દરેક માણસ પોતાના કર્મરૂપે કશુંક સિદ્ધ કરતો હોય છે. અમે અહીં જે નોખોનિરાળો કર્મનો ટાપુ રચ્યો એ આપ સૌને હૃદયના ઉલ્લાસ સાથે અર્પણ કરું છું.

## વ્યતીતવૈભવ : દશ્યપર્વ




મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સંસ્થાની મુલાકાતે




શ્રી કે. કા. શાસ્ત્રી શૈક્ષણિક સંકુલનું ઉદ્‌ઘાટન કરતા માનનીય મુખ્યમંત્રીશ્રી, શિક્ષણમંત્રીશ્રી અને મહેસુલમંત્રીશ્રી


૨૧ મી સદી જ્ઞાનની સદી છે.
માનવ જાત જ્યારે જ્યારે
જ્ઞાનયુગમાં પ્રવેશી છે ત્યારે
ભારતે જ તેનું નેતૃત્વ કર્યું આવ્યું છે.
આગામી જ્ઞાનની સદીનું નેતૃત્વ પણ
ભારતે કરવું રહ્યું.
તે માટે આપણા આ વિદ્યાધામો
સંસ્કાર તીર્થ બને...
આચાર અને વિચાર
આહાર અને વિહાર
સહજ પ્રાપ્ત બને.
પૂ. કે. કા. શાસ્ત્રીજી નું નામ સાંકળે
જ્ઞાન સાધક કર્મયોગી ની સ્મૃતિ.
આવો આ પવિત્ર અવસરે
ભાવિકના જ્ઞાનગંગાનું આચમન
કરાવે.
નરેન્દ્ર મોદી
૧૫.૬.૦૮

માનનીય મુખ્યમંત્રીશ્રીનો શુભ સંદેશ




સંકુલનું પ્રવેશદ્વાર



મહાનુભાવોની સાથે સંકુલના આચાર્યશ્રીઓ



પદ્મશ્રી કે. કા. શાસ્ત્રી સમૃતિકક્ષના લોકાર્પણપ્રસંગે કૉલેજમાં પધારેલા માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી



ગુજરાત રાજ્યના ઉદ્યોગમંત્રી શ્રી નીતિન પટેલનું સ્વાગત કરતાં આચાર્યાશ્રી ડૉ. ગીતા પંડયા



અમદાવાદના મેયર શ્રી અસિત વોરાનું સ્વાગત કરતાં આચાર્યાશ્રી ડૉ. ગીતા પંડયા



ગુજરાતનાં મહેસૂલમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલનું સ્વાગત કરતાં આચાર્યાશ્રી ડૉ. ગીતા પંડયા



શિક્ષણ વિભાગના અગ્રસચિવ શ્રી હસમુખ અઢિયાનું સ્વાગત કરતાં આચાર્યાશ્રી ડૉ. ગીતા પંડયા



પદ્મશ્રી કે. કા. શાસ્ત્રી સમૃતિકક્ષનું લોકાર્પણ કરી રહેલા માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી



ગુજરાતના શિક્ષણ સચિવ શ્રી તિવારીસાહેબ અને ઉચ્ચ શિક્ષણ કમિશનર શ્રીમતી જયંતી રવિ સાથે
પ્રિ. ડૉ. ગીતા પંડયા



રાજ્યકક્ષાનાં શિક્ષણમંત્રીશ્રી વસુબેન ત્રિવેદીને આવકારતાં પ્રિ. ડૉ. ગીતા પંડયા



શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાને આવકારતાં પ્રિ. ડૉ. ગીતા પંડયા



ખાતમુહૂર્તવિધિ કરતા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી



મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી, શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, મહેસૂલમંત્રીશ્રી આનંદીબેન પટેલ, રાજ્યકક્ષાનાં શિક્ષણમંત્રીશ્રી વસુબેન ત્રિવેદી, અમદાવાદનાં મેયરશ્રી મીનાક્ષીબેન પટેલ





એન.સી.સી.ના વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરતા માનનીય મુખ્યમંત્રીશ્રી





**તમામ સરકારી કૉલેજમાંથી સૌથી વધારે ગુણાંક પ્રાપ્ત કરવા બદલ માન. શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી ડૉ. જયંતી રવિ, ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી એમ. એન. પટેલ દ્વારા આચાર્યાશ્રીનું સન્માન**






પ્રથમ વાર્ષિકોત્સવમાં મુખ્ય મહેમાન તરીકે પધારેલા શ્રી ડૉ. જિતેન્દ્ર શાહ,
નિયામકશ્રી, એલ. ડી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડોલોજી




દ્વિતીય વાર્ષિકોત્સવમાં મુખ્ય મહેમાન તરીકે પધારેલા શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ શ્રી પંકજ જાની સંસ્થાના મુખપત્ર 'કેકા'નું વિમોચન કરી રહ્યા છે.




તૃતીય વાર્ષિકોત્સવમાં 'કેકા'ના દ્વિતીય અંકનું વિમોચન કરી રહેલા સંસ્કૃતના પ્રખર વિદ્વાન શ્રી ડૉ. ગૌતમ પટેલ, એન.સી.સી. કેપ્ટન કવિતા રામદેવપુત્રા, કૉમર્સ કૉલેજના આચાર્ય ડૉ. મહેન્દ્ર ભટ્ટ, આચાર્યા ડૉ. ગીતા પંડયા



કૉલેજનો ચતુર્થ વાર્ષિકોત્વ : મુખપત્ર 'કેકા'નું વિમોચન કરતા વિખ્યાત કવિ શ્રી રાજેન્દ્ર શુક્લ




પાંચમો વાર્ષિકોત્સવ : સંસ્કૃતના પ્રખર વિદ્વાન, રાષ્ટ્રપતિ ઍવોર્ડ વિજેતા શ્રી ડૉ. વિજય પંડ્યા




છઠ્ઠા વાર્ષિકોત્સવ પ્રસંગે પધારેલા સુપ્રસિદ્ધ કવિ શ્રી ચિનુ મોદી, કૉલેજના સામયિક ‘કેકા’નો વિમોચનવિધિ



સાતમા વાર્ષિકોત્સવ પ્રસંગે પધારેલા સંસ્કૃત ભાષાના સુપ્રસિદ્ધ સાક્ષર શ્રી વાસુદેવ ત્રિપાઠી



**આઠમો વાર્ષકોત્સવ : મુખ્ય મહેમાન સુપ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી ડૉ. સતીશ વ્યાસ**



નવમો વાર્ષિકોત્સવ : મુખ્ય મહેમાન શ્રી રઘુવીર ચૌધરી, જ્ઞાનપીઠ પુરસ્કારવિજેતા સાહિત્યકાર




દસમો વાર્ષિકોત્સવ : મુખ્ય મહેમાન શ્રી માધવ રામાનુજ, સુપ્રસિદ્ધ કવિશ્રી




સ્વામી વિવેકાનંદજી પર નૅશનલ સૅમિનારનું આયોજન : મુખ્ય મહેમાન ગુજરાત યુનિ. કુલપતિ શ્રી ડૉ. એમ. એન. પટેલ, મુંબઈ યુનિ. ગુજરાતી વિભાગના અધ્યક્ષ શ્રી ડૉ. અભય દોશી



નૅશનલ સૅમિનારની યાદગાર ક્ષણો : કુલપતિ શ્રી એમ. એન. પટેલ, મુંબઈ યુનિ.માંથી પધારેલા ડૉ. અભય દોશી

## શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૨૦૧૭ : ગૌરવપ્રદ ક્ષણોનું દૃશ્યસૌંદર્ય



'ચાલો વાર્તા માણીએ-જાણીએ' : વાર્તા વિશેનો અભૂતપૂર્વ કાર્યક્રમ
શ્રી ભાગ્યેશ જહા, શ્રી સુમન શાહ, શ્રી મણિલાલ હ. પટેલ, શ્રી મોહન પરમાર, શ્રી દલપત ચૌહાણની સંગે





રાષ્ટ્રીય પરિસંવાદ : શ્રી કે. કા. શાસ્ત્રીનું વિદ્વત્કર્મ : વિવિધા અને વિમર્શ
મંચ ઉપર ઉપસ્થિત શ્રી ભાગ્યેશ જહા, શ્રી ડૉ. પંકજ એલ. જાની, શ્રી ડૉ. પ્રવીણ દરજી,
શ્રી ડૉ. મિથિલેશ ચતુર્વેદી, શ્રી બાબુભાઈ શાહ, પ્રિ. ડૉ. ગીતા પંડ્યા, પ્રો. ડૉ. કિન્નરી પંચોલી



મહેમાનશ્રીઓ દ્વારા દીપપ્રાગટ્ય




પ્રિ. ડૉ. ગીતા પંડ્યા : સ્વાગત-પ્રવચન



શ્રી ભાગ્યેશ જહાનું સમ્માન : પ્રિ. ડૉ. ગીતા પંડ્યા દ્વારા



શ્રી ડૉ. પંકજ એલ. જાનીનું સમ્માન : પ્રિ. ડૉ. ગીતા પંડ્યા દ્વારા



શ્રી ડૉ. પંકજ એલ. જાનીનું સમ્માન : પ્રો. ડૉ. કિન્નરી પંચોલી દ્વારા

# ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત ગ્રાન્ડ એજ્યુકેશન ફેરમાં કૉલેજની ઉત્કૃષ્ટ કામગીરી




શિક્ષણ સચિવ શ્રીમતી અંજુ શર્મા દ્વારા આચાર્યાશ્રીનું અભિવાદન



# આંતરરાષ્ટ્રીય કાર્યશિબિરનું અભૂતપૂર્વ આયોજન







કાર્યશિબિર
ડૉ. ઊર્મિ દેસાઈ




ગવર્નમેન્ટ આર્ટ્સ કોલેજ, અમદાવાદ
ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર
દ્વારા સંયુક્ત રીતે આયોજિત એકદિવસીય આંતરરાષ્ટ્રીય કાર્યશિબિર
ગુજરાતી
શુદ્ધિ અને ભાષાકૌશલ્ય
માર્ચ, ૨૦૧




ગવર્નમેન્ટ
ગુજરાત સ
દ્વારા સંયુક્ત રીતે આયો
ગુજરાતી લેખ


ગવર્નમેન્ટ
ગુજરાત સાહિ
દ્વારા સંયુક્ત રીતે આયોજિ
તી લેખનશ





## કલેક્ટરશ્રી, અમદાવાદ દ્વારા ગર્વનમેન્ટ આર્ટ્સ કૉલેજનું વિશિષ્ટ સમ્માન

**અમદાવાદના કલેક્ટરશ્રી સુશ્રી અવંતિકા સિંઘના હસ્તે રોજગારી પૂરી પાડવાના સન્નિષ્ઠ પ્રયાસ બદલ કૉલેજનાં આચાર્યાશ્રી ડૉ. ગીતા પંડ્યાને વિશિષ્ટ સમ્માનપત્ર અર્પવામાં આવ્યું.**











મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, અમદાવાદ

(I.S.O. 9001-2008 CERTIFIED ORGANISATION)

પોર્ટલ: www.employment.gujarat.gov.in ઈ-મેઈલ: adeemp123@gmail.com

તા. ૧૦.૦૪.૨૦૧૭

**પ્રશંસાપત્ર**

ગવર્નમેન્ટ આર્ટસ કોલેજ, ખોખરા, અમદાવાદના આચાર્યા શ્રીમતી ગીતાબેન પંડયા દ્વારા મદદનીશ નિયામક રોજગાર કચેરી, અમદાવાદ થકી આયોજીત રોજગાર ભરતીમેળા તેમજ સ્વરોજગાર શિબિર માટે કેમ્પસ, સ્ટાફ તથા આનુસંગિક સેવાઓ ગુજરાત સરકારના રોજગાર, સ્વ-રોજગાર અપાવવાના કાર્યમાં સક્રિય ભૂમિકા ભજવેલ છે. છેલ્લા બે વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ દરમ્યાન ૧૮ થી વધુ ભરતીમેળાઓ તેમજ રોજગારી આપવાના કાર્યમાં, પ્રેરણાત્મક સ્વ-રોજગાર શિબિરોના આયોજનમાં રોજગાર વાંચ્છુઓને પ્રોત્સાહન તેમજ પીઠબળ પુરું પાડેલ છે. તેઓ એક સારા કર્તવ્યનિષ્ઠ તથા ઉત્સાહી આચાર્યા છે, તેઓને અમો શુભેચ્છા પાઠવીએ છીએ અને સરકારના કાર્યને વેગવંતુ બનાવવા બદલ બિરદાવીએ છીએ.

(વિજયવર્ગીય એસ. આર.)
રોજગાર અધિકારીશ્રી અને
મદદનીશ નિયામક (રોજગાર)
અમદાવાદ.

પ્રતિ,
શ્રીમતી ગીતાબેન પંડયા
આચાર્યાશ્રી,
ગવર્નમેન્ટ આર્ટસ કોલેજ
ખોખરા અમદાવાદ.

## વાર્ષિકોત્સવ ૧૦ની ઉજવણી














## રોજગાર મેળાનું સાતત્યપૂર્ણ આયોજન













## રોજગાર મેળાનું સાતત્યપૂર્ણ આયોજન















## યુનિવર્સિટી પ્રવેશ-પ્રક્રિયા અંગેનો કાર્યક્રમ






## સામાજિક નિસબતથી જરૂરમંદ લોકોને સહાય





## એફ.વાય.બી.એ.ના વિદ્યાર્થીઓ માટે પ્રવેશોત્સવ





## સ્વાતંત્ર્યદિનની ઉજવણી : સાંસદશ્રી ડૉ. કિરીટ સોલંકી





## એચવાઈવીગ્રસ્ત લોકોને રક્ષાબંધન






## વાલીમંડળની સામાન્ય સભા



## સરકારીશ્રીની યોજના અંતર્ગત ટેબલેટ-વિતરણ



## શિક્ષકદિનની ઉજવણી





## પદ્મશ્રી કે. કા. શાસ્ત્રીની પુણ્યતિથિની ઉજવણી





## ગાંધી આશ્રમ અને એલ. ડી. ઈન્સ્ટિટ્યૂટ ઑવ્ ઈન્ડોલોજીનો શૈક્ષણિક પ્રવાસ





## ગાંધી આશ્રમ અને એલ. ડી. ઈન્સ્ટિટ્યૂટ ઑવ્ ઈન્ડોલોજીનો શૈક્ષણિક પ્રવાસ





## બાલારામ અને તારંગાનો શૈક્ષણિક પ્રવાસ









## ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના મંડળની સામાન્ય સભા





## પ્રજાસત્તાકદિનની ઉજવણી : ડૉ. સંજય કચોટના હસ્તે (હેડ, ન્યૂઝ ૧૮)





## મહેમાનશ્રી દ્વારા વૃક્ષારોપણ



## કૉલેજ દ્વારા પ્રકાશિત પુસ્તકનું વિમોચન



## સપ્તધારા અને સાંસ્કૃતિક કાર્યક્રમો















## ગુજરાત યુનિવર્સિટી યૂથ ફેસ્ટિવલ















## ટૅલેન્ટ ડૅની પ્રસ્તુતિ















## ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત ગ્રાન્ડ એજ્યુકેશન ફેરમાં સહભાગિતા














## સ્પૉર્ટ્સ ડેની ઉજવણી









## સ્પૉર્ટ્સની વિવિધલક્ષી અને વ્યાપક પ્રવૃત્તિઓ





## સ્પૉર્ટ્સની વિવિધલક્ષી અને વ્યાપક પ્રવૃત્તિઓ













# સ્પૉર્ટ્સની વિવિધલક્ષી અને વ્યાપક પ્રવૃત્તિઓ













ઇન્ટર કોલેજ બોક્સિંગ ટુર્નામેન્ટમાં ગવર્મેન્ટ આર્ટસ કોલેજ વિજેતા

ખોખરા સ્પોર્ટસ કોમ્પલેક્સ ખાતે યોજવામાં આવેલી ઈન્ટર કોલેજ બોક્સિંગ ટુર્નામેન્ટમાં ખોખરા ગવર્મેન્ટ આર્ટસ કોલેજની હર્ષા રાજભર વિજેતા બની છે. હર્ષાએ 45 થી 48 કિલોગ્રામની કેટેગરીમાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.

## સી.ડબલ્યુ.ડી.સી. અંતર્ગત એક્યુપ્રેશર વર્કશૉપ






## મહિલા-સુરક્ષા અંતર્ગત જૂડોની તાલીમ





## સ્ટાર્ટ અપ અંગેનો કાર્યક્રમ






## ગ્રીન કેમ્પસ પ્રોગ્રામ







## આઈ.એ.એસ. માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન







## ડૉ. કિન્નરી પંચોલીનું આંતરરાષ્ટ્રીય સેમિનારમાં શોધપત્ર-વાચન





## પ્રિ. ડૉ. ગીતા પંડયાની સિદ્ધિઓ અને સુવર્ણ ક્ષણો





ડૉ.બાબાસાહેબ આંબેડકર ઑપન યુનિ. વાઈસ ચાન્સેલરશ્રીનું સમ્માન    ભૂતાન ખાતે પેપર રીડિંગ






આંતરરાષ્ટ્રીય સેમિનારમાં પેપર રીડિંગ અને સમ્માન





**પ્રો. નિસર્ગ આહીર :** સાહિત્ય પંચામૃત કાર્યક્રમમાં વ્યાખ્યાન     શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણી પર વ્યાખ્યાન







વિરમગામ કૉલેજ અને સૅન્ટ ઝૅવિયર્સ કૉલેજમાં વ્યાખ્યાન






કુલપતિશ્રી, ભાવનગર યુનિ. સાથે, શામળદાસ કૉલેજમાં ...     પુસ્તકવિમોચન





## પ્રો. નિસર્ગ આહીર દક્ષિણ ગુજ. યુનિ.માં...




## ડૉ. નેહલ પંડ્યાને ગુજરાત સાહિત્ય અકાદમીનો પુરસ્કાર



## વીતેલી ક્ષણોનો વૈભવ અને સાંપ્રતમાં સજીવન થતાં સંભારણાં

ડૉ. ગીતા પંડયા
આચાર્યા

દસ વર્ષ પૂરાં થઈ ગયાં જોતજોતામાં. એક નાના છોડનો ઉછેરતાં ઉછેરતાં જે પ્રેમ અને જતનથી મોટો થતાં જોતાં હોઈએ એવું થાય છે. છોડ વિકસે, નવપલ્લવિત થાય, ફૂલ ફૂટે કે વિશાળકાય વૃક્ષ બને એનો સતત આનંદ હોય છે. એની એકેએક ક્ષણ આપણા ચિત્તની સમૃદ્ધિ બનતી હોય છે. ગવર્નમેન્ટ આર્ટ્સ કૉલેજના અગિયારમા વર્ષમાં પ્રવેશ કરીને જે રીતે વિકસી, વિલસી, વટવૃક્ષ સમ બની એનો ખૂબ આનંદ છે. કોઈ પણ વિદ્યાસંસ્થા સમાજની સામૂહિક મૂડી છે. સરકારશ્રી અને સમાજ એને સાથેસાથે સમૃદ્ધ કરે, કેમ કે, કૉલેજ તો સાંસ્કૃતિક ઘટનાનું એક પૃષ્ઠ હોય છે. ગુજરાતના વંદનીય સાક્ષર શ્રી કે. કા. શાસ્ત્રીના વિદ્વત્કર્મને કાયમી ભવ્ય અંજલિ આપવા માટે માનનીય શ્રી નરેન્દ્ર મોદીસાહેબે પોતાના સંકલ્પના બળે આ ભવ્ય શૈક્ષણિક સંસ્થાની સ્થાપના કરી છે. ગુજરાતની બે મહાવિભૂતિ સાથે જોડાયેલી આ સંસ્થાને સતત બળ અને પ્રોત્સાહન મળતું રહ્યું છે. સંસ્થાના સકારાત્મક અને ઉચ્ચ આયાસને કારણે દસ વર્ષમાં જે કંઈ ઉત્તમ કર્મ કરી શકાયું છે એનો ખૂબ આનંદ છે, ગૌરવ પણ છે.

વર્ષ ૨૦૦૭માં સ્થપાયેલ ગવર્નમેન્ટ આર્ટ્સ કૉલેજ વર્ષ ૨૦૧૮માં દસ વર્ષ પૂર્ણ કરે છે ત્યારે જાણે સિદ્ધિનાં દસ અદ્ભુતરસિક સોપાન સર કરે છે. દસ વર્ષના અંતે, અગિયારમા વર્ષના માર્ગ પર વ્યતીતની વાટે દૃષ્ટિ કરતાં જણાય છે કે આ સંસ્થાના ચંદરવામાં અનેક રંગો પૂરાયા છે અને સમગ્ર માહોલ રંગરાગથી યુક્ત છે, શિક્ષણ અને શિક્ષણેતર આયામોના અર્થમાં. આ સંસ્થાએ દસ વર્ષના ગાળામાં અનેક મહાનુભાવોના સંગ અને સહયોગમાં સુવર્ણમય ક્ષણોનો સુંદરતમ હાર ગૂંથ્યો છે. આ પ્રસંગે એવા મહાનુભાવોની સ્મૃતિઓને સાદર, સાનંદ વાગોળવાનો કે સંભારવાનો અમારે મન સ્મૃતિમહોત્સવ છે.

ગત વર્ષમાં પધારેલા મહાનુભાવો, સર્વની મુલાકાત ઈત્યાદિની સુંદરમધુર સ્મૃતિઓ હૈય છે. અહીં એક યાદી પ્રસ્તુત છે :

**માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની મુલાકાત :**

૧. ભૂમિપૂજનનો પ્રસંગ : તા. ૨૯.૬.૨૦૦૬

૨. કેરિયર ડેવલપમેન્ટ, ટેમ્પલ મૅનેજમેન્ટ અને ફોરેઈન લૅંગ્વજિઝના ઉદ્‌ઘાટન-પ્રસંગ : તા. ૭.૯.૨૦૦૭

૩. ભવ્ય શૈક્ષણિક ભવનના લોકાર્પણવિધિ-પ્રસંગ : તા. ૧૪.૬.૨૦૦૮

૪. પદ્મશ્રી કે. કા. શાસ્ત્રી સ્મૃતિકક્ષનો લોકાર્પણવિધિ-પ્રસંગ : ૫.૬.૨૦૧૧

૫. એમ.સી.એ. ભવનનિર્માણનો ખાતમુહૂર્ત-પ્રસંગ : ૧૫.૮.૨૦૧૩

**માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની મુલાકાત :**

૧. એમ.સી.એ.ના નવ્ય ભવનની ઉદ્‌ઘાટનવિધિ : ૮.૧૧.૨૦૧૪

**માનનીય મંત્રીશ્રીઓની મુલાકાત :**

૧. મંત્રીશ્રી આનંદીબેન પટેલ

૨. મંત્રીશ્રી રમણલાલ વોરા

૩. મંત્રીશ્રી માયાબેન કોડનાની

૪. મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ

૫. મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

૬. મંત્રીશ્રી વસુબેન ત્રિવેદી

**સાંસદશ્રી, ધારાસભ્યશ્રીની મુલાકાત :**

૧. સાંસદશ્રી હરિન પાઠક

૨. સાંસદશ્રી ડૉ. કિરીટ સોલંકી

૩. ધારાસભ્યશ્રી વલ્લભભાઈ કાકડિયા

૪. ધારાસભ્યશ્રી હસમુખભાઈ પટેલ

૫. ધારાસભ્યશ્રી સુરેશભાઈ પટેલ

૬. પૂર્વધારાસભ્યશ્રી કમલેશભાઈ પટેલ

**મેયરશ્રી, ડેપ્યૂટી મેયરશ્રીની મુલાકાત :**

૧. મેયરશ્રી અસિત વોરા

૨. મેયરશ્રી મીનાક્ષીબેન પટેલ

૩. ડેપ્યુટી મેયરશ્રી દર્શનાબેન વાઘેલા

૪. ડેપ્યુટી મેયરશ્રી જિતેન્દ્ર દેસાઈ

**શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓની મુલાકાત :**

૧. શિક્ષણ સચિવશ્રી પી. પનિરવેલ

૨. શિક્ષણ સચિવશ્રી હસમુખ અઢિયા

૩. શિક્ષણ સચિવશ્રી આનંદમોહન તિવારી

૪. શિક્ષણ સચિવશ્રી મુકેશ પૂરી

૫. ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી રાજીવ ગુપ્તા

૬. ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી જયંતી રવિ

**વિવિધ યુનિવર્સિટીના કુલપતિશ્રીઓની મુલાકાત :**

૧. શ્રી ડૉ. પરિમલ ત્રિવેદી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

૨. શ્રી ડૉ. અવધેશકુમાર સિંહ, ડૉ. આંબેડકર ઑપન યુનિવર્સિટી, અમદાવાદ

૩. શ્રી પંકજ જાની, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ

૪. શ્રી મનોજ સોની, ડૉ. આંબેડકર ઑપન યુનિવર્સિટી, અમદાવાદ

૫. શ્રી કમલેશ જોષીપુરા, આઈ.આઈ.ટી.ઈ. યુનિવર્સિટી, ગાંધીનગર

૬. શ્રી એમ. એન. પટેલ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

૭. શ્રી પંકજ એલ. જાની, ડૉ. આંબેડકર ઑપન યુનિવર્સિટી, અમદાવાદ

**વાર્ષિકોત્સવ પ્રસંગે પધારેલા મહાનુભાવો :**

૧. શ્રી જિતેન્દ્ર શાહ, નિયામક, એલ. ડી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડોલોજી, વર્ષ ૨૦૦૭-૨૦૦૮

૨. શ્રી પંકજ જાની, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ, વર્ષ ૨૦૦૯-૨૦૧૦

૩. શ્રી ગૌતમ પટેલ, આંતર્રાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત, રાષ્ટ્રપતિશ્રી દ્વારા પુરસ્કૃત વિદ્વાન, વર્ષ ૨૦૧૦-૨૦૧૧

૪. શ્રી રાજેન્દ્ર શુક્લ, સુપ્રસિદ્ધ કવિ, વર્ષ ૨૦૧૧-૨૦૧૨

૫. શ્રી વિજય પંડ્યા, રાષ્ટ્રપતિશ્રી દ્વારા પુરસ્કૃત સંસ્કૃત ભાષાના વિદ્વાન, વર્ષ ૨૦૧૧-૨૦૧૨

૬. શ્રી ચિનુ મોદી, સુપ્રસિદ્ધ કવિ, વર્ષ ૨૦૧૨-૨૦૧૩

૭. શ્રી વાસુદેવ પાઠક, સુપ્રસિદ્ધ સંસ્કૃત સર્જક, વર્ષ ૨૦૧૩-૨૦૧૪

૮. શ્રી સતીશ વ્યાસ, સુપ્રસિદ્ધ નાટ્યકાર અને વક્તા, વર્ષ ૨૦૧૪-૨૦૧૫

૯. શ્રી રઘુવીર ચૌધરી, જ્ઞાનપીઠ પુરસ્કારથી સમ્માનિત પ્રસિદ્ધ સાહિત્યકાર, વર્ષ ૨૦૧૫-૨૦૧૬

૧૦. શ્રી માધવ રામાનુજ, નરસિંહ મહેતા સમ્માનથી વિભૂષિત અગ્રગણ્ય કવિશ્રી, વર્ષ ૨૦૧૬-૨૦૧૭

**સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે પધારેલા મહાનુભાવો :**

૨૦૦૭ : યુનિવર્સિટીમાં પ્રથમ આવેલ વિદ્યાર્થીઓ દ્વારા

૨૦૦૮ : અમદાવાદના મેયર શ્રી અસિત વોરા

૨૦૦૯ : અમદાવાદના સાંસદ શ્રી ડૉ. કિરીટ સોલંકી

૨૦૧૦ : રખિયાલ વિસ્તારના ધારાસભ્ય શ્રી વલ્લભભાઈ કાકડિયા

૨૦૧૧ : ભૂપેન્દ્રભાઈ પટેલ, અમદાવાદ મ્યુનિ. સ્ટેન્ડિંગ કમિટિના સભ્ય

૨૦૧૨ : કુલપતિ શ્રી કમલેશ જોષીપુરા, આઈ.આઈ.ટી.ઈ. યુનિવર્સિટી,ગાંધીનગર

૨૦૧૩ : શ્રી એમ. આર. ઉપાધ્યાય, ઉચ્ચ શિક્ષણ વિભાગના પૂર્વ નિયામકશ્રી

૨૦૧૪ : શ્રી અસિત વોરા, પૂર્વ મેયરશ્રી, શહેરી અગ્રણીશ્રી

૨૦૧૫ : શ્રી આર. યુ. પુરોહિત, સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી

૨૦૧૬ : ખ્યાતિપ્રાપ્ત ભૂતપૂર્વ વિદ્યાર્થીશ્રીઓ

૨૦૧૭ : ડૉ. કિરીટ સોલંકી, સાંસદશ્રી

**પ્રજાસત્તાકદિનની ઉજવણી નિમિત્તે પધારેલા મહાનુભાવો :**

૨૦૦૮ : યુનિવર્સિટીમાં પ્રથમ આવેલ વિદ્યાર્થીઓ દ્વારા

૨૦૦૯ : કુલપતિ શ્રી પરિમલ ત્રિવેદી, યુનિવર્સિટી,અમદાવાદ

૨૦૧૦ : કુલપતિ શ્રી મનોજ સોની, ડૉ. આંબેડકર ઑપન યુનિવર્સિટી, અમદાવાદ

૨૦૧૧ : શ્રી કમલેશ પટેલ, પૂર્વધારાસભ્યશ્રી, મણિનગર

૨૦૧૨ : ડેપ્યુટી મેયર શ્રીમતી દર્શનાબેન વાઘેલા, અમદાવાદ મ્યુનિ.

૨૦૧૩ : અમરાઈવાડી વિસ્તારના ધારાસભ્ય શ્રી હસમુખભાઈપટેલ

૨૦૧૪ : ડેપ્યુટી મેયર શ્રી જિતેન્દ્ર દેસાઈ, અમદાવાદ મ્યુનિ.

૨૦૧૫ : ધારાસભ્યશ્રી સુરેશ પટેલ, મણિનગર વિસ્તાર

૨૦૧૬ : પૂર્વ ન્યાયમૂર્તિશ્રી એમ. એસ. પરીખ.

૨૦૧૭ : શ્રી જિતેન્દ્ર શાહ, નિયામક, એલ. ડી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડોલોજી, અમદાવાદ

૨૦૧૮ : ડૉ. સંજય કચોટ, સ્ટેટ હૅડ, ન્યૂઝ ૧૮

આ સંસ્થાને શૈક્ષણિકક્ષેત્રે ગૌરવ અપાવવામાં પ્રાધ્યાપકશ્રીઓએ પણ પ્રસંશાપાત્ર કામગીરી કરી છે. સરકારશ્રીના નિયમાનુસાર કાયમી અને હંગામી કે મુલાકાતી અધ્યાપકો તરીકે જોડાયેલા તમામે નમૂનારૂપ કામગીરી કરી છે. વર્ષ અને વિષય પ્રમાણે કામગરી કરનારા પ્રાધ્યાપકોની યાદી નીચે પ્રમાણે છે :

**ગુજરાતી વિભાગ :**

૨૦૦૭-૨૦૦૮ : ડૉ. આરતી ત્રિવેદી, પ્રો. નિસર્ગ આહીર

૨૦૦૮-૨૦૦૯ : પ્રો. નિસર્ગ આહીર, પ્રો. આરતી પટેલ

૨૦૦૯-૨૦૧૦ : પ્રો. નિસર્ગ આહીર, ડૉ. જિતેન્દ્ર ખરાડી

૨૦૧૦-૨૦૧૧ : પ્રો. નિસર્ગ આહીર, ડૉ. વર્ષા પ્રજાપતિ, પ્રો. સંજય ચોટલિયા

૨૦૧૧-૨૦૧૨ : પ્રો. નિસર્ગ આહીર, ડૉ. પન્ના ત્રિવેદી

૨૦૧૨-૨૦૧૩ : પ્રો. નિસર્ગ આહીર, ડૉ. પ્રવીણ રથવી

૨૦૧૩-૨૦૧૪ : પ્રો. નિસર્ગ આહીર, ડૉ. પ્રવીણ રથવી

૨૦૧૪-૨૦૧૫ : પ્રો. નિસર્ગ આહીર, ડૉ. પ્રવીણ રથવી

૨૦૧૫-૨૦૧૬ : પ્રો. નિસર્ગ આહીર, ડૉ. પ્રવીણ રથવી, ડૉ. આરતી સોની

૨૦૧૬-૨૦૧૭ : પ્રો. નિસર્ગ આહીર, ડૉ. પ્રવીણ રથવી, ડૉ. આરતી સોની

૨૦૧૭-૨૦૧૮ : પ્રો. નિસર્ગ આહીર, ડૉ. પ્રવીણ રથવી, ડૉ. આરતી સોની

**સંસ્કૃત વિભાગ :**

૨૦૦૭-૨૦૦૮ : પ્રો. જેસિંગ વાંઝા, ડૉ. મહેશ પટેલ

૨૦૦૮-૨૦૦૯ : ડૉ. મહેશ પટેલ, ડૉ. મયૂર વ્યાસ, પ્રો. ભારતી પટેલ

૨૦૦૯-૨૦૧૦ : ડૉ. મહેશ પટેલ, પ્રો. અનિલ પટેલ, પ્રો. કમલેશ પટેલ

૨૦૧૦-૨૦૧૧ : ડૉ. મહેશ પટેલ, ડૉ. સાગર પંડયા, ડૉ. અખિલેશ દ્વિવેદી, ડૉ. હીના ઠક્કર

૨૦૧૧-૨૦૧૨ : ડૉ. મહેશ પટેલ, ડૉ. વિષ્ણુ રાવલ

૨૦૧૨-૨૦૧૩ : ડૉ. મહેશ પટેલ, ડૉ. કિન્નરી પંચોલી, ડૉ. હેમલ રોહિત

૨૦૧૩-૨૦૧૪ : ડૉ. મહેશ પટેલ, ડૉ. કિન્નરી પંચોલી

૨૦૧૪-૨૦૧૫ : ડૉ. મહેશ પટેલ, ડૉ. કિન્નરી પંચોલી, ડૉ. નેહલ પંડયા

૨૦૧૫-૨૦૧૬ : ડૉ. મહેશ પટેલ, ડૉ. કિન્નરી પંચોલી, ડૉ. નેહલ પંડયા

૨૦૧૬-૨૦૧૭ : ડૉ. કિન્નરી પંચોલી, ડૉ. નેહલ પંડયા, પ્રો. શૈલેષકુમાર રાઉલજી

૨૦૧૭-૨૦૧૮ : ડૉ. કિન્નરી પંચોલી, ડૉ. નેહલ પંડયા, પ્રો. શૈલેષકુમાર રાઉલજી

**અંગ્રેજી વિભાગ :**

૨૦૦૭-૨૦૦૮ : પ્રો. મુકેશ વ્યાસ

૨૦૦૮-૨૦૦૯ : પ્રો. મુકેશ વ્યાસ, પ્રો. સ્મિત હરિયાણી

૨૦૦૯-૨૦૧૦ : પ્રો. અમિતા મુન્દ્રા, પ્રો. રજની મેવાડા, પ્રો. પલક પટેલ

૨૦૧૦-૨૦૧૧ : ડૉ. પ્રેમકુમાર સિંગ, પ્રો. ભાવના પાંડે, પ્રો. ઈશાન ભાવસાર, પ્રો. ખુશ્બૂ રાઠોડ

૨૦૧૧-૨૦૧૨ : પ્રો. મુબિના કુરેશી, પ્રો. આસ્મા મન્સૂરી, પ્રો. હિરલ પનારા

૨૦૧૨-૨૦૧૩ : પ્રો. જય મહેતા, પ્રો. પૂર્વી પંડયા

૨૦૧૩-૨૦૧૪ : પ્રો. અનસુયા મહેતા, પ્રો. ખુશ્બૂ ઝાલા, પ્રો. મુકેશ પરમાર

૨૦૧૪-૨૦૧૫ : પ્રો. અનસુયા મહેતા, પ્રો. મુકેશ પરમાર

૨૦૧૫-૨૦૧૬ : પ્રો. અનસુયા મહેતા, પ્રો. વિનિતા સંદુ, પ્રો. અંજલિ સોલંકી, પ્રો. મોનિકા કોલી

૨૦૧૬-૨૦૧૭ : પ્રો. અનસુયા મહેતા, પ્રો. હેતલ રાજપૂત, પ્રો. અંજલિ સોલંકી, પ્રો. મોનિકા કોલી

૨૦૧૭-૨૦૧૮ : પ્રો. અનસુયા મહેતા, પ્રો. હેતલ રાજપૂત, પ્રો. અંજલિ સોલંકી, પ્રો. મોનિકા કોલી

**મનોવિજ્ઞાન વિભાગ :**

૨૦૦૭-૨૦૦૮ : ડૉ. તૃષા દેસાઈ

૨૦૦૮-૨૦૦૯ : ડૉ. તૃષા દેસાઈ, ડૉ. કમલેશ પટેલ

૨૦૦૯-૨૦૧૦ : ડૉ. તૃષા દેસાઈ, પ્રો. કિરણ વાઘેલા

૨૦૧૦-૨૦૧૧ : ડૉ. તૃષા દેસાઈ, ડૉ. મોહમ્મદ હાફીઝ કઠિયારા, પ્રો. પ્રિયંકા ઠક્કર

૨૦૧૧-૨૦૧૨ : ડૉ. તૃષા દેસાઈ, ડૉ. કમલેશ પટેલ, પ્રો. અશ્વિન આમરણિયા, પ્રો. વિભા દવે

૨૦૧૨-૨૦૧૩ : ડૉ. તૃષા દેસાઈ, પ્રો. સતીશ સક્સેના, પ્રો. મિત્તલ વેકરિયા

૨૦૧૩-૨૦૧૪ : ડૉ. તૃષા દેસાઈ, ડૉ. મેઘના પટેલ, ડૉ. શિલ્પા સિદપરા

૨૦૧૪-૨૦૧૫ : ડૉ. તૃષા દેસાઈ, ડૉ. કમલેશ પટેલ, ડૉ. અશોક પટેલ

૨૦૧૫-૨૦૧૬ : ડૉ. તૃષા દેસાઈ, ડૉ. કમલેશ પટેલ, ડૉ. અશોક પટેલ, ડૉ. મિતલ વેકરિયા

૨૦૧૬-૨૦૧૭ : ડૉ. કમલેશ પટેલ, ડૉ. અશોક પટેલ, ડૉ. નીકિતા સોનારા

૨૦૧૭-૨૦૧૮ : ડૉ. કમલેશ પટેલ, ડૉ. નીકિતા સોનારા, પ્રો. દિવ્યા વાળંદ

**અર્થશાસ્ત્ર વિભાગ :**

૨૦૦૭-૨૦૦૮ : ડૉ. ગીતા પંડયા, પ્રો. અરવિંદ મ્યાત્રા

૨૦૦૮-૨૦૦૯ : ડૉ. ગીતા પંડયા, પ્રો. અલ્પેશ પટેલ

૨૦૦૯-૨૦૧૦ : ડૉ. ગીતા પંડયા, પ્રો. જગદીશ પરમાર, પ્રો. શૈલેષ ચાવડા

૨૦૧૦-૨૦૧૧ : ડૉ. ગીતા પંડયા, પ્રો. જગદીશ પરમાર, પ્રો. શૈલેષ ચાવડા

૨૦૧૧-૨૦૧૨ : ડૉ. ગીતા પંડયા, ડૉ. કેતન મહેતા, પ્રો. શૈલેષ ચાવડા

૨૦૧૨-૨૦૧૩ : ડૉ. ગીતા પંડયા, ડૉ. કેતન મહેતા, પ્રો. જિજ્ઞેશ પૂરબિયા

૨૦૧૩-૨૦૧૪ : ડૉ. ગીતા પંડયા, પ્રો. જગદીશ પરમાર, ડૉ. કેતન મહેતા

૨૦૧૪-૨૦૧૫ : ડૉ. ગીતા પંડયા, પ્રો. જગદીશ પરમાર, ડૉ. કેતન મહેતા

૨૦૧૫-૨૦૧૬ : ડૉ. ગીતા પંડયા, પ્રો. જગદીશ પરમાર, ડૉ. કેતન મહેતા

૨૦૧૬-૨૦૧૭ : ડૉ. ગીતા પંડયા, પ્રો. જગદીશ પરમાર, ડૉ. અનિતા પટેલ

૨૦૧૭-૨૦૧૮ : ડૉ. ગીતા પંડયા, પ્રો. જગદીશ પરમાર, ડૉ. અનિતા પટેલ

**પ્રાચ્યવિદ્યા વિભાગ :**

૨૦૦૭-૨૦૦૮ : ડૉ. મનીષા ભટ્ટ

૨૦૦૮-૨૦૦૯ : ડૉ. મનીષા ભટ્ટ

૨૦૦૯-૨૦૧૦ : ડૉ. મનીષા ભટ્ટ, પ્રો. ભૂમિ બ્રહ્મભટ્ટ, પ્રો. સ્વીટી પટેલ

૨૦૧૦-૨૦૧૧ : ડૉ. મનીષા ભટ્ટ, પ્રો. ભૂમિ બ્રહ્મભટ્ટ, પ્રો. સ્વીટી પટેલ

૨૦૧૧-૨૦૧૨ : ડૉ. મનીષા ભટ્ટ, પ્રો. સ્વીટી પટેલ

૨૦૧૨-૨૦૧૩ : ડૉ. મનીષા ભટ્ટ

૨૦૧૩-૨૦૧૪ : ડૉ. મનીષા ભટ્ટ

૨૦૧૪-૨૦૧૫ : પ્રો. આભા ત્રિપાઠી, ડૉ. મનીષા ભટ્ટ

૨૦૧૫-૨૦૧૬ : પ્રો. આભા ત્રિપાઠી, ડૉ. મનીષા ભટ્ટ

૨૦૧૬-૨૦૧૭ : પ્રો. આભા ત્રિપાઠી, ડૉ. મનીષા ભટ્ટ

૨૦૧૭-૨૦૧૮ : પ્રો. આભા ત્રિપાઠી, ડૉ. મનીષા ભટ્ટ

સંસ્થાના આંગણે પધારેલા અનેક મહાનુભાવોને કારણે વિદ્યાર્થીઓને અનેક ક્ષેત્રે લાભ થયો છે. નિયત અભ્યાસક્રમની સાથે સાથે કરવામાં આવતી અનેક પ્રવૃત્તિઓને કારણે અમારી સંસ્થાના વિદ્યાર્થી ઘણી દિશામાં કાર્યરત બની શક્યા છે. આંગણે પધારેલા મહાનુભાવોએ એમનામાં પ્રેરણાનું પ્રત્યક્ષ અથવા પરોક્ષ અમી પાયું છે. અમારી યાત્રાના પરમ સીમાસ્તંભોને સ્મરતાં આનંદાનુભૂતિ થાય છે.

દસ વર્ષનાં આ દસ સુવર્ણ સોપાનના પૂરાયેલ તેજ અને પ્રકાશના સંદર્ભે બધું જ ઝળહળ અને ભવ્યોજ્જ્વલ દેખાય છે. વિદ્યોપાસના કરતાં કરતાં જીવનનાં જે અન્ય અંગો છે એને પણ અનુપમ કરવા માટે વિદ્યાર્થીઓ માટે શિક્ષણેતર પ્રવૃત્તિઓ પણ જરૂરી છે. એટલે, વિદ્યાર્થીઓમાં સેવા, જાગૃતિ, નેતૃત્વ, પરિશ્રમ જેવા અનેક સંસ્કારો પ્રગટે તે માટે અમારી સંસ્થા સતત પ્રવૃત્તિશીલ રહી છે. આ સામયિકના આરંભે આપવામાં આવેલ તસવીરી સૃષ્ટિ અને અંતે આપવામાં આવેલ પ્રવૃત્તિઓની યાદી પરથી કોઈ પણ સુજ્ઞ જનને ખ્યાલ આવશે કે વર્ષ દરમિયાન અનેક પ્રકારની પ્રવૃત્તિઓ સંસ્થા દ્વારા, આચાર્યા દ્વારા, અધ્યાપકો દ્વારા અને વિદ્યાર્થીઓ દ્વારા સતત કરવામાં આવે છે. વિદ્યાર્થીઓનું જીવન સર્વાંગી બને તે માટે ખાસ કાળજી લેવામાં આવે છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૨૦૧૮ દરમિયાન અમારી સંસ્થાના પ્રાધ્યાપકશ્રીઓ જે વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરી તેનસ સાદર, સાનંદ નોંધ લઉં છું અને સર્વને હૃદયપૂર્વકનાં અભિનંદન પાઠવું છું :

- સંસ્કૃત વિભાગનાં પ્રાધ્યાપિકા ડૉ. નેહલ પંડ્યાને અનુવાદ માટેનું ગુજરાત સાહિત્ય પરિષદનું પારિતોષિક પ્રાપ્ત થયું.
- સંસ્કૃત વિભાગનાં અધ્યક્ષા ડૉ. કિન્નરી પંચોલીએ બે આંતરરાષ્ટ્રીય સૅમિનારમાં પૅપર વાંચ્યાં.
- ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રો. નિસર્ગ આહીરની સાહિત્ય અકાદમી, દિલ્હીમાં ગુજરાતમાંથી ઍડ્વાઈઝરી બૉર્ડમાં નિમણૂક કરવામાં આવી.
- પ્રો. નિસર્ગ આહીરને ગુજરાત સરકારશ્રીની ખાસ કલા અને સાંસ્કૃતિક સમિતિમાં નિયુક્ત કરવામાં આવ્યા.
- પ્રો. નિસર્ગ આહીરનાં સાત પુસ્તકો પ્રકાશિત થયાં.
- પ્રો. નિસર્ગ આહીરને બે રાષ્ટ્રીય અને બે રાજ્યસ્તરના સૅમિનારમાં તજ્જ્ઞ તરીકે વ્યાખ્યાન આપવા માટે નિમંત્રિત કરવામાં આવ્યા.

આ રીતે, કૉલેજના આરંભના વર્ષ ૨૦૦૭થી અત્યાર સુધીનો શિક્ષણ અને અન્ય પ્રવૃત્તિઓનો આલેખ દોરતાં જે જે માનવસંધાનના વિવિધ રંગો પૂરાયા છે તેનો એક અનુપમ ચંદરવો રચાય છે. પ્રસિદ્ધ સાક્ષર પદ્મશ્રી કે. કા. શાસ્ત્રીજીની પુણ્ય સ્મૃતિમાંથી આકારિત થયેલ આ શૈક્ષણિક સંસ્થામાં એમનાં કર્મને છાજે તેવી જ ગૌરવવંત વ્યક્તિઓની પરબ મંડાય એ સહજ-સવાભાવિક છે.

## સુરેશ જોષીનું સર્જનવિશ્વ

પૂજા એસ.નાડિવાલ
ટી.વાય.બી.એ.

સુરેશ હરિપ્રસાદ જોષીનો જન્મ ૩૦મી મે ૧૯૨૧ના રોજ વાલોડ, તાલુકો બારડોલી, ખાતે થયો હતો. એમનું અવસાન થયું ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૧૯૮૬ના રોજ. ગુજરાતી ભાષાના અગ્રગણ્ય કવિ, વાર્તાકાર, નવલકથાકાર, નિબંધકાર, વિવેચક, અનુવાદક, સંપાદક સુરેશ જોષીનું શૈશવ સોનગઢમાં વીત્યું હતું. આ વિસ્તારની પ્રકૃતિએ એમના સર્જનને પછીથી ખૂબ પ્રભાવિત કર્યું છે. મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી ૧૯૪૩માં તેઓ બી.એ થયા અને ૧૯૪૫માં થયા. અધ્યાપન-કારકિર્દીનો પ્રારંભ સુરેશ જોષીએ કરાંચીની ડી. જે. સિંઘ કોલેજથી કર્યો. સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી તેઓ તરત જ વલ્લભવિદ્યાનગરની વી. પી. મહાવિદ્યાલયમાં અધ્યાપક તરીકે જોડાયા. ૧૯૫૧માં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરામાં ગુજરાતી વિભાગમાં તેઓ જોડાયા અને એ જ વિભાગમાં છેલ્લે પ્રૉફેસર પદેથી ૧૯૮૧માં તેઓ નિવૃત્ત થયા.

૧૯૫૫ની આસપાસ તેઓએ વાર્તા તથા નવલકથામાં ઘટનાના તિરોધાન જિકર કરી અને પરંપરાગત કથાસાહિત્યની મર્યાદાઓને તારસ્વરે બતાવી આપી. એમના લેખોએ સૌનું ધ્યાન ખેંચ્યું. એ જ રીતે એમની વાર્તાઓ અને નિબંધોની પ્રયોગશીલતાએ પણ ઘણા નવીનોને આકર્ષ્યા. પશ્ચિમમાં આધુનિકતાવાદી પરિબળો અને નૂતન સાહિત્યની વિભાવનાથી આકર્ષાયેલા સુરેશ જોષી વિવેચન અને સર્જનમાં નવોન્મેષનું મોજું લઈ આવ્યા. શરૂઆતમાં ‘ફાલ્ગુની’, ‘વાણી’, ‘મનીષા’ અને ‘ક્ષિતિજ’ જેવાં સામયિકો કાઢીને તેઓએ પોતાની કલાવિચારણાને મિત્રો સાથે મળીને વહેતી મૂકી હતી. ધીમે-ધીમે ગુજરાતી સાહિત્યમાં આધુનિક ચેતનાનું અવતરણ થવા લાગ્યું. અલબત્ત, આ માટેની ભૂમિકા એમના પૂર્વસૂરીઓમાં રચાવી લાગી હતી. એમણે એવી પીઠિકાનો લાભ લઈને પરંપરારૂપે સ્થિર થયેલા સાહિત્ય જળને ડહોળી નાખ્યાં. એમની અને એમના સામેની તીવ્ર પ્રક્રિયાઓથી સાહિત્યજગતમાં નવચેતનાનો ઝડપી સંચાર થયો. સાહિત્યનો ચહેરો-મહોરો બદલાઈ ગયો.

સુરેશ જોષીએ પોતાના વિચારો રજૂ કરવા પોતાનું સામયિક ચલાવ્યું અને એ રીતે એમને સામયિક વિના કદી ચાલ્યું નહિ. કારકિર્દીના ઉત્તર મધ્ય ભાગે તેઓએ ‘ઉહાપોહ’ અને છેલ્લાં વર્ષોમાં ‘એતદ્’ દ્વારા પોતાના સાહિત્યના વિચારો તાર સ્વરે રજૂ કરતા હતા. પહેલાં એમની સંવેદનાને એક તરફ ભારતીય સાહિત્યનો તેમજ કાલિદાસ, ભવભૂતિ,

રવીન્દ્રનાથ વગેરેનો પૂટ મળેલો છે તો બીજી તરફ આધુનિક યુરોપીય સાહિત્યકારોની સંવેદનાથી પણ એમની સાહિત્યચેતના પ્રભાવિત થયેલી છે. એમના નિબંધોમાં અને કવિતામાં આ બંને ધારા સારી રીતે પામી શકાય છે.

સુરેશ જોષીના નિબંધો : સુરેશ જોશીના પ્રથમ સંચય 'જનાન્તિકે' ૧૯૬૫માં પ્રગટ થયો તેમાં તેઓ પૂર્ણતઃ લાલિત્ય પ્રગટાવી શક્યા છે. યંત્રયુગ, શહેરી સંસ્કૃતિની કૃતકતા સામે એમણે વનરાગ શૈશવસ્મૃતિઓને ઉપાસ્યાં છે. જગતસાહિત્યની રસજ્ઞતાને લઈને આવતા એમના નિબંધોમાં કલ્પનશ્રેણીઓ ભાષા સંદર્ભે શકવર્તી બને છે. 'ઈદમ સર્વમ્' ૧૯૭૧માં, 'અહો બત કિમ્ આશ્ચર્યમ્' ૧૯૭૫માં, તથા 'ઈતિ મે મતિ' એ ૧૯૮૪માં પ્રગટ થયા તેવા એમની હયાતી દરમિયાનના આ નિબંધસંગ્રહોમાં સંવેદનપટુ અને ચિંતનધર્મી સર્જકની કલાભિમુખ ભાષાની લાક્ષણિકતાઓ આપણને મળે છે. એ પછી 'રમ્યાણિ વીક્ષ્ય' એ ૧૯૮૭માં, 'પ્રથમ પુરુષ એકવચન' ૧૯૮૭ તથા 'પશ્યન્તી' ૧૯૯૨માં મરણોત્તર પ્રગટ થયેલા નિબંધસંગ્રહો છે. 'ભાવયામિ' શીર્ષકથી ૧૯૮૪માં શિરીષ પંચાલે મૂલ્યાંકનલેખ સાથે કરેલું એમના ૫૬ નિબંધોનું નોંધપાત્ર સંકલન છે. 'વિદ્યા વિનાશને માર્ગે'માં કેળવણી વિષયક નિબંધો છે.

દુર્ઘટનાઓને કાલવી નાખીને જાડી તાર્કિકતાથી દૂર રહીને લખેલી, કપોલકલ્પિત ખપે લગાડતી, સન્નિધીકરણ જેવી ટેક્નિકને પ્રયોજતી, કલ્પનપ્રધાન અને ભાષાપ્રક્રિયા તરફ સભાન એમની ટૂંકીવાર્તાઓ નોંધપાત્ર ગણાય છે. 'ગૃહપ્રવેશ' ૧૯૫૭માં, 'બીજી થોડીક' ૧૯૫૮માં, 'અપિ ચ' ૧૯૬૫માં, 'ન તત્ર સૂર્યોભાતિ' ૧૯૬૭માં અને 'એકદા નૈમિષારણ્યે' ૧૯૮૦માં પ્રગટ થયેલા વાર્તાસંગ્રહો છે, જેની ૬૨ જેટલી વાર્તાઓ ગુજરાતી ભાષામાં આધુનિકતાને પ્રસ્થાપી આપે છે. પાતળા કથાતંતુ વિચારતંતુને લઈને સંવેદનાની તરેહોને માનસિક સ્તરેથી આલેખતી ભાષાનો કલ્પનપ્રતીક-પ્રધાન વિનિયોગ કરતી એમની લઘુનવલો 'છિન્નપત્ર', 'વિદુલા'ક 'કથાચક્ર' અને 'મરણોત્તર'; અને હવે 'કથાચતુષ્ટય'ના સંયુક્તરૂપે, ૧૯૮૪માં પ્રગટ થયેલા ગ્રંથમાં ઉપલબ્ધ છે.

'ઉપજાતિ', 'પ્રત્યંચા' અને 'તથાપિ' કાવ્યસંગ્રહમાંની એમની કવિતામાં અછાંદસનું ઉઘડેલું વિશિષ્ટ રૂપ ખાસ આસ્વાદ્ય છે. પ્રેમ અને પ્રકૃતિના અવિભિન્ન સમાગમમાંથી ભાષાની સભાનતા સાથે થયેલી આ રચનાઓ છે. એમાં યુરોપી કવિતાના સંસ્કારોથી સંપન્ન એવા કાવ્યસંસ્કારો 'એક રોમેન્ટિક કવિનું દુઃસ્વપ્ન' જેવાં કાવ્યોમાં જોઈ શકાય છે. અહીં મૃલાણનું પાત્ર મિથ બનવાની ગુંજાશ ધરાવે છે. એક રીતે જોઈએ તો વાર્તાકાર કવિની આ રચના છે. આ ઉપરાંત 'કવિનું વસિયતનામું', 'ડુમ્મસ સમુદ્રદર્શન' અને 'થાક' એમની મહત્ત્વની રચનાઓ છે.

એમના પહેલા વિવેચનસંગ્રહ 'કિંચિત્' થી જ એક જુદા પ્રકારના વિવેચનનો ઉપક્રમ શરૂ થયો. એમાં સાહિત્યના તથા સાહિત્ય શિક્ષણના પ્રશ્નોને એમણે તાજગીથી વણ્યા છે અને 'ગુજરાતી કવિતાનો આસ્વાદ' થી તો ગુજરાતી કાવ્યભાવનમાં તદ્દન નવી દિશા ખુલી છે. શાસ્ત્રીય બન્યા વગર કૃતિના દલેદલને ખોલતો સંવેદનશીલ ભાવકચેતનાનો

પ્રવેશ અહીં પસંદ કરાયેલી કૃતિઓમાં સર્વોપરી બન્યો છે. કૃતિની સામગ્રી નહિ પણ કૃતિની રૂપરચનાનું સંવેદન અહીં મુખ્ય છે એવો સૂર આ વિવેચનગ્રંથથી પ્રચલિત થયો. 'કાવ્યચર્ચા'માં રૂપનિર્માણના આ પ્રાણપદ મુદ્દાને આગળ વધાર્યો છે. 'કથોપકથન' અને 'શ્રૃણવન્તુ'માંના મોટાભાગનાં લખાણો નવલકથા વિષયક છે. રૂપનિર્મિતિને લક્ષ્યમાં રાખી નવલકથાથી પ્રત્યક્ષ વિવેચના અહીં સાંપડે છે.

'જાનન્તિ મે કિમપિ'માં વિવેચનક્ષેત્રે નવી વિચારસરણીનો પ્રભાવ અંગેના ૬ લેખોનું સંપાદન છે. ઉપરાંત એમણે નવી કવિતાના કુંઠિત સાહસને લક્ષમાં રાખી નવી કવિતાઓના ચયન સાથે 'નવોન્મેષ'નું સંપાદન કરેલું છે. 'નરસિંહની જ્ઞાનગીતા', 'ગુજરાતી સર્જનાત્મક ગદ્ય : એક સંકલન', 'વસ્તાનાં પદો' એમનાં અન્ય સંપાદનો છે.

ઉત્તમ સાહિત્યના નમૂનાઓ અને એના આસ્વાદો દ્વારા ગુજરાતી સાહિત્યની દિશા બદલવાની નેમ એમણે કરેલા સમર્થ અનુવાદો પાછળ જોઈ શકાય છે. બૉદલેર, પાસ્તરનાક, ઉન્ગારેતિ, પાબ્લો નેરુદા વગેરે વિશ્વ સાહિત્યના મહત્ત્વના કવિઓના અનુવાદો એમના તરફથી મળેલા છે. આ ઉપરાંત પણ સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં એમના માતબર અનુવાદો મળેલા છે. 'ધીરે વહે છે દૉન : ખંડ ૧-૨', રશિયાના પ્રસિદ્ધ નવલકથાકાર મિખાઈલ શોલોખોવની 'ક્વાએટ ફ્લૉઝ ધ દૉન'નો અનુવાદ છે. તો, 'ભોંયતળિયાનો આદમી' એ ફિયોદોર દોસ્તોયવસ્કીની મહત્ત્વની રચના 'નોટ્સ ફ્રોમ અંડરગ્રાઉન્ડ'નો અનુવાદ છે. 'અમેરિકાના સાહિત્યનો ઈતિહાસ' માર્ક્સ ક્લિન્કકૃત 'ધ લિટરેચર ઑવ ધ યુનાઈટેડ સ્ટેટ્સ'નો અનુવાદ છે. એમણે કરેલા રવીન્દ્રનાટ ટાગોરના નિબંધોના અનુવાદો 'પંચામૃત' અને 'સંચય'માં મળે છે.

'જનાન્તિકે' : સુરેશ જોષીએ ૧૯૫૫થી ૧૯૬૪ સુધીના સમયગાળામાં લખેલા લલિતનિબંધોનો પહેલો સંગ્રહ એટલે 'જનાન્તિકે'. કાવ્યાત્મક, કથનાત્મક, આત્મકથનાત્મક અને ચિન્તનાત્મક શૈલીઓનો સમન્વય કરીને નીપજાયેલું એક નવા જ પ્રકારનું 'જનાન્તિક' નિબંધસ્વરૂપ ગુજરાતી સાહિત્યના નિબંધને કાલેલકર પછી એક નવું પરિમાણ આપે છે. ટાગોરના નિબંધોનો પ્રભાવ ઝીલતા આ નિબંધોની મુખ્ય લાક્ષણિકતા શિશુસહજ, વિસ્મય સમૃદ્ધ ઈન્દ્રિયજન્ય સંવેદનો, જીવનને અપરોક્ષભાવે માણવાની જિકર તેમ જ શબ્દેશબ્દે પ્રગટ થતી સર્જકના જીવંત વ્યક્તિત્વની અભિવ્યક્તિને ગણાવી શકાય. નિબંધોમાં તર્કને બદલે કલ્પના, અર્થાન્તરન્યાસ કે દૃષ્ટાંતદને બદલે ઉત્પ્રેક્ષા અને ઉપમા, વિષયની વ્યવસ્થિત માંડણીને બદલે ચિત્તનો મુક્ત વિહાર જોવા મળે છે. જડભરત અને યાંત્રિક સંસ્કૃતિ પ્રત્યેનો કટાક્ષ અને આક્રોશ આ નિબંધોની શૈલીને વધુ જીવંત બનાવે છે. નિબંધો ક્યારેક કાવ્ય અને નિબંધની સીમાઓને તો ક્યારેક વિવેચન અને નિબંધની સીમાઓને ઓગાળી નાખે છે.

'ગૃહપ્રવેશ' : ગુજરાતી ટૂંકીવાર્તામાં સુરેશ જોષીને આધુનિક પ્રણેતાનું માન અપાવનાર એમના આ પ્રથમ વાર્તાસંગ્રહમાં એકવીસ વાર્તાઓ છે. પ્રગટ થતાંની સાથે જ ભારે ઊહાપોહ સર્જનારા આ સંગ્રહમાં કથનરીતિના પ્રયોગોનું

નિદર્શન કરાવતી 'વાતાયન', પુરાણકથાના ભૂતકાળની સમાન્તરે વર્તમાન સમયનું આલેખન કરતી 'જન્મોત્સવ', નળદમયંતીના રૂપે માનવચિત્તનાં ગૂઢ સંચલનોને સમર્થ રીતે આલેખતી 'પાંચમો દાવ', 'સાત પાતાળ', 'ગૃહપ્રવેશ' જેવી વાર્તાઓ આ સંગ્રહમાં નોંધપાત્ર છે. સંગ્રહની કેટલીક વાર્તાઓ ભવિષ્યમાં લખાનારી વાર્તાઓની પૂર્વભૂમિકારૂપ છે. લેખક આ વાર્તાઓમાં સ્થૂળ ઘટનાઓ પર ભાર આપવાને બદલે ઘટનાના તિરોધાન પર ભાર આપે છે. અલબત્ત, એમાં સામાજિક અને સાંસ્કૃતિક સંદર્ભનું સંપૂર્ણ નિગરણ કરવામાં આવેલું નથી. પોતાની રચનાપ્રક્રિયાનો પરિચય કરાવતા, સંગ્રહના આરંભે મૂકવામાં આવેલા લેખમાં પ્રગટ થતી, ટૂંકીવાર્તા વિશેની લેખકની સૈદ્ધાન્તિક ભૂમિકાનો મેળ એમના સર્જન સાથે મળે છે.

'છિન્નપત્ર' : સુરેશ જોષીની સીમાચિહ્નરૂપ લઘુનવલને લેખકે 'લખવા ધારેલી નવલકથાનો મુસદ્દો' તરીકે ઓળખાવી છે. અહીં કથાનાયક પોતાનાં સંવેદનોની ઉત્કટતાને કારણે આસપાસની સયિષ્ણુ સંસ્કૃતિથી અળગો પડી ગયો છે અને ટકી રહેવા પોતયપૂરતું એક વિશ્વ ઉપજાવી લે છે. ૫૦ પત્રો અને પરિશિષ્ટ ધરાવતી આ લઘુનવલ લિરિકલ નૉવેલનાં દૃષ્ટાંતો તેમ સર્જનાત્મક ગદ્યનો નમૂનો પૂરો પાડે છે. સમસામયિક વાસ્તવિકતા કે ચોક્કસ સ્થળકાળ સાથે સંબંધ ન ધરાવતી પાત્રોની આંતરચેતનાને તાગવા મથતી આ કથાનું વિભાગન કાવ્યરૂપે થયું છે.

'ઈતરા' : 'પ્રત્યંચા' પછીનો સુરેશ જોષીનો ૧૮ શીર્ષકરહિત કાવ્યોનો સંગ્રહ. પહેલું કાવ્ય રવીન્દ્રનાથને અપાયેલી અંજલિ છે, જ્યારે બાકીનાં મોટા ભાગનાં કાવ્યો રોમેન્ટિક ધારાનાં છે. કાવ્યોના કેન્દ્રમાં કૃત્રિમ નગરજીવન, વિફળ પ્રેમ, એકલતા, શૂન્યતા, વિરતિ અને હતાશા છે. સૌથી વધુ જાણીતા થયેલા કાવ્ય 'એક ભૂલા પડેલા રોમેન્ટિક કવિનું દુઃસ્વપ્ન' નોનાયક સુરેશ જોષીની વાર્તાઓના નાયકના ગોત્રનો છે. આ સર્વ કાવ્યોમાં પ્રયોજાયેલાં ઘણાં કલ્પનો ભયાનકતાની અનુભૂતિ કરાવવામાં ઠીક ઠીક સફળ થયાં છે.

'કિંચિત્' : સુરેશ જોષીનો વિવેચનસંગ્રહ. દસેક જેટલા લેખો પરંપરાના વિવેચનથી જુદો ચમકારો બતાવે છે. કાવ્યમીમાંસાના પ્રશ્નોની એમાં ચર્ચા છે અને બૌદ્ધિક જાગૃતિની વાટને સંકોરવાનો પ્રયત્ન છે. પરંતુ આધુનિક ચેતનાના પ્રવેશ સાથે કરેલો 'કાવ્યોનો આસ્વાદ'નો ઉદ્યમ કે 'પ્રતીકરચના' અને સર્જનપ્રક્રિયાના પ્રકાશમાં વિશદ રીતે ઉકેલવાનો ઉપક્રમ અત્યંત મહત્ત્વનું પ્રદાન છે. વિદ્યાપીઠમાં 'સાહિત્યનું શિક્ષણ' પણ દિશા બદલનારો પ્રભાવ દર્શાવે છે. ગુજરાતી સાહિત્યમાં આ વિવેચકની ચેતનાથી આવેલા વળાંકની સમર્થન સામગ્રી આલેખમાં પડેલી છે.

'કાવ્યચર્ચા' : સુરેશ જોષીના આ ચોથા વિવેચનસંગ્રહમાં કાવ્યને લગતા ૨૧ લેખોને ચાર વિભાગમાં અને એક પરિશિષ્ટમાં વહેંચવામાં આવ્યા છે. પહેલા વિભાગમાં કાવ્યને લગતી સિદ્ધાંતચર્ચા; બીજા વિભાગમાં ગુજરાતી

કાવ્યવિવેચનના કેટલાક પ્રશ્નો પર વિચારણા; ત્રીજા વિભાગમાં પાશ્ચાત્ય અને ભારતીય કવિતા વિશેના અભ્યાસલેખો; ચોથા વિભાગમાં જીવનાનંદદાસની તથા વિંદા કરંદીકરની કવિતા પરના આસ્વાદ લેખો છે.

પ્રભાવવાદી વિવેચનના વર્ચસ્વ અને મર્યાદિત રુચિએ ગુજરાતી કાવ્યવિવેચનને અને ગુજરાતી કવિતાને કેવી રીતે કુંઠિત કર્યાં તેને સારી રીતે આલેખવામાં આવ્યાં છે. અહીં સુરેશ જોષીનો અભિગમ રૂપરચનાવાદી છે. એ અભિગમનું પણ નિદર્શનો સાથે પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

'કથોપકથન' : સુરેશ જોષીના આ વિવેચનગ્રંથમાં કથાસાહિત્ય વિશેના ૧૮ લેખો પાંચ ભાગમાં વહેંચાયેલા છે. પહેલા વિભાગમાં સૈદ્ધાંતિક લેખો છે. એમાંના 'નવલકથા વિશે' નિબંધે ગુજરાતી કથાસાહિત્યના વિવેચનના પ્રશ્નોને પહેલી વખત યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂકી આપ્યો છે. બીજા વિભાગમાં ગુજરાતી નવલકથા વિશેના લેખોમાં એમણે ગુજરાતી નવલકથા પ્રત્યેના પોતાના તીવ્ર અસંતોષનાં કારણો વિગતે ચર્ચ્યાં છે. ત્રીજા વિભાગમાં પાશ્ચાત્ય નવલકથા વિશેના, ચોથા વિભાગમાં ટૂંકીવાર્તાની રચનાકલા તથા ગુજરાતી ટૂંકીવાર્તા વિશેના તો, છેલ્લા વિભાગમાં પાશ્ચાત્ય ટૂંકીવાર્તા વિશેના આસ્વાદ્યલેખો છે.

સુરેશ જોષી નવલકથાને શુદ્ધ સાહિત્યસ્વરુપ બનાવવાના આગ્રહી હોવાથી આ લેખો ઠીકઠીક ચર્ચાસ્પદ બન્યા છે. પાશ્ચાત્ય નવલકથાઓ અને ટૂંકીવાર્તાઓના પરિચયે એમની રુચિને ઘડી છે. ગુજરાતી કથાસાહિત્યને એ વિશ્વસાહિત્યના સંદર્ભમાં મૂલવે છે. રૂપરચનાવાદી અભિગમ ધરાવતા આ વિવેચનગ્રંથે નવલકથા અને ટૂંકીવાર્તાના પ્રશ્નોને શુદ્ધ સાહિત્યિક સંદર્ભમાં રજૂ કર્યા છે એ તેમની મહત્ત્વની સિદ્ધિ છે.

# Glorious Dance Tradition of India

Shruti Nair
F.Y.B.A.

Like many Indian arts, Indian dance also has its root in religion. Without the religious and cultural background of India, the growth and beauty of Indian dance is not possible. In 'Natya Shastra', there is a small story about the origin of Indian dance. According to Hindu mythology, dance first existed in heaven. There was always a constant conflict between the Asuras and the Devas for wealth and power. The Devas were tired of the Asuras' greediness and jealousy.

It was during this long period of tedium that all the Devas approached Lord Indra too find good ways and means of entertainment. Lord Indra, who was also tired of the Asuras, approached Lord Brahma (believed to be the creator of the Universe) and asked him to help them. They made a request to Lord Brahma that this method of entertainment should be pleasing to both the eye as well as the ear, and that it should be enjoyed by the masses of both higher and lower classes. Lord Brahma gave a long thought to the request of Lord Indra and finally decided to help them.

Lord Brahma went into a state of deep meditation. He called to mind the four Vedas. Vedas are the earliest scriptures of the Hindus. He distilled the essence from each of the Vedas. From 'Rigveda', he derived the words, from 'Sama Veda', he derived the music, from 'Yojurve Veda', the code of gesture and from 'Atherva Veda', the element of sentiment or flavor. He blended all of these ingredients and added his own divine genious. Thus, he created an entirely new activity. Brahma named this activity 'Natya', which was later renamed 'Natya Veda'.

Brahma had simply created a technique, but someone was needed for putting it into practice. Lord Brahma sought the cooperation of Bharat, a trusted sage. Bharat, with the help of his sons, started working. He used pathya (words) from the Rig-Veda, Abhinaya (gestures) from the Yajurveda, geet (music) from the Samaveda and rasa (emotions) from the Atharvaveda to form the Natyaveda (body of knowledge about dance). The best-known of Hindu deities-Shiva, Kali and Krishna-are typically represented dancing. Shiva's cosmic dance, Tandava, Kali's dance of creation and destruction and Krishna's dance with the gopikas (cow-herd girls)-Rasa Lila-are popular motifs in Hindu mythology.

Dance being prevailing as a medium of entertainment in India could be traced back to approximately 2500BC in the Indus Valley Civilization city of Mohenjo-Daro which was one of the earliest human cities.

Dance in India comprises numerous styles of dances, generally classified as classical or folk. As with other aspects of Indian culture, different forms of dances originated in different parts of India, developed according to the local traditions and also imbibed elements from other parts of the country. Folk dances are numerous in number and style and vary according to the local tradition of the respective state, ethnic or geographic regions. Contemporary dances include refined and experimental fusions of classical, folk and Western forms. Dancing traditions of India have influence not only over the dances in the whole of South Asia, but on the dancing forms of South East Asia as well. Dances in Indian films are often noted for their idiosyncrasies (i.e. mode of behavior), and hold a significant presence in popular culture of the Indian subcontinent.

Indian dance forms are generally categorized into mainly two forms

1}Classical 2}folk (sometimes semi classical and tribal)

Here we are going to throw more light on various lesser known folk dance forms of India. We all are very well aware about various widely acclaimed folk dance forms of India such as garba of Gujarat, ghoomar of Rajasthan, kolattam of Andhra Pradesh, padayani of Kerala, chau of Odisha and many more.

Here we I would like to present three folk dance forms which are not in practice widely but yet are still connected to the very roots of there respective state.

1. BEESU KAMSALE (Karnataka)

Kamsale is a unique folk art performed by the devotees of God Mahadeshwara. Kamsale is a brass made musical instrument. Its origin is traced to the Mythological period. Kamsale is a Rhythm instrument. These instruments are played in pairs. Its size is about a man's palm. They are throated at the centre. One which is convex in shape is held in one hand, very closely; (usually the left hand). The other one is held at length. (usually in the right hand). The artists in the Kamsale group vary from three to eight. If the Kamsale is accompanied by songs, the number of artists will be from 8 to 12. 'Kamsale' popularly known as 'Devaraguddas' are the disciples of Lord Mahadeshwara. Kamsale Mela is a popular folk song which deals with the history of 'Mahadeshwara' (worshipping deity) of Mahadeshwara hills, a renowned pilgrim centre, situated in Chamarajanagar district. Kamsale artists are illiterates and have no printed literature. They learn those songs orally. They participate in fairs, which are held in Mahadeshwara hills during

'Diwali', 'Shivaratri' and 'Ugadi' festivals. Kamsale is closely connected with a tradition of Shiva worship. The artistes, drawn from Haalumatha Kuruba Gowda community. Who have vowed to live a life of devotion to Mahadeshwara are supposed to perform kamsale. The dance is a part of a 'diiksha' or oath and is taught by teacher or spiritual leader. Kamsale Mahadevaiah of Mysore was a famous artist. He trained students at university level. In cultural exchange programme of India, he toured many countries and performed. The singing artists wear a special dress. The artists, with the Kamsale in the left hand, expose it to be hit by the Kamsale held in the right hand. Thus rhythm is created of various patterns and tempos. Beesu Kamsale or Kamsale dance is a unique dance form in which religious fervour combines with martial dexterity. The instruments, in the course of the vigorous rhythmic beatings are moved around the body of the dancer in innumerable patterns manifesting both skill and art. The main element in art is the rhythmic clang, which blends with the melodious music of the Mahadeshwara epic. In a group movement the dancer provides the vision of a series of offensive and defensive manoeuvers, which is a testimony to the Kuruba people being of Martial stock

2. Theeyattam (kerala)

**Theeyaattam** also known as **Theeyaattu** (Tīyāttu) is a traditional dance form. There were two types of Theeyaattam - **Bhadrakali Theeyaattu** and **Ayyappan Theeyaattu**. Bhadrakali Theeyattu is performed by **Theeyaattunnis** (*a Brahmin community in Kerala*) whereas Ayyappan Theeyaattu is performed by **Tīyyādi Nambiars** (*Ambalavasi*).

Bhadrakali Tiyyattu is a ritualistic dance usually performed in Bhadrakali temples, mostly in the Pathanamthitta, Alappuzha, Kottayam and Ernakulam districts of south-central Kerala. Pallippurathu Kavu at Kottayam (family temple of Kottarathil Sankunni) Thrikkariyoor Mahadeva Temple,Panachimangalath Bhadrakali temple(family temple of Panachimangalath Illam) near Kothamangalam,Vanarkavu at Madakkathanam, near Thodupuzha,Puthukulangara Devi Kshetram near Thiruvalla are some of the places where tiyyattu is performed during annual festivals. It is also performed as an offering at temples and houses.

The performance has many parts of which - preparation of the ritual art known as kalam (Kalamezhuthu), singing songs in praise of Bhadrakali and the performance of the dance are a few. Kalamezhuthu is done during the day using natural coloured powders on the floor. An elaborate picture of Bhadrakali is normally made. The singing of the songs take place after the Kalamezhuthu is finished in front of it and may last up to three hours. For the dance a male

member dresses up as Bhadrakali, a creation of Shiva. In the performance she is just back from killing Darika and is telling the events to Shiva who is symbolised by the lighted lamp. As she was affected by small pox and has pockmarks on her face she has her back to the lamp almost throughout the performance.

Shree Bhadra Kalasamajam, Kottayam made some efforts to revive and reform the art.As it is being as a ritualistic art form and has strict traditional rituals which are strictly followed even now,Theeyattu cannot be modified at one's will.

3. Bagurumba (Assam)

*Bagurumba'* is a folk dance of indigenous Bodo tribe in Assam and Northeast India. It is a traditional dance which is traditionally inherent to one generation to another generations. The Bodo women perform the Bagurumba dance with their colourful *dokhna*, *jwmgra* (fasra) and *aronai*. The Bagurumba dance is accepted as main traditional dance of Bodo people.

This Bagurumba dance is originated from nature. Some thousands of years ago it was practiced by the Boro people. Generally Boro people like to stay in a green environment. They love to play with the environment, beauty of nature. So they used to stay in the foothills of the eastern and southern Himalayas, which are generally forest area. There are so many different symbols in this traditional dance, which are imitated from other natural environment. Like – dance of plants, dance of animals, birds, butterfly dance, wave of flowing river, wind etc.

By seeing this bagurumba dance, all Boro people can't stay calm and quiet. By seeing this dance, suddenly every Bodo people use to dance unknowingly, and they feel peace and happiness in their mind.

There are no certain days and times to perform this dance; this dance can be performed on any occasion, festival and programme. At present Bagurumba dance is famous over the whole world.

"Jath nongabwla
Cool nongabwla
tabwrwm homnanwi-
bamnanwi lagwomwnka
hai lwgw lagwomwnka"

These lines indicate that, if we are not really jath and khul, they might be taken us whenever they want, but we are very much jath and cool so nobody can catch or carry us- it's a confidential song of Boro women. They thought that, lose character's women goes to bad practices and if someone comes to catch her, she never protects or restrict them. So we are not that type of women, we are jath and cool.

"Turi barinilai daosen
jwngni lagwalwi dajen"

(kobam gwrwbhwnai) the meaning of this line is- we should not lose / no failure. We must won any games always. It's a confidential song of boro women.

There are several other folk dance forms which are performed since ancient times in India and their traditions are being transferred orally from generation to generation to keep their dance forms alive. The above mentioned could be considered as a drop of water from the ocean of folk dance which our country vibrantly endows.

This certainly reminds me of a famous quote by Benjamin Watson which is something like this "Although our backgrounds and languages may be different, one thing isn't so different, and that is: everybody likes to have a good time. If there is a language that is universal. Its dance, particularly folk dance."

Here by I would like to end my words by repeating a quote by Martha graham "Dance is the hidden language of the soul."

## નંદશંકર મહેતા અને ગુજરાતની પ્રથમ નવલકથા

કોમલ વિ.
ટી.વાય.બી.એ.

ગુજરાતીની પ્રથમ લેખાતી નવલકથા કરણઘેલોના લેખક નંદશંકર મહેતા હતા. માતા ગંગાલક્ષ્મી અને પિતા તુળજાશંકરની સાદગી, સરળતા અને પ્રામાણિકતા તેમને વારસામાં મળી. નંદશંકર મહેતાનું બાળપણ ઓલપાડમાં વીત્યું. તેને કારણે નંદશંકર મહેતાને ગ્રામજીવનનો અને સૃષ્ટિસૌંદર્યનો પરિચય થયો. સમયાંતરે તેમને વતન સુરતના રસિક જીવનનો, ત્યાંની પ્રસિદ્ધ સાડત્રીસી આગના બનાવનો અને સુધારક વાતાવરણનો પરિચય થયો. શાળા-કોલેજના કુશળ પ્રેમાળ શિક્ષકોનો તેના પર ખાસ્સો પ્રભાવ પડ્યો. તેમને ગણિત અને અંગ્રેજીમાં વિશેષ રુચિ હતી. મેકોલેનો તેમણે ઘનિષ્ઠ અભ્યાસ કર્યો હતો. તેમના અભ્યાસમાં તેમને કેપ્ટન સ્કોટના સમૃદ્ધ ગ્રંથાલયનો પણ લાભ મળ્યો હતો. નંદશંકર મહેતાએ મેટ્રીક સુધીનો અભ્યાસ કર્યો હતો. અભ્યાસ કર્યા પછી તેઓ અંગ્રેજી શાળાના માસ્તર બન્યા હતા અને પછીથી દેશી હેડમાસ્તર પણ બન્યા હતા. ત્યાર પછી ટ્રેનિંગ કૉલેજમાં આચાર્ય પણ બન્યા હતા. આમ તેઓએ કુલ ૧૫ વર્ષ શિક્ષણકાર્યમાં પસાર કર્યાં હતાં.

નંદશંકર મહેતા નર્મદે આરંભેલી સુધારાની ઝુંબેશમાં દુર્ગારામ સાથે સક્રીય હતા. નંદશંકર મહેતાએ શિક્ષણકાર્યમાં ૧૫ વર્ષ વિતાવ્યા પછી લાયસન્સ ટેકસ ખાતામાં અને મુલકી ખાતામાં કામગીરી બજાવી હતી. સમયાંતરે તેઓ મામલતદાર, આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટ અને કામચલાઉ પોલિટિકલ એજન્ટ પણ બન્યા. ઈ.સ. ૧૮૭૭માં તેમને રાવબહાદુરનો ખિતાબ મળ્યો. ૧૮૮૦થી ૧૮૮૩ સુધી કચ્છના દીવાનપદે તેઓ નિમાયા. ત્યાર પછીથી તેઓ નાંદોદમાં આસિસ્ટન્ટ એડમિનિસ્ટ્રેટર અને ચીફ રેવન્યુ ઓફિસર બન્યા. તેમણે પોતાને ભાગે આવેલી કામગીરી ઉત્તમ રીતે બજાવી. તેમની સતત આવી વિકસતિ અને વિસ્તરતી કામગીરીના ભાગરૂપે સમયાંતરે તેઓ સુરત મ્યુનિસિપાલિટીમાં ઉપપ્રમુખ પણ બન્યા. ૧૮૯૦માં નંદશંકર મહેતા નિવૃત્ત થયા. નિવૃત્તિ પછી પણ તેમણે ઘણી બધી સંસ્થાઓ સાથે કામ કર્યું. ૧૭મી જુલાઇ, ૧૯૦૫ના રોજ સુરતમાં તેમનું અવસાન થયું.

નંદશંકર મહેતા સામાજિક અને ધાર્મિક સુધારાવાદી હતા. તેઓ સ્ત્રીશિક્ષણ, વિધવાવિવાહ વગેરેની તરફેણ કરતા હતા. પરદેશ જવા પર પ્રતિબંધ મૂકતી પ્રથા, અસ્પૃશ્યતા, અંધવિશ્વાસ વગેરેનો તેઓ વિરોધ કરતા હતા. આ માટે સુધારા કરતી ઘણી બધી સંસ્થાઓ સાથે તેઓ સંકળાયેલા હતા. નંદશંકર મહેતા અને તેના જેવા અન્ય સુધારાવાદીઓ જેવા કે

દુર્ગારામ મહેતા, દલપતરામ અને અન્ય બે સહકાર્યકરોએ માનવ ધર્મ સભાની સ્થાપના કરી હતી. આ સભા સામાજિક અને ધાર્મિક સુધારા ઉપર કામ કરતી હતી. નંદશંકર મહેતા બુદ્ધિવર્ધક સભાના પણ સભ્ય હતા. તેની સ્થાપના મુંબઈમાં ૧૮૫૧માં થઈ હતી.

નંદશંકર મહેતાએ ૧૮૬૩માં 'કરણઘેલો' નવલકથા લખવાની શરૂઆત કરી હતી. ૧૮૬૬માં આ નવલકથા પ્રકાશિત થઈ. આ નવલકથા ગુજરાતના છેલ્લા રાજવી, વાઘેલા વંશના રાજા કર્ણદેવ બીજાનું ઐતિહાસિક પાત્ર લઈને આવે છે. કર્ણદેવ વાઘેલાની હાર અલ્લાઉદ્દીન ખીલજીની તુર્કીશ ફોજ સામે ૧૨૯૮માં થઇ હતી તેનું કથાવસ્તુ આ નવલકથામાં છે. ગુજરાતની પ્રથમ નવલકથા અને એક વિશેષ ઐતિહાસિક નવલકથા તરીકે 'કરણઘેલો'નું ખૂબ મહત્ત્વનું સ્થાન છે.

નંદશંકર મહેતાએ આર. જે. ભંડારકરની સંસ્કૃત માર્ગોપદેશિકા અને અંગ્રેજી ત્રિકોણમિતિ પાઠ્યપુસ્તકના ગુજરાતી અનુવાદો પણ કર્યા છે. તેમણે અનેક સમાચારપત્રોમાં ઘણા બધા લેખો પણ લખ્યા છે. તેમના પુત્ર વિનાયક મહેતાએ નંદશંકર મહેતાનુ જીવનચરિત્ર લખ્યું છે. ઈ.સ. ૨૦૧૫માં 'કરણઘેલો'નું અંગ્રેજીમાં ભાષાંતર થયું છે.

'કરણઘેલો' નંદશંકર મહેતાની એકપાત્ર સર્જનાત્મક કૃતિ છે. તે ગુજરાતી ભાષાની પ્રથમ નવલકથા ઉપરાંત એક અત્યંત સમૃદ્ધ એવી ઐતિહાસિક નવલકથા તરીકેનું પણ ખૂબ મોભાદાર સ્થાન ધરાવે છે. નંદશંકર મહેતાને નવલકથા લખવાની પ્રેરણા એજ્યુકેશન ઈન્સપેકટર રસેલ પાસેથી મળી હતી. નવલકથાલેખનના નમૂનાઓ તેમને વોલ્ટર સ્કોટ અને લૉર્ડ લિટનની રોમાન્સ સ્વરૂપની કથાઓમાંથી મળી આવ્યા છે. પાપનો ક્ષય થતો બતાવવો એ આ કથાનો હેતુ છે. એના માટે નંદશંકર મહેતાએ ગુજરાતના છેલ્લા રાજપૂત રાજા કરણદેવ વાઘેલાના જીવનનું દૃષ્ટાંત લીધું છે. વિષયમાં આસક્ત થયેલા રાજા કર્ણદેવ પોતાના મંત્રી માધવની પત્ની રૂપસુંદરીનું અપહરણ કરે છે. રાજાની આવી અધમ કક્ષાની હરકતથી માધવ ખૂબ ગુસ્સે ભરાય છે અને તે અલ્લાઉદ્દીન ખીલજીને ગુજરાત પર ચડાઈ કરવા માટે તેડી લાવે છે. યુદ્ધમાં પરાજય પામીને નાસી છૂટેલા કરણદેવ વાઘેલાનું રસ્તે રખડતાં રઝડતાં અંતે બાગલાણના કિલ્લામાં કરુણ મોત નિપજે છે. આમ છતાં નવલકથામાં કર્ણદેવ વાઘેલાનું પાત્ર સંપૂર્ણ રીતે દુરાચારી આલેખાયું નથી. પરાજિત અવસ્થામાં પણ એ કેટલાંક સ્વીકૃત જીવનમૂલ્યો જાળવી રાખે છે. તેના પતનનું કારણ પોતાની સ્વભાવગત મર્યાદાઓ છે. એ અર્થમાં તે કરુણ નાયક છે. એનો ભાઈ કેશવ યુદ્ધમાં ખપી જાય છે અને એની પત્ની ગુણસુંદરી સતી થાય છે. આ યુદ્ધમાં પાટણની ખાનાખરાબી થાય છે.

નંદશંકર મહેતાએ ગુજરાત ઉપર અલ્લાઉદ્દીન ખીલજીની ચઢાઈ થાય છે એ મુખ્ય ઘટનાને ઇતિહાસમાંથી લીધી છે, પરંતુ તેમણે ઐતિહાસિક નવલકથામાં અપેક્ષિત તથ્યો જાળવ્યાં નથી. ફોર્બ્સ દ્વારા સંપાદિત 'રાસમાળા' અને

'કુમારપાળચરિત'માં દંતકથારૂપ અનેક સામગ્રી હતી તે બધાનો આ નવલકથામાં ઉપયોગ કરવામાં આવ્યો છે. લેખકના સમયમાં સુરતમાં બનેલા કેટલાક સમકાલીન બનાવો, પરિસ્થિતિઓ અને લોકમાન્યતાઓનો પણ આ નવલકથામાં ઉપયોગ કરવામાં આવ્યો છે.

શિષ્ટ અને પ્રાસાદિક ભાષા તથા પ્રૌઢીયુક્ત શૈલી આ નવલકથાનું એક સબળ અંગ છે. તાદૃશ્ય વર્ણનને કારણે આ નવલકથા જીવંત બની છે. પ્રકૃતિસૌંદર્ય, દશેરાની સવારી, રાજદરબાર, આગ, યુદ્ધ વગેરેનાં વર્ણનોમાં ચિત્રાત્મકતા છે. પરંતુ વર્ણનોમાં જ્યાં પ્રસ્તાર આવી જાય છે ત્યાં શિથિલતા આવી ગઈ છે. વિષયાન્તર અને વિસંગતિઓ આ નવલકથામાં વસ્તુસંકલનામાં આડખીલીરૂપ બની જાય છે. નિર્જીવ પાત્રાલેખન, સંવાદોની કૃત્રિમતા એવા આ નવલકથાના અન્ય દોષ કહી શકાય. આમ છતાં, ગુજરાતની પ્રથમ નવલકથા અને પ્રથમ ઐતિહાસિક કથા તરીકે 'કરણઘેલો' સ્થાન કાયમ માટે અમર છે. એક લેખક તરીકે નંદશંકર મહેતાને કાયમ માટે યાદ કરવામાં આવશે.

સંદર્ભ :

૧. બ્રહ્મભટ્ટ પ્રસાદ, 'અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ', પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, ૨૦૧૨
૨. મહેતા ધીરેન્દ્ર, 'નંદશંકરથી ઉમાશંકર', ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૨૦૧૦

## નારી તું નારાયણી

રાજેશ્વરી જી. આનંદ
એફ.વાય.બી.એ.

આપણી સંસ્કૃતિમાં મહિલાઓની મહાનતાનો મહિમા થયો છે. આપણા ઋષિમુનિઓએ તો કહ્યું છે કે યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતા. એટલે કે નારીની પૂજા થાય ત્યાં જ દેવો પણ વાસ કરે છે. એટલે કે પુરુષસહજ અહમ્‌ને ઓગાળીને એણે સ્ત્રી સાથે રહેવું જોઈએ. બને છે એવું કે ભાઈ-બહેન, પતિ-પત્ની, દિયર-ભાભી વગેરે પ્રકારના આપણા સાંસારિક સંબંધોમાં જ્યારે તડ પડે છે ત્યારે મોટેભાગે પુરુષનો અહમ્ વિશેષ ભાગ ભજવતો હોય છે. પુરુષ સ્ત્રીની અવગણના પણ કરતો જોવા મળે છે. પરિણામે સંબંધ અને સંવાદો તૂટે છે. આજના યુગની આધુનિકતામાં સ્ત્રીઓને સ્વતંત્રતા અને સમાનતા મળે છે એ વાત સાચી છે, પરંતુ જે મહિલા સાચા અર્થમાં પૂર્ણ સ્વાતંત્ર્ય માણે છે તેની ટકાવારી ખૂબ ઓછી છે. આપણા પુરાણકારોએ આ સૂત્ર એટલે જ આપ્યું છે કે સ્ત્રી પ્રત્યે સન્માનની ભાવના રાખો તો સુખી થવાશે. આપણું શુકનશાસ્ત્રમ એની સાક્ષી પુરાવે છે. શુકનશાસ્ત્રમાં એમ કહેવાયું છે કે તમે ઘરમાંથી બહાર નીકળો અને સામે સાધુ મળે તો એ અપશુકન છે; અને એવી જ ઘટના માં જો સામે નગરવધૂ મળે તો એ શુકન છે. વિચારો તો ખરા કે આપણા શાસ્ત્રકારોએ કેટલું બધું ઊંચું વિચાર્યું છે હશે. નારી ગમે તેવી હોય પણ અંતે તેનું નારીત્વ જ અગત્યનું છે તેવું ગાઈ વગાડીને કહી દેવામાં આવ્યું છે.

એક બીજો જાણીતો કિસ્સો છે જેમાં સ્ત્રીની તટસ્થતા, વિદ્વતા અને મહાનતા ડોકાય છે. એકવાર શંકરાચાર્યજી પંડિત મંડનમિશ્રને ઘરે બેઠા ત્યારે એ ચર્ચાના નિર્ણાયક તરીકે કોને મૂકવા તે નક્કી કરવાનું હતું ત્યારે એ બંને વિદ્વાનોએ એકમતે શ્રી ભારતીદેવીનું નામ પસંદ કર્યું. આ ભારતીદેવી પંડિત મંડનમિશ્રનાં પત્ની હતાં. વિચારો તો ખરા, પોતાના પ્રખર હરીફનાં પત્નીના તાટસ્થ્ય અને જ્ઞાન અંગે શંકરાચાર્યજીને કેટલી અપાર શ્રદ્ધા હશે! અને એ વિદુષી સન્નારી પણ કેવી મહાન હશે! વાતની ઊંચાઈ તો એ છે કે ચર્ચાને અંતે મંડનમિશ્ર હારેલા અને શંકરાચાર્યનો વિજય થયેલો; અને સૌથી મહત્ત્વની વાત તો એ છે કે આ ઘટના બન્યા પછી પણ મંડનમિશ્ર ને ભારતીદેવીનો સંસાર પડી નહોતો ભાંગ્યો પણ સુપેરે ચાલેલો.

વિદેશના કવિ શ્રી વિલિયમ ગોલ્ડિંગે સાચું જ કહ્યું છે કે મને લાગે છે કે સ્ત્રીઓએ પુરુષ સમોવડી ગણીને પોતાની મૂર્ખાઈ પ્રદર્શિત કરે છે. હકીકતમાં સ્ત્રી પુરુષ કરતાં અનેકગણી રીતે ચડિયાતી છે અને કાયમ રહેવાની છે. તમે સ્ત્રીને

જે કંઇ આપો છો તેને મહિલા વધુ સરસ બનાવીને તમને પાછું આપે છે. તમે એને મકાન આપો તો એ તમને ઘર બનાવી આપશે. તમે તેને સ્મિત આપો તો એ સામે હૃદય આપી દે છે. સ્ત્રીને તમે જે કંઈ આપો તેમાંથી તે અનેકગણું, અનેકવિધ અને મોટું બનાવીને તમને આપે છે. માટે એ યાદ રાખવું કે નારી તો શક્તિ છે, માટે આપણે એને કંઈક સારું જ આપીએ જેથી કરીને એ આપણને સારું આપે.

એક હકીકત એ છે કે જે નારી કરી શકે છે તે પુરુષ કરી શકતો નથી. જેમ કે બે-ત્રણ બાળકો મૂકીને પુરુષ અવસાન પામે તો સ્ત્રી પોતાનાં બાળકો માટે માતા અને પિતાનો બેવડો રોલ ભજવે છે. બાળકોને તે પિતાની ખોટ પડવા દેતી નથી. જ્યારે, પુરુષ માતાની ખોટ કોઇપણ સ્વરૂપે પૂરી કરી શકતો નથી એ પુરુષની મોટી ખામી છે. આપણે પાંચ પતિ ધરાવતી દ્રૌપદીને સતી જ કહીએ છીએ. એ એવી સતી છે કે જે કૃષ્ણની મિત્ર છે. કૃષ્ણને એ કડવું પણ કહી શકતી. એ પરથી આપણે વિચારી શકીએ કે દ્રૌપદી કેવી શક્તિશાળી હશે!

આપણો ઈતિહાસ સાક્ષી પૂરે છે કે નારી કેવી શક્તિશાળી છે. રઝિયા સુલતાન, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, મીરાંબાઈ, અહલ્યાબાઇ હોલ્કર, ઇન્દિરા ગાંધી, હેલેન કેલર, કલ્પના ચાવલા, સુનિતા વિલિયમ, કિરણ બેદી, કસ્તુરબા, રાણી વિક્ટોરિયા, મીનળદેવી અને જીજાબાઈ જેવાં સ્ત્રીપાત્રો વિશે જાણીએ ત્યારે આપણને ખબર પડે છે કે એ ખરેખર જ નારીરત્નો છે. દેશ અને દુનિયામાં જે મહાન માણસો થઈ ગયાં તેની પાછળ તેમની માતાનો ફાળો હતો એ વાત નિઃશંક છે, સત્ય છે.

# મૈત્રી

ધારા એ. શર્મા
ટી.વાય.બી.એ.

'મિત્ર' શબ્દ સાંભળતાંની સાથે ઘણી બધી યાદો આંખો સમક્ષ આવી જાય છે અને આપણી વિતાવેલી તમામ ક્ષણો વિશે આપણે વિચારવા લાગીએ છીએ. મિત્ર એક એવો સંબંધ છે જેમાં લોહી તો એક હોતું નથી પરંતુ દિલથી દિલ સાથેનો સંબંધ ગાઢ હોય છે. માતાપિતા સાથેનો સંબંધ એ ભગવાન આપણને જન્મતાંની સાથે જ આપે છે પરંતુ મિત્ર તો આપણે પોતે જ બનાવીએ છીએ. આ સંબંધનું મહત્ત્વ કેટલું અને કેવું છે એ વ્યક્તિની ઉપર નિર્ભર હોય છે. કારણ કે મિત્રતાનો સંબંધ માણસ પોતાની રીતે શોધતો હોય છે અને રચતો હોય છે.

હું હવે મારી વાત કરું તો જ્યારે આ વિષય પર મારા પોતાના અનુભવો વિશે વિચારું છું તો હું મને ખુબ જ ખુશનસીબ ગણું છું. મને 'મિત્ર' શબ્દનો સાચો અર્થ કદાચ ખબર જ નહોતી, પરંતુ થોડાક સમય પછી મારો બીજો જન્મ થયો તે જાણે કે મારી કોલેજ કે. કા. શાસ્ત્રીમાં પ્રવેશ થયો તે. આ કોલેજમાં મને મારા ઉત્તમ મિત્રો મળ્યા. શરૂઆતમાં અમે બધાં એકબીજાને ઓળખતાં ન હતાં પરંતુ સમય વીતતો ગયો તેમ-તેમ અમે અરસપરસ ઓળખવા લાગ્યાં અને એ રીતે અમારી મિત્રતા ધીરે-ધીરે દૃઢ થતી ગઈ. પછી તો અમે બધાં મિત્રો સાથે બેસીને વર્ગખંડમાં અભ્યાસ કરતાં થયાં. સાથે-સાથે એકબીજાની બેંચ પર બેસીને વાતો કરવા લાગ્યાં. આવી વાતોમાં હકીકતો તો બહુ ઓછી જ હોય અને કારણ વગરની વાતો વધારે હતી જેને કારણે અમારી મિત્રતા ખાસ દૃઢ બની.

આપણે મોટા થયા પછી આપણી તમામ પ્રકારની વાતો આપણા માતાપિતા સમક્ષ ન કરીએ. અમુક વાતો માતાપિતા સાથે કરવાનું ધીરે ધીરે ઓછું કરી નાખ્યું. પરંતુ એવી અનેક વાતો છે જે આપણે માત્ર આપણા મિત્રો સમક્ષ કરીએ છીએ. કારણકે આપણે જાણીએ છીએ કે અમુક પ્રકારની વાતો મિત્રને જ કરી શકાય અને મિત્ર જ આપણી એવી વાતોને સમજી શકે. હકીકત એ પણ છે કે બધા જ મિત્રોને વાતો કરી શકાતી નથી હોતી, અને બધા જ મિત્રો કંઈ મિત્રતા પણ નિભાવી શકતા નથી હોતા, પરંતુ એવા ખાસ મિત્રો હોય છે જે અમુક વાતોને આપણા કહ્યા વગર પણ સમજી જતા હોય છે. આવા મિત્રો જ આપણી મૂલ્યવાન સંપત્તિ હોય છે.

એમ કહેવાય છે કે સંપત્તિ હોય તો મિત્રો આવી મળે છે, પરંતુ જ્યારે વિપત્તિ પડે ત્યારે જ મિત્રોની પરીક્ષા થાય છે. સંસ્કૃત ભાષામાં અનેક સુભાષિતો છે. આમ તો દરેક ભાષામાં મૈત્રી વિષયની અનેક સુંદર પંક્તિઓ જોવા મળતી

હોય છે. આજના સમયમાં ધંધાને કારણે રચાયેલી મિત્રતાની બોલબાલા છે, પરંતુ માત્ર બે જ વ્યક્તિઓ વચ્ચેની દોસ્તી અથવા તો સાચી દોસ્તી એ જૂના જમાનાની ખરી સંપત્તિ હતી. હવે એ પ્રકારના નિઃસ્વાર્થ મિત્રો બહુ જ ઓછા રહ્યા છે. આમ છતાં આજના જમાનામાં પણ ક્યાંક ને ક્યાંક સાચા અને સારા મિત્રો મળી જતા હોય છે. આવી સુંદર મિત્રતા આપણી આંખ ઠારે છે.

દુનિયાભરના સાહિત્યમાં મૈત્રી વિશે ઘણું બધું કહેવાયું છે. કોઈકે એને ઉચ્ચ આત્મીય સંબંધ તરીકે ઓળખાવી છે, તો કોઈએ તેને બે આત્માનાં લગ્ન તરીકે ઓળખાવી છે. ફ્રેન્ચ સાહિત્યકાર વોલ્તોરે મૈત્રીને 'બે આત્માનાં લગ્ન' કહે છે. પણ તેમાં તેઓ છૂટાછેડાની શક્યતા પણ સ્વીકારે છે.

મિત્રતાથી કોઈ લાભ થાય કે ન થાય. કોઈવાર લાભ પણ થાય અને કોઈવાર નુકસાન પણ થાય, પરંતુ મિત્રતાને નફા-નુકસાનના ત્રાજવે તોળવી જોઇએ નહીં. ફિલસૂફ એરિસ્ટોટલની વાત સાચી છે કે એ ખરો મિત્ર હોવો તે એક વધારાની પૂરક જિંદગી પ્રાપ્ત કરવા બરાબર છે. મિત્રની હસ્તી માત્ર આપણી પોતાની હસ્તીના આનંદને ખૂબ વધારી દે છે.

માણસ દોસ્તીનો વિચાર આદિકાળથી કરતો આવ્યો છે. કિશોરકાળમાં તેને સાચી મૈત્રીનો પ્રથમ આસ્વાદ મળ્યો હોય છે. સુદામા ભગવાન કૃષ્ણ સાથેની બાળપણની મૈત્રી સંભારે છે. આપણા એક લેખક ધૂમકેતુએ એવું કહ્યું છે કે હું કિશોર હતો ત્યારે મને પૈસાદાર થવાનું બહુ મન હતું અને તે એક જ કારણસર કે હું મારા મિત્રોને ગરીબીને દૂર કરી શકું. પન્નાલાલ પટેલે કહ્યું છે કે હારેલાં થાકેલાં આપણે જેને ઘેર જઈને રાહતનો દમ લઈ શકીએ તે સાચો મિત્ર. સાચો મિત્ર એ છે કે દુઃખમાં આશ્વાસન આપે અને આપણા સુખમાં આપણી ઈર્ષ્યા ન કરે. સાચા મિત્ર થવાનું કામ બહુ મુશ્કેલ છે અને છતાં માણસનો ઈતિહાસ નોંધે છે કે બ્રૂટ્સની જેમ કોઈક મિત્ર સિઝરની પીઠમાં ખંજર ભોંકે એવું પણ બન્યું છે. તો એવું પણ બન્યું છે કે એન્જલ્સ જેવા કોઈક મિત્રે માર્ક્સની હયાતીમાં તો તેને બધી જ મદદ કરી હતી પણ મિત્ર માર્ક્સના મૃત્યુ પછી તેની પુત્રીઓને એન્જલ્સે પોતાની મિલકત વહેંચી આપી. સારા મિત્ર બનવા માટે માણસે સારા માણસ બનવું પડે છે.

કોઈ કહે છે કે સરખેસરખી સ્થિતિના મિત્રો વચ્ચે મિત્રાચારી સંભવિત બને અને લાંબી ચાલે છે. બાકી અમીર અને ગરીબ વચ્ચે દોસ્તી બંધાય તે લાંબી ન ચાલે. આ વાત સાચી માની શકાય તેવું નથી. અમીર-ગરીબ વચ્ચેની સાચી દોસ્તીની ઘણી દાસ્તાનો છે આમાં સવાલ અમીર-ગરીબ સ્થિતિનો નથી, મનોવૃત્તિનો હોય છે. એમર્સન કહે છે કે તમે સાચો મિત્ર ન મેળવી શકો તો એને દુર્ભાગ્ય ગણવાને બદલે તમે જાતે જ કોઈકના સાચા મિત્ર બનો. તમે જ્યારે એક સારા મિત્ર બનો છો ત્યારે તમને વહેલી કે મોડી સાચી મિત્રતા પ્રાપ્ત થયા રહેતી નથી. કોઈ કહે છે કે મિત્ર એને ટકાવવી હોય

તો રૂપિયાની આપ-લેમાં પડવું જોઈએ નહીં. મિત્રને તમે પૈસા આપ્યા હોય તો સમજી લેવું કે પૈસા પણ ગયા અને મિત્ર પણ ગયો, પણ આ વાતને સાચી માનવાની જરૂર નથી. એ ખરું છે કે મિત્રો વચ્ચેની નાણાંની લેવડદેવડમાં ઘણાંને કડવા અનુભવો થયા હોય છે. પણ આમાં સાચો મુદ્દો એ જ છે કે જો તમે એક સાચા મિત્ર તરીકે મિત્રને જ નાણાં આપ્યાં હોય તો પૈસાને કારણે મૈત્રીને મુદ્દલ આંચ આવવી નહીં જોઈએ. મિત્રને જ મદદ કરતાં હોય ત્યારે એમ જ સમજવું રહ્યું કે તમે તમારી જાતને મદદ કરી રહ્યા છો.

કોઈએ કહ્યું છે કે –

મારી સારી વાત ભલે ને ભલેને લોકોને નકામી લાગે,
પણ હસતાં-હસતાં આપણાં પેટ દુઃખી જાય એવી મસ્તીની લાગે,
તારી સાથેની દરેક ધમાલ મનને ગમતી લાગે,
મારા મિત્ર, તું મને લાખોમાં એક લાગે!
મિત્ર, તારી મને વાલી લાગે,
તારી સાથેની દરેક યાદ મને રળિયામણી લાગે.

# Positive affectivity

Shefali Parmar
T.Y.B.A.

Positive affectivity (PA) is a human characteristic that describes how much people experience positive affects (sensations, emotions, sentiments...); and as a consequence, how they interact with others and with their surroundings. People with high positive affectivity are typically enthusiastic, energetic, confident, active, and alert. Research has linked positive affectivity with an increase in longevity, better sleep, and a decrease in stress hormones. People with a high positive affectivity have healthier coping styles, more positive self-qualities, and are more goal oriented. Positive affectivity also promotes an open-minded attitude, sociability, and helpfulness.

Those having low levels of positive affectivity (meaning a negative affectivity) are characterized by sadness, lethargy, distress, and un-pleasurable engagement (see negative affectivity). Low levels of positive affect are correlated with social anxiety and depression, due to decreased levels of dopamine.

Research & Findings:

Studies are finding there is a relationship between dopamine release and positive affect in cognitive abilities. For instance, when dopamine levels are low, positive affect can stimulate the release of more dopamine, temporarily increasing cognitive, motor, and emotional processing. Stimulating dopamine release influences several cognitive functions. First, an increase in dopamine in the nigrostriatal system can temporarily relieve motor or cognitive dysfunction, due to Parkinson's.

An increase in dopamine release also influences the mesocorticolimbic system, via VTA cells, increasing mood and open mindedness in older adults. Positive affect also stimulates dopamine production in the prefrontal cortex and the anterior cingulate facilities, which help with processing working memory and executive attention. Lastly, PA indirectly improves memory consolidation in the hippocampus, by increasing acetylcholine release from an increase in dopamine.

Overall, positive affect results in a more positive outlook, increases problem solving skills, increases social skills, increases activity & projetc, and can play a role in motor function.

Negative affectivity:

Positive affectivity (PA) and negative affectivity (NA) are nearly independent of each other; it is possible for a person to be high in both PA and NA, high in one and low in the other, or low in both. Affectivity has been found to be moderately stable over time and across situations (such as working versus relaxing). Positive affectivity may influence an individual's choices in general, particularly their responses to questionnaires.

Happiness, a feeling of well-being, and high levels of self-esteem are often associated with high levels of positive affectivity, but they are each influenced by negative affectivity as well. Trait PA roughly corresponds to the dominant personality factors of extraversion; however, this construct is also influenced by interpersonal components.

Testing:

Because there is not a hard-and-fast rule for defining certain levels of positive affectivity, different self-reported assessments use different scales of measure. Several prominent tests are listed below; in each of these, the respondent determines the degree to which a given adjective or phrase accurately characterizes him or her.

- Differential Emotions Scale (DES): A PA scale that assesses enjoyment (happy or joyful feelings) and interest (excitement, alertness, curiosity).
- Multiple Affect Adjective Checklist – Revised (MAACL-R): Measures PA according to the DES scale and to an additional scale assessing thrill-seeking behavior (i.e., how daring or adventurous the person is).
- Profile of Mood States (POMS): Uses vigor scale to assess the domain of PA.
- Expanded Form of the Positives and Negative Affect Schedule (PANAS-X): This test uses three main scales: joviality (how cheerful, happy, or lively), self-assurance (how confident and strong), and attentiveness (alertness and concentration).
- International Positive and Negative Affect Schedule Short-Form (I-PANAS-SF): This is a brief, 10-item version of the PANAS that has been developed and extensively validated for use in English with both native and non-native English speakers. Internal consistency reliability for the 5-item PA scale is reported to range between 72 and 78.

In business management:

Positive affectivity is a managerial and organizational behavior tool used to create positive environments in the workplace. Through the use of PA, the manager can induce a positive

employee experience and culture. "Since affectivity is related to the employee experiences, we expect the employees with high PA to feel considerable organizational support. Their optimism and confidence also helps them discuss their views in a manner characterized by constructive controversy with their supervisor, so that problems are solved and their positive feelings confirmed". Positive Affectivity allows creative problem solving to flourish in an environment where employees are not intimidated to approach managers, therefore employees believe they are playing a key role in the organization in coming forward with solutions. The goal is to maximize PA and minimize any negative affectivity circulating in the business. Negative emotions, such as fear, anger, stress, hostility, sadness, and guilt, increase the predictability of workplace deviance, and therefore reduce the productivity of the business.

Effects:

Positive affectivity is an integral part of everyday life.[citation needed] PA helps individuals to process emotional information accurately and efficiently, to solve problems, to make plans, and to earn achievements. The broaden-and-build theory of PA suggests that PA broadens people's momentary thought-action repertoires and builds their enduring personal resources.

Research shows that PA relates to different classes of variables, such as social activity and the frequency of pleasant events. PA also strongly relates to life satisfaction. The high energy and engagement, optimism, and social interest characteristic of high-PA individuals suggest that they are more likely to be satisfied with their lives. In fact, the content similarities between these affective traits and life satisfaction have led some researchers to view both PA, NA, and life satisfaction as specific indicators of the broader construct of subjective well-being.

PA may influence the relationships between variables in organizational research. PA increases attentional focus and behavioral repertoire, and these enhanced personal resources can help to overcome or deal with distressing situations. These resources are physical (e.g., better health), social (e.g., social support networks), and intellectual and psychological (e.g., resilience, optimism, and creativity).

PA provides a psychological break or respite from stress, supporting continued efforts to replenish resources depleted by stress. Its buffering functions provide a useful antidote to the problems associated with negative emotions and ill health due to stress. Likewise, happy people are better at coping. McCrae and Costa concluded that PA was associated with more mature coping efforts.

## પ્રેમદીવાની મીરાંબાઈ

દિશા એચ. ડામોર
ટી.વાય.બી.એ.

સમગ્ર વિશ્વના સંતસાહિત્યમાં મીરાંબાઈનું અનોખું સ્થાન છે. ભકત-કવયિત્રી તરીકે મીરાંબાઈ ખૂબ જ પ્રસિદ્ધ છે. મીરાંબાઈ કૃષ્ણભક્ત હતાં, જેમણે ભગવાન કૃષ્ણને પોતાના પતિ તરીકે સ્થાપ્યા હતા અને તેને અનુલક્ષીને અનેક પદો રચ્યાં છે. આ પદો મુખ્યત્વે સખ્યભાવમાં રચાયેલાં છે, પ્રેમભાવમાં રચાયેલાં છે. મેવાડના વતની અને એક સમયે રાજરાણી મીરાંબાઈએ કૃષ્ણ પ્રત્યેની ભક્તિ માટે તમામ સુખસાહ્યબીઓ પાછળ છોડીને ગામેગામ ફરી કૃષ્ણભક્તિનાં ગીતો ગાનાર સાધ્વીનું રૂપ લઈ લીધું હતું. મીરાંબાઈએ કૃષ્ણભક્તિની અનેક ગુજરાતી કાવ્યરચનાઓ આપણને આપી છે. મુખ્યત્વે મીરાંબાઈનાં પદો વ્રજ ભાષા અને મારવાડી ભાષામાં પણ છે પરંતુ મીરાં ગુજરાતમાં આવ્યાં અને ગુજરાતીમાં કાવ્યરચના કરી, એટલે મીરાંબાઈને આપણે ગુજરાતી પણ કહી શકીએ.

મીરાંબાઈનો જન્મ સંવત ૧૪૯૮માં જોધપુરમાં મેડતા નજીક આવેલા કુડકી ગામમાં થયો હતો. તેમના પિતા રતનસિંહ ઉદયપુરના સ્થાપક રાવ રાઠોડના વંશજ હતા. જ્યારે મીરાં માત્ર ત્રણ વર્ષના હતાં ત્યારે તેમના ઘેર એક સાધુ આવ્યા અને તેમણે કૃષ્ણની એક રમકડાંની મૂર્તિ તેમના પિતાને આપી હતી. તેમના પિતાએ આ મૂર્તિ આશીર્વાદ સમજીને સ્વીકારી લીધી. શરૂઆતમાં તેમણે તે મીરાંને ન આપી કેમકે તેને લાગ્યું કે કદાચ નાની બાલિકાને તે નહીં ગમે પરંતુ પ્રથમ દૃષ્ટિ પડતાં જ આ મૂર્તિ મીરાંના મનમાં વસી ગઈ. એ ત્યાં સુધી કે તેને મૂર્તિ ન મળે ત્યાં સુધી તેણે કંઈ પણ ખાવા-પીવાની મનાઈ કરી દીધી. મીરાં માટે આ મૂર્તિ જાણે કૃષ્ણનું જીવંત અસ્તિત્વ બની ગઈ. તેણે કૃષ્ણને આજીવન સખા, પ્રેમી અને પતિ બનાવવાનો નિર્ણય કર્યો. પોતાના બાળપણના આ અભિગ્રહને તેણે પોતાના સમગ્ર ઝંઝાવાતી જીવન દરમ્યાન પાળ્યો. બાળપણમાં એક સમયે મીરાંએ ગલીમાંથી એક લગ્નનો વરઘોડો પસાર થતો જોયો. માતા તરફ ફરી તેણે નિર્દોષતાથી પૂછ્યું : 'મારા પતિ કોણ હશે?' તેની માતાએ અડધી ઉતાવળ અને અડધી મજાકમાં ઉત્તર આપ્યો : 'તારે તો પહેલેથી જ શ્રીકૃષ્ણ તારા પતિ છે!' અને એ રીતે મીરાંની માતા તેના મનમાં વધતા જતા ભક્તિમાર્ગને સહાયક બની હતી. પણ તેના બાળપણમાં જ આ માતા મૃત્યુ પામી.

નાની ઉંમરમાં જ મીરાંબાઈના વિવાહ ઉદયપુરના ચિત્તોડના રાણાસાંગાના પુત્ર મહારાણાકુમાર ભોજરાજ સાથે થયો હતો. તેઓ બાળપણથી જ કૃષ્ણભક્તિમાં રુચિ લેવા લાગ્યાં હતાં. લગ્નના થોડા દિવસ પછી મીરાંના પતિ

ભોજરાજજીનો સ્વર્ગવાસ થઈ ગયો. પતિના મૃત્યુ પછી તેમની ભક્તિ દિનપ્રતિદિન વધતી ગઇ. તેઓ મંદિરોમાં જઈ ત્યાં મોજૂદ કૃષ્ણભક્તોની સામે કૃષ્ણની મૂર્તિ આગળ નાચતાં રહેતાં હતાં. મીરાંના કહેવાથી રાજા મહેલમાં જ કૃષ્ણમંદિર બનાવડાવી દે છે. મહેલમાં કૃષ્ણભક્તિનું એવું વાતાવરણ બન્યું કે ત્યાં સાધુસંતોની આવનજાવન શરૂ થઈ ગઈ. મીરાંના દિયર રાણાજીને આ પસંદ ન હતું. ઊધાજીએ પણ તેમને સમજાવ્યાં પણ મીરાં દુનિયા ભૂલી કૃષ્ણમાં રમતી જાય છે અને વૈરાગ્ય ધારણ કરી જોગણ બનતી જાય છે.

પ્રચલિત કથા અનુસાર મીરાં વૃંદાવનમાં ભક્તશિરોમણી જીવગોસ્વામીના દર્શન માટે ગયાં. ગોસ્વામીજી સાચા સાધુ હોવાથી સ્ત્રીને જોવી પણ અનુચિત સમજતા હતા. ત્યારે અંદરથી જ કહેવડાવ્યું કે અમે સ્ત્રીઓને નથી મળતા. આ પર મીરાંબાઈનો ઉત્તર ખૂબ માર્મિક હતો. તેમણે કહ્યું કે મને તો એમ હતું કે વૃંદાવનમાં તો શ્રીકૃષ્ણ જ એક પુરુષ છે. અહીં આવી જાણ્યું કે તેમનો એક વધુ પ્રતિદ્વન્દ્વી પેદા થઈ ગયો છે. મીરાંનો આવો મધુર અને માર્મિક ઉત્તર સાંભળી જીવગોસ્વામી ખુલ્લા પગે બહાર નીકળી આવ્યા અને ખૂબ પ્રેમથી તેમને મળ્યા. આ કથાનો ઉલ્લેખ સર્વપ્રથમ પ્રિયદાસની કવિતામાં મળે છે :

વૃંદાવન આઈ જીવગુંસાઈ જૂ સો મિલઝિલી,
તિયા મુખ દેખબે કા પન લૈં છુટાયૌ.

મીરાંબાઈએ અનેક રચનાઓ કરી અને એના આધારે એમના કેટલાક ગ્રંથો આપણને મળે છે : બરસી કા માયરા, ગીતગોવિંદ ટીકા, રાગ ગોવિંદ, રાગ સોરઠ કે પદ વગેરે એમની પ્રચલિત રચનાઓ છે. આ સિવાય મીરાંબાઈનાં ગીતોનું સંકલન 'મીરાંબાઈ કી પદાવલિ' નામના ગ્રંથમાં કરવામાં આવ્યું છે.

મીરાંબાઈના ગુરુ : ઘણા લોકોનું માનવું છે કે મીરાંબાઈના ગુરુ નહોતા. પરંતુ મીરાંબાઈએ ગુરુની શોધ આદરી હતી અને તેઓ અનેક સંતો-ભક્તોને મળ્યાં હતાં. આખરે સંત રૈદાસજી કે જેઓ ઉત્તરભારતના સંત રવિદાસજીના નામે સુખ્યાત છે, તેમના ઉપર તેમનું મન વિરમ્યું હતું. મીરાંબાઈએ પોતાની ઘણી વાણીઓમાં પોતાના ગુરુ સંત રૈદાસજીનો ઉલ્લેખ કરેલો છે :

નહિ મૈં પીહર સાસરે, નહિ પિયાજી રી સાથ,
મીરાંને ગોબિંદ મિલ્યા જી, ગુરુ મિલ્યા રૈદાસ.

ખોજત ફિરું ભેદ વા ઘર કો, કોઈ ન કરત બાખાની,
રૈદાસ સંત મિલે મોહિં સતગુરુ, હીન્દી સુરત સહદાની.

ગુરુ મિલ્યા મ્હાને રૈદાસ, નામ નહીં છોડું.

કાશીનગરના ચોકમાં, મને ગુરુ મિલા રૈદાસ.

ગુરુ મિલિયા રૈદાસજી, હીન્દી જ્ઞાન કી ગુટકી.

ચિત્તોડના કીર્તિસ્તંભની પાસે આદિવરાહનાં બે વિષ્ણુમંદિર એક જ સપાટી પર પાસપાસે આવેલાં છે. આમાંના નાના મંદિરમાં મીરાં ભજનપૂજન માટે જતી-આવતી. એમાંથી લોકવાયકા ચાલી કે મોટું મંદિર તે કુંભારાણાનું અને નાનું મંદિર તે મીરાંનું, એની રાણીનું બંધાવેલું. કર્નલ ટોડ, ગોવર્ધનરામ ત્રિપાઠી અને કૃષ્ણલાલ ઝવેરી જેવાએ આ લોકવાયકાનો આધાર લીધેલો જણાય છે.

મુનશી દેવીપ્રસાદે પોતાના સંશોધનને આધારે લખેલા હિન્દી લેખમાં મીરાંબાઈના જીવન સંબંધી ઐતિહાસિક સામગ્રી વર્ષો પહેલાં પૂરી પાડી હતી. બૃહદ કાવ્યદોહનના ભાગ સાતમામાં મીરાંબાઈ વિશે વિસ્તૃત ગુજરાતી લેખ છે. મીરાંબાઈના જીવન સંબંધી મળતી ઐતિહાસિક અને કેટલીક લોકવાયકાઓનો સમન્વય સાધી બતાવતો ગુજરાત સંશોધન મંડળના ત્રૈમાસિકના એપ્રિલ ૧૯૫૬ના અંકમાં છપાયેલ ડૉ.ગેત્સનો અંગ્રેજી લેખ નવી વિચારસામગ્રી પૂરી પાડતો હોઈ આગવું મહત્વ ધરાવે છે. ડૉ.ગેત્સને મતે મીરાંને મારી નાખવાના પ્રયાસો કરનારા રાણા સંગ પછી ગાદીએ આવેલા મીરાંના દિયર રતનસિંહ અને તે પછી દિયર વિક્રમ. મીરાંબાઈ મેવાડ છોડીને દ્વારકા ગઈ અને ત્યાં જ લોકવાયકા મુજબ એના જીવનનો અંત આવ્યો. ડૉ.ગેત્સ આ વાયકાને નકારે છે અને મીરાં તે પછી પણ લાંબું જીવી એમ કહે છે. તેમનો ઐતિહાસિક વિગતોથી ભરપૂર લેખ મીરાંબાઈના વ્યક્તિત્વ ઉપર નવો જ પ્રકાશ પાડે છે, છતાં તેમના પણ અનેક નિષ્કર્ષો આનુમાનિક જ છે.

પોંડીચેરીના અરવિંદ આશ્રમના અંતેવાસી શ્રી દિલીપકુમારે પ્રસિદ્ધ કરેલ કાવ્યસંગ્રહ ‘શ્રુતાંજલિ’ અને ‘પ્રેમાંજલિ’માં આરંભે મીરાં વિષયક આપેલી સામગ્રી પણ રસપ્રદ છે. સ્વ. રૉયની શિષ્યા ઈન્દિરાદેવીને એમની સમાધિ દશામા વારંવાર જે મુલાકાતો મીરાંબાઈએ આપી તેની તારીખવાર નોંધો ‘ડાયરી’ શીર્ષક હેડળ આપેલી છે. તેમાં મીરાના ગુરુ તરીકે શ્રી ચૈતન્ય મહાપ્રભુના શિષ્ય સનાતન ગોસ્વામીનું નામ મળે છે.

ઈતિહાસ મુજબ કુંભારાણા પછી આવે રાણા રાયમલ. તેની પછી રાણો સંગ, સંગ્રામસિંહ. રાણા સંગનો જ્યેષ્ઠ પુત્ર ભોજરાજ. મીરાં આ પાટવી કુંવરની પત્ની હોય ભાવિની મહારાણી હતી. પણ ખટોલીના યુદ્ધમાં જખમી થયેલ ભોજરાજા ઝાઝું ન જીવ્યો અને ત્રેવીસેક વર્ષની ઉંમરે ભરજુવાનીમાં મીરાં વિધવા થઈ.

ભોજરાજાની માતા હતી સોલંકીકુળની કનવરબાઈ, પણ રાણા સંગના અંતઃપુરમાં સત્તાધીશ હતી ઝાલી રાણી રતનકુંવર. એ રૈદાસની શિષ્યા હતી અને સાસરામાં મીરાંને એનો સારો એવો આશ્રય હતો. રાણા સંગની ત્રીજી રાણી તે જોધપુરવાળી ધનબાઈ. આ ધનબાઈનો પુત્ર રતનસિંહ પિતાના મૃત્યુ બાદ ગાદીએ આવેલો અને એણે મીરાંને ત્રાસ આપેલો. રાજયની ખટપટોમાં એનું ખૂન થયેલું. રાણા સંગની ચોથી રાણીનું નામ કરમેતી. એના બે પુત્રો તે વિક્રમાજિત અને ઉદયસિંહ. તેની પુત્રીનું નામ ઉદાબાઇ. આ ઉદાબાઈ મીરાંથી ઉંમરમાં ઘણી નાની હોવાથી એણે મીરાંને ત્રાસ આપ્યાની વાત પાછળથી ઉપજાવી કાઢેલી ગણાય. મેવાડ પરના મુસલમાનોના આક્રમણ પછી થયેલ સુલેહસંધિને પરિણામે પાંચેક વર્ષના વિક્રમને મુઝફ્ફર બીજાને સોંપવો પડેલો. નાના ઉદયસિંહને એની દાઈ ટોપલામાં ઘાલી નાસી ગઈ હતી એ વાત સુપ્રસિદ્ધ છે. રતનસિંહ પછી ગાદીએ આવનાર વિક્રમાજિત ચરિત્રહીન હતો. એણે પણ રતનસિંહની માફક મીરાંને ઘણો ત્રાસ આપ્યો, પરિણામે મીરાં મેવાડ છોડી ગુજરાતમાં દ્વારકા ખાતે આવી ગઈ.

રાજખટપટમાં વિક્રમનું પણ ખૂન થયું. થોડા સમય બાદ તેનો નાનો ભાઈ ઉદયસિંહ મેવાડની ગાદી આપ્યો. મેવાડની પડતીનું કારણ મીરાં જેવી સાધ્વી રાજ્ય છોડી ગઈ તે છે એમ માનતા ઉદયસિંહે મીરાંને પાછી બોલાવવા પ્રયત્નો આદર્યા. મેવાડ પાછા ન ફરવાનો નિશ્ચય કરી ચૂકેલી મીરાં લોકવાયકા પ્રમાણે મંદિરમાં રણછોડરાયના દર્શને ગઈ ને પછી દેખાઈ જ નહીં. એવી માન્યતા ચાલી કે મીરાં પોતાના પ્રભુની મૂર્તિમાં સમાઈ ગઈ.

ડૉ. ગેત્સને મતે મીરાંબાઈ છૂપી રીતે દ્વારકા છોડી ચાલી નીકળી અને દક્ષિણ ભારતની તીર્થયાત્રાઓ પતાવી પછી ઉત્તર ભારતમાં બંધોઘાટ ખાતે જઈને વસી. ત્યાં એને પ્રસિદ્ધ ગવૈયા તાનસેન અને જુવાન બાદશાહ અકબરની મુલાકાત થઈ હતી. અકબરે પ્રવર્તાવેલ નવા ધર્મ પાછળની પ્રેરણા મીરાંબાઈ જ હતી એમ ડૉ. ગેત્સ માને છે.

‘મારી સુરતા શામળિયાના પમાં રે ’ એમ કહેતી મીરાં પતિસેવા માટેની ઉત્સુકતા દર્શાવતાં ગાય છે : ‘મને ચાકર રાખોજી’ તેમ જ તે કહે છે : ‘શરણે રાખો તો કરું ચાકરી’; ‘માણીગર સ્વામી મંદિરે પધારો, સેવા કરું દિન-રાતડી.’ એનું સાચું ઘરેણું તો શામળિયો જ છે. પોતાના મંદિરે પધારતા પ્રિતમને મીરાં મોતીડે વધાવી ઉત્તમ રીતે સત્કારવાની વાત કરે છે. જાતજાતનાં ભોજન જમાડી મોહનને સુખશૈય્યાએ પોઢાડવાની વાત મીરાંએ અનેક પદમાં કરી છે.

મીરાંની ભક્તિ માધુર્યભાવની ભક્તિ તરીકે જાણીતી છે. આ ભક્તિમાં દામ્પત્ય ભાવનું પ્રાધાન્ય છે. સ્ત્રી અને પુરુષનો પરસ્પર પ્રેમાનુરાગ જગતના સૌ આકર્ષણમાં પ્રબલતમ અને તીવ્રતમ છે. પોતાના પ્રિયમતને મળવાની

તાલાવેલી અને એના વિરહમાં વેઠવી પડતી અંતરની વેદના, તેમજ માનસિક રીતે પ્રિતમ સાથે અનુભવાતી તન્મયતા, આત્મસમર્પણની અદ્દ્ભુત વૃત્તિ એ બધાંને આપણે મુધર રતિભાવના રહસ્યરૂપ ગણી શકીએ. મધુર રસ અનુસાર ભક્ત પોતાના ભગવાનને પતિરૂપે જુએ છે. મીરાં શ્રીકૃષ્ણની અનન્ય ભક્ત હોવાથી તેના પદોમાં મળતો માધુર્યભાવ સરળ, સહજ, સ્વાભાવિક અને માર્મિક છે. ગોકુળ-વૃંદાવનના કૃષ્ણ અને ગોપીઓના જેવા અલૌકિક ભક્તિભાવથી મીરાંએ પોતાની જાતને ગિરિધર નાગરના હાથમાં અમોલ વેચી દીધી હતી. મીરાં પોતાને કૃષ્ણની જન્મોજન્મની દાસી ગણાવે છે. પોતાની પ્રભુ સાથેની પુરાણી પ્રીતને કારણે પોતે પળવાર પણ એના વગર રહી શકતી નથી. જનમોજનમના પોતાના સાથીની યાદ એને સતત સતાવે છે .પોતાના પ્યારા મોહનની મૂર્તિ સમક્ષ લોકલાજને છોડીને પગે ઘુઘરા બાંધી મીરાં નાચે છે અને મોહનને રીઝવે છે. માધુર્યભાવની નારીસુલભ સૌ વાતો મીરાં કરે છે. પોતાના વહાલાને ઉમળકાપૂર્વક સત્કારી પોતે બનાવેલ ભાતભાતના સ્વાદિષ્ટ ભોજન તેને જમાડી મીરાં સુખની સેજ ઉપર પોઢાડે છે.

મીરાંનો પ્રેમ દેખાવમાં સૌકિક છતાં અલૌકિક છે. એણે દાખવેલો ભક્તિયુક્ત મધુર રસ શૃંગારપ્રધાન ભલે હોય છતાં તે લૌકિક શૃંગારથી ભિન્ન એવો અલૌકિક દિવ્ય શૃંગાર છે. સાંસારિક ભાવમાં પ્રગટ થતી સ્થૂળતા અહીં ગેરહાજર છે. મીરાંમાં તો આત્માના ઐક્યનો, બિંદુ-સિંધુની એકરૂપતાનો પરિચય મળે છે. મધુર રસ પોતે આત્માનું જ ધર્મ હોઈ માધુર્ય ભાવનામાં અશ્લીલતા સંભવતી નથી.

માધુર્ય ભક્તિનાં ત્રણ મુખ્ય અંગો છે : ૧. રૂપવર્ણન અને સૌંદર્ય ભાવના ૨. વિરણવર્ણન અને ૩. મિલન અને પૂર્ણપણે આત્મસમર્પણ. મીરાંનાં પદોમાં બહુ સ્પષ્ટ રીતે આ ત્રણે અંગો ગૂથાયેલાં જણાય છે. શ્રીકૃષ્ણના સગુણ રૂપના લાવણ્ય પર મીરાં મુગ્ધ છે. એના આરાધ્યદેવ શ્રીકૃષ્ણ મોરપીંછનો મુગટ ધારણ કરે છે અને કાને કુંડળ ઝળકે છે; લલાટે લાલ તિલક છે, ગળામાં વૈજયંતી માળા છે. વિશાળ આંખોવાળા એ શ્યામસુંદરના અધર પર મીઠીમોહક બંસરી છે. પરમ સૌંદર્યનિધાન અને મૂર્તિમંત શૃંગારરૂપ મોહનના રૂપમાધુર્યનો સાક્ષાત્કાર કરતી મીરાં પોતાની જાતને ભૂલી એ રૂપસાગરના પ્યારમાં ડૂબી જાય છે. મીરાએ કરેલ રૂપવર્ણન છે તો પરંપરાગત, એણે યોજેલ ઉપમાનો પણ પરિચિત છે, છતાં અંતરના ભાવની સહજતા અને ઉત્કટતાને કારણે તેમાં નવીનતા લાગે છે.

પહેલાં રૂપનું આકર્ષણ હોય અને પછી તેમાંથી પ્રેમ જન્મે. એ પ્રેમની માત્રા ઉત્તરોત્તર વધતી જાય અને તે સાથે એની સાથે જ આવતી પીડા પણ. પ્રીતમના વિરહની વેદના તો જેણે અનુભવી હોય તે જ જાણે. મીરાં પણ એ જ કહે છે : 'ઘાયલ કી ગત ઘાયલ જાને ઔર ન જાને કોઇ.' કૃષ્ણના વિરહની વેદના, વ્યગ્રતા અને વિવશતા એનાં અનેક પદોમાં નિરૂપાઈ છે. સતત સંતાપથી સંતપ્ત મીરાં કટારી ખાઈને કે ઝેર ખાઈને પ્રાણ ત્યાગ કરવા તત્પર બનતી જણાય છે. મીરાંનું પ્રીતિદગ્ધ, પ્રણયવ્યાકુળ, વેદનાપૂર્ણ હૈયું એનાં વિરહનાં પદોમાં છતું થાય છે.

## સમય સમયની વાત

ખુશ્બૂ દવે
ટી.વાય.બી.એ.

સમય સમયની વાત છે જ્યારે આપણા વડીલો પહેલાના સમયની વાત કરે છે કે તે સમયે લોકો શાંતિથી એકબીજા સાથે હળીમળીને રહેતા, કોઈપણ જાતની દોડાદોડી વિના જીવન પસાર કરતા હતા. તેઓ સંગીત સાંભળતા, નાટકો જોવા મળે ત્યારે નાટકો જોતા, ભવાઈ જોતા, ખેતીકામ કરતા અને સાથે બેસીને વાતો કરતા. આખા પરિવાર સાથે બેસીને જમતા. પરિવાર સાથે બેસીને સૌ જમે ત્યારે આખા દિવસનો થાક ઉતરી જતો, અને અત્યારના સમયમાં આપણે સૌ સિમેમા જોવા, ટીવી જોવા, મોબાઈલ અને કોમ્પ્યુટર પર સમય આપવામાં વ્યસ્ત છીએ.

આપણા સૌનો સમય આવાં જાતજાતના ઉપકરણોમાં પસાર થઈ રહ્યો છે. આવાં બધાં ઉપકરણો મદદરૂપ થાય છે પરંતુ એનાથી માણસની શાંતિ દૂર થઈ ગઈ છે. પહેલા વાચન એ જ્ઞાન અને આનંદનો સ્રોત હતો. વ્યક્તિઓ એકબીજાને મળતા એનાથી પણ પ્રફુલ્લિત બની જવાતું હતું. લોકો એકબીજાના ઘરે મહેમાન બની જતા અને તેમનો આદર સત્કાર થતો હતો. પરંતુ અત્યારના સમયમાં આ બધું નહિવત્ પ્રમાણમાં જોવા મળે છે. આ બધાનું સ્થાન મોબાઈલ અને કૉમ્પ્યૂટરે લઈ લીધું છે. એટલે જ કહેવાય છે કે આ બધી તો સમય સમયની વાતો છે.

આજના સમયમાં માનવીએ ખૂબ જ ભૌતિક સુવિધા પ્રાપ્ત કરી છે. તેની પાસે ઘણું બધું હોવા છતાં તેને સંતોષ મળતો નથી. સામાન્ય જરૂરિયાતો માટે પણ તે દોડતો રહે છે અને પોતાને કમનસીબ માને છે. ત્યારે કેટલાક વ્યક્તિ પાસે તેટલી સુવિધા પણ હોતી નથી કે જેમને કમનસીબ ગણી શકીએ. હું મારો જ અનુભવ જણાવું તો મારી પાસે બધું જ હોવા છતાં ક્યારેક કોઈ વસ્તુ જોઇને અફસોસ થાય છે કે આની કમી રહી ગઈ છે. પરંતુ થોડા સમય પહેલાંની વાત છે કે કોલેજ જતાં રસ્તામાં ઝૂંપડપટ્ટીમાં વસતા લોકો કે જેમની પાસે કંઈ જ નથી પહેરવા માટે પૂરતાં કપડાં નથી, જમવા માટે પૂરતું જમવાનું નથી અને ઠંડી કે વરસાદ હોય તો એનું રક્ષણ કરવા માટે પૂરતું રહેવાનું નથી એ જોઈને મને વિચાર આવ્યો કે એ લોકો જે સમયમાં રહે છે એના કરતાં તો હું બહુ જ સારી રીતે રહું છું. મારાં મમ્મી-પપ્પાએ ઘણું બધું આપ્યું છે તેથી મારે કોઇ ફરિયાદ ન કરવી જોઈએ અને થઈ શકે તેટલું મમ્મી-પપ્પા માટે જીવનમાં સારું કરવું જોઈએ. આ તો મારા અનુભવનો નાનો પ્રસંગ હતો, તેમ છતાં કેટલાક એવા માનવીઓ છે કે તેમની પાસે સગવડો તો ખૂબ જ હોય છે તેમ છતાં વધુ ને વધુ સુવિધા પ્રાપ્ત કરવા માટે તેઓ દોડતા રહે છે. તેથી હું એવા વ્યક્તિઓને વધુ કમનસીબ માનું છું કે તેમની તરસ બુઝાતી નથી. વધુ મેળવવાની લાલસા વધુ ને વધુ તીવ્ર બની રહે છે. વધારે ને વધારે વધારે સુવિધા પ્રાપ્ત કરવામાં

માણસ દોડતો જ રહે છે. જ્યાં સુધી હારી, હાંફી અને થાકી ન જાય ત્યાં સુધી દોડતો રહે છે. મેળવવાના મોહમાં ફસાઈ જાય છે અને અંતે તેમાંથી બહાર પણ નીકળી શકતો નથી.

માણસે પોતાના સમય કે પરિસ્થિતિ ભૂલી ન જવાં જોઈએ અને ક્યારેય અભિમાન ન કરવું જોઈએ. પહેલાના સમયમાં માનવી પાસે ધન, દોલત, જમીન, સોનું હોવા છતાં અભિમાન નહોતાં કરતા અને બીજાને મદદ કરતાં હતાં. પરંતુ અત્યારના સમયમાં તેવું રહ્યું નથી. બધા પોતાના જીવનમાં વ્યસ્ત રહે છે અને થોડી પણ ઉપલબ્ધિ પ્રાપ્ત થાય છે કે અભિમાન આવી જાય છે. પરંતુ અભિમાન તો રાજા રાવણનું પણ ઊતરી ગયું હતું તો આપણે તો સામાન્ય માનવીઓ છીએ.

એક રાજાની કથા છે. ઘણા સમય પહેલાંની વાત છે. આ વાત પ્રખ્યાત એવા રાજા મિડાસની છે. રાજા મિડાસને સોનાનો ખૂબ જ મોહ હતો. તેનો મોહ વધારે પડતો હતો. ભગવાન પાસેથી એવું વરદાન મેળવ્યું કે પોતે જે પણ વસ્તુનો સ્પર્શ કરે તે સોનાની બની જાય. વરદાન પણ મળ્યું અને રાજા મિડાસ ખૂબ જ આનંદિત થયો હતો. તે જે પણ વસ્તુને સ્પર્શ કરે તે સોનું બની જાય. લોખંડ, લાકડું બધું સોનાનું બની ગયું. આમ રાજા આટલું બધું સોનું જોઈને ખૂબ ખુશ થઈ ગયો હતો, પરંતુ એવું બનવા લાગ્યું કે રાજા પાણી પીવા જાય અને પાણીને સ્પર્શ કરે તો પાણી પણ સોનું બની જાય; જમવા બેસે અને જમવાના ભોજનને સ્પર્શ કરે તો તે ભોજન પણ સોનું બની જાય; અને અંતે એવી સ્થિતિ આવી કે રાજા મિડાસ પોતાની પુત્રીને સ્પર્શ કરે છે તો એ પુત્રી પણ સોનાની બની જાય છે. આને કારણે રાજાને ખૂબ દુઃખ થાય છે. તે કલ્પાંત કરે છે પરંતુ એનાથી કંઈ થઈ શકતું નથી, કારણ કે એને એવું વરદાન હતું કે એ જેને જેને સ્પર્શે તે બધું સોનાનું બની જાય. તેને પોતાના સોનાના આવા વરદાન માટે અભિમાન હતું પરંતુ એ અભિમાન અંતમાં તો અભિશાપ બની ગયું.

આ વાત પરથી જ આપણા વડીલો સમજાવે છે કે સમય સમયની વાત છે; અને એમ પણ કહે છે કે સંપત્તિ સાવ ઓછી હોય તે પણ સારું નહીં અને બહુ વધારે હોય તો તે પણ સારું નહીં. કારણ કે ઓછી હોય તો વધુ મેળવવાની લાલચ જાગે છે અને વધારે હોય તો વધારેમાં વધારે મેળવવાની ઈચ્છા તીવ્ર બને છે. વ્યક્તિ સામાન્ય જરૂરિયાત માટે અછતને કારણે દોડતો રહે એ સમજી શકાય એવું છે પણ તેમની પાસે બધું હોય અને છતાં દોડે તો એવો માનવી કમનસીબ છે. માણસ વધુ મેળવવામાં દોડી-દોડીને મોહની માયાજાળમાં સપડાઈ જાય છે અને ખુદને પણ એનો એને ખ્યાલ રહેતો નથી. સાચું સુખ ધન-દોલતમાં નથી પરંતુ સાચું સુખ તો સંયમ, મર્યાદા અને સાદગીમાં રહેલું છે. આ વાત ભર્તૃહરિ હોય કે શેખસાદી જેવા સૂફી હોય કે પછી આધુનિક યુગમાં જીવી ગયેલ મહાત્મા ગાંધી હોય – આ વાત બધાએ સમજાવી છે. ગાંધીજી પણ બધું હોવા છતાં સુખ-સુવિધા ત્યાગ કરીને સાદગીમાં જીવન પસાર કરતા હતા. તેથી જ ગાંધીજીએ સ્વતંત્ર

રીતે રહેવું જોઈએ એવો સંદેશો આપ્યો અને લોકોએ પણ એ રીતે જ રહેવું જોઈએ. જે સ્વતંત્ર છે તે સુખી છે અને જે પરાધીન છે તેના જેવું બીજું કોઈ દુઃખી નથી.

મહાભારતમાં રાજા યુધિષ્ઠિર એવું કહે છે કે જેને માથે દેવું નથી તે પોતાના ઘરમાં નિર્ભયપણે રહી શકતો હોય છે, સ્વતંત્ર રીતે અને સુખી રીતે રહી શકતો હોય છે. મનુસ્મૃતિ પણ એવું કહે છે કે તમામ પ્રકારની પરાધીનતા એ દુઃખ છે અને તમામ પ્રકારની સ્વાધીનતા એ જ સુખ છે. અત્યારના સમયમાં એવું છે કે જેમાં સંપૂર્ણ સ્વતંત્રતા શક્ય જ નથી અને જોનારને ધનવાન અને વિલાસી વ્યક્તિઓનું જીવન ભર્યુંભર્યું લાગે છે. પરંતુ બધું જંજાળમાં સપડાયેલું હોય છે. બહારથી બધું બરાબર લાગે પરંતુ અંદર તો બધુ ગુંચવાયેલ હોય છે. આવી ગૂંચવણ તો જે વ્યક્તિ એમાં ફસાઈ હોય એ જ જાણે છે. આવી વ્યક્તિ અમુક પ્રકારની સૂક્ષ્મ પરાધીનતા અનુભવતી હોય છે, જે એને જીવનનું સાચું સુખ લેવા દેતી નથી એવી એ પરાધીનતા હોય છે. સુખી જીવન જીવવા માટે રાત-દિવસ દોડવાને બદલે સંયમ અને સાદગીથી પોતાના પરિવાર સાથે હળીમળીને રહેવું જોઈએ. સાદગી અને સંયમ દરેક વ્યક્તિ માટે અલગ અલગ હોય છે. તેનો સંબંધ બાહ્ય હોતો નથી પણ આંતરિક હોય છે.

વ્યક્તિ પોતાની ભૌતિક સુખ-સુવિધાની દોડમાં ઉતર્યા પછી એને આત્મખોજ કરવાનો સમય મળતો નથી. પોતાની લાલચમાં અને લોકોમાં આત્મજાગૃતિ રાખવાનું શક્ય બનતું નથી, તેથી પહેલેથી જ વ્યક્તિએ પોતાનો પહેલાનો સમય, કંઈક હોવાનું અભિમાન અને મેળવવાની લાલચ વગેરેમાં સંયમ રાખવો જોઈએ અને મર્યાદાનું ઉલ્લંઘન ન થાય તેનો ખ્યાલ રાખવો જોઈએ. કારણકે જ્યારે બધું સમજાય ત્યારે માણસ પાસે પોતાની ભૂલો સુધારવાનો સમય હોતો નથી અને એટલા માટે જ કહેવાય છે કે સમય સમયની બધી વાત છે. એ બધું સમય આવ્યે સમજાય તો છે પણ પછીથી સમજવાનો સમય હોતો નથી. આથી, ભૂતકાળના સમયને ભૂલીને ન તો અભિમાન કરવું, ન તો પોતાના સમયને વીસરવો, કે ન તો પોતાના સમયથી આગળ નીકળી જવાની દોટ મૂકવી.

## Craze among students to go to abroad

Prakruti G. Anand
T.Y.B.A.

There is a craze among Indian students to go to abroad for higher studies. It is probably due to reasons like better opportunities and high standard of living. The craze starts right from the beginning when they first start thinking about higher studies and career. Most parents would love to see their children study abroad and finally settling there. They do not realise that this is a One Way Street and that their child could be lost forever. There are many complications to the motivation of parents who want to send it children abroad.

India is unfortunate in the sense that a majority of our educated citizen feel that there is no future in our country. Children are quite adaptable in their younger years and they are readily accept this outlook. Thus, craze for going abroad gets ingrained in their thinking. It is surprising that many teachers and tutors, all put high premium on their students to go abroad. Children generally accept what their teachers say. In general Indian society gives high regard to a person who has studied or is working abroad. The tags 'NRI', 'foreign returned', 'green card holder' etcetera are held in high esteem. Even in the marriage market these tags are valuable. With this sort of mentality, it is not surprising that our children dream of going abroad for studies, jobs etc., little realising the pitfalls that they have to face.

Some students fall prey to the negative aspects of Western lifestyle and take the familiar path towards alcoholism and drugs. Some of them cannot take the intense pressure of multinational competition and settle for lesser the degrees and substandard jobs. Obviously good number to come out with flying colours. Studying and working abroad is not piece of cake. We all witnessed the racial discrimination. Indian student in so-called developed countries have quite barn the brunt of racial animosity in these countries for many years. Nobody is against students pursuing the studies abroad and settling down for good in other country of the choice but absolute craze and the eagerness to go to abroad should be avoided.

## આદ્યકવિ નરસિંહ મહેતા

પાયલ એમ. ડોરિયા
ટી.વાય.બી.એ.

નરસિંહ મહેતા ગુજરાતી ભાષાના પ્રથમ કવિ હતા આથી તેઓ આદ્યકવિ અથવા આદિકવિ કહેવાય છે. તેમણે કરેલી કાવ્યરચનાઓમાં ભજન 'વૈષ્ણવજન' ખૂબ જાણીતું છે; જે મહાત્મા ગાંધીનું ખૂબ પ્રિય ભજન હતું. આ ભજનમાં સારા માનવીના ગુણો કે મૂલ્યોનું સરસ રીતે વર્ણન થયેલું છે.

ઉપનામ તરીકે નરસૈયો, આદ્યકવિ, આદિકવિ જાણીતા નરસિંહનો જન્મ આશરે ચૌદસો ચૌદમાં થયો હતો અને એનું અવસાન આશરે ચોદસો એંસીમાં થયું હતું. નરસિંહ મહેતાના કુટુંબમાં જોઈએ તો એના દાદાનું નામ વિષ્ણુદાસ કે પરસોત્તમદાસ હતું. એનાં દાદીનું નામ જયગૌરી હતું. એના પિતાનું નામ કૃષ્ણદાસ કે કૃષ્ણદામોદર હતું. નરસિંહ મહેતાની માતાનું નામ દયાકોર હતું. નરસિંહના કાકાનું નામ પર્વત મહેતા હતું અને એના ભાઈનું નામ બંસીધર કે મંગળજી કે જીવણરામ હતું. તેની ભાભીનું નામ ઝવેર મહેતી હતું. નરસિંહની પત્નીનું નામ માણેક હતું. એને પુત્ર હતો જેનું નામ શામળદાસ હતું અને પુત્રવધૂનું નામ સૂરસેના હતું. નરસિંહની પુત્રીનું નામ હતું કુંવરબાઇ.

નરસિંહ મહેતાનો જન્મ ભાવનગર જિલ્લાના તળાજા ગામમાં ચૌદસો ચૌદમાં નાગર બ્રાહ્મણ શ્રીકૃષ્ણદાસ મહેતાને ત્યાં થયો હતો. તેઓ પછીથી જૂનાગઢ, ત્યારનું જીર્ણદુર્ગ, એ નગરમાં સ્થાયી થયાં. પાંચ વર્ષની ઉંમરે નરસિંહ મહેતાએ માતા-પિતા અને ગુમાવ્યાં હતાં. તેઓ આઠ વર્ષની વય સુધી બોલી શકતા નહોતા. તેમનો ઉછેર તેમની દાદી જયગૌરી દ્વારા થયો હતો. નરસિંહનાં લગ્ન કદાચ ચૌદસો ઓગણત્રીસમાં માણેકબાઈ સાથે થયાં હતાં. તેઓ અને તેમનાં પત્ની તેમના ભાઈ બંસીધર, જે જૂનાગઢમાં રહેતા હતા ત્યાં રહેવા લાગ્યાં. શામળદાસ નામનો પુત્ર કુંવરબાઈ નામની પુત્રી સાથે રહેતા નરસિંહ મહેતાને સંસારમાં નહિ, કૃષ્ણભક્તિમાં રસ હતો.

નરસિંહ મહેતાએ શામળદાસનો વિવાહ, કુંવરબાઇનુ મામેરું, નરસિંહ મહેતાના પિતાનું શ્રાદ્ધ, ઝારીનાં પદ, સુદામાચરિત્ર, દાણલીલા, ચાતુરીઓ, પોતાની જીવનઝરમર વગેરે વિશેનાં પંદરસોથી વધારે પદો રચ્યાં છે. તેમણે રચેલા સાહિત્યમાં કૃષ્ણભક્તિનાં દર્શન થાય છે. સુરતસંગ્રામ, હારમાળા, કૃષ્ણજન્મવધાઇ, શ્રીકૃષ્ણવધાઇ, શ્રીકૃષ્ણવિહાર, દ્વાદશમાસ, રાસસહસ્ત્રપદી, ચાતુરીછત્રીસી, ગોવિંદગમન, શામળશાનો વિવાહ, ચાતુરીષોડશી, બાળલીલા, દાણલીલા, રાસલીલા, ઘડપણ વિશે વસંતવિલાસ, શૃંગાર-જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિ-હીંડોળા વગેરે વિષયનાં પદ, નરસિંહવિલાસ,

સુદામાચરિત્ર, શૃંગારમાળા, સત્યભામાનું રુસણું, હારમાળાનું પરિશિષ્ટ, દ્રૌપદીની પ્રાર્થના, મામેરું, સત્યભામાનું રુસણું, અંતર્ધ્યાન સમયનાં પદ, માનલીલા, રુક્મિણીવિવાહ, પ્રેમભક્તિ પદસંગ્રહ, સહસ્રપદીરાસ, શામળશાનો મોટો વિવાહ વગેરે નરસિંહ મહેતાની પ્રસિદ્ધ કૃતિઓ છે.

ગુજરાતી ભાષાના શ્રેષ્ઠ કવિઓને તેમની યાદમાં નરસિંહ મહેતા એવોર્ડ આપવામાં આવે છે, જેની શરૂઆત ૧૯૯૯થી થઈ છે. આ એવોર્ડ આદ્યકવિ નરસિંહ મહેતા સાહિત્યનિધિ ટ્રસ્ટ દ્વારા આપવામાં આવે છે. નરસિંહ મહેતાના લોકપ્રિય જીવન પરથી ગુજરાતી ભાષાના પ્રથમ ચલચિત્રનું નિર્માણ થયું છે.

ગુજરાતી ભાષાના આદિકવિનું બિરુદ મેળવનાર નરસિંહ મહેતા માત્ર ગુજરાતના નહી પરંતુ ભારતના ઉત્તમ સંતોમાં અગ્રગણ્ય સ્થાન ભોગવે છે. નરસિંહ મહેતાની આર્થિક સ્થિતિ નબળી હતી નાનપણમાં માતા-પિતાનું મૃત્યુ થતાં તેમણે ભાઇ-ભાભીને આશરે જીવવું પડયું. ભજન સિવાય તેમને કશામાં રસ પડતો ન હતો. પોતાની મસ્તીમાં મસ્ત રહેતા નરસિંહને ભાભીના મહેણાં અવારનવાર સાંભળવા મળતાં. એક વાર મહેણું સહન ન થવાથી નરસિંહ મહેતા ઘર છોડી એકાંતમાં આવેલ ગોપીનાથ મહાદેવમાં ચાલ્યા ગયા. ત્યાં ઉપાસના કરવાથી મહાદેવજી પ્રગટ થયા અને એમને રાસલીલાનાં દર્શન કરાવ્યાં. શ્રીકૃષ્ણ-રાધાનાં દર્શન કર્યા ત્યારથી તેમને કૃષ્ણભક્તિની લગની લાગી. પોતાની અનુભૂતિઓને તેમણે શબ્દના માધ્યમ દ્વારા વહેતી કરી. એમણે આશરે ૧૫૦૦થી વધારે પદો રચ્યાં, જેમાં પુત્ર શામળશાનો વિવાહ, પુત્રી કુંવરબાઈનું મામેરું, હુંડીનો પ્રસંગ, હારનો પ્રસંગ, શ્રાદ્ધ જેવા સ્વાનુભવાત્મક પ્રસંગો ઉપરાંત વસંતનાં પદો, હિંડોળાનાં પદો, કૃષ્ણભક્તિનાં પદો, સુદામાચરિત્ર વગેરેનો સમાવેશ થાય છે. તેમની સૌથી સુપ્રસિદ્ધ રચના 'વૈષ્ણવજન' જે મહાત્મા ગાંધીને ખૂબ પ્રિય હતી, ભાગ્યે જ એનાથી કોઈ અજાણ હશે.

સાંસારિક જીવનનો બોજ પણ ઈશ્વરને સમર્પિત કરનાર નરસિંહના જીવનમાં એવા અનેક પ્રસંગો બન્યા છે જેણે તેમની અનન્ય ભકિતનાં દર્શન કરાવ્યાં. એમની દીકરી કુંવરબાઇના મામેરા વખતે વડસાસુએ લાંબુંલચ લિસ્ટ લખીને કુંવરબાઇના હાથમાં આપી દીધું. રડતાં-રડતાં પિતાજીની પાસે આવ્યાં ત્યારે નરસિંહ મહેતા એક જ વાકય બોલ્યા કે મારો કૃષ્ણ બેઠો છે પછી શાની ચિંતા... અને ભગવાન દ્વારિકાધીશે ખરેખર લિસ્ટમાં લખેલી બધી જ વસ્તુ તેમના આંગણે પહોંચાડી દીધી.

વેવાણ પાસે નહાવા માટે ગરમ પાણી આપ્યું ત્યારે નરસિંહ બોલ્યા કે થોડું ઠંડું પાણી હોય તો આપો ને, ત્યારે વેવાણે મેણું માર્યું કે તમે તો ભગવાનના ભગત છો તો વરસાદ વરસાવવો ને. અને મહેતાજીએ હાથમાં કરતાલ લઇ એવો મલ્હાર ગાયો કે અચાનક વાતાવરણ પલટાઇ ગયું, વરસાદ તૂટી પડ્યો. જયારે એમના ઉપર ચોરીનો આરોપ આવ્યો ત્યારે ભગવાન દ્વારિકાધીશે મહેતાજીને નિર્દોષ સાબિત કરવા માટે ગળામાં હાર પહેરાવ્યો. આ જોઈને રાજા ચરણમાં ઝૂકી

પડયો. એ જ રીતે પિતાજીનું શ્રાદ્ધ કરવા માટે વેપારીઓ પાસેથી પૈસા લઈને શામળશા શેઠના નામે હૂંડી લખી આપી અને ભગવાન દ્વારિકાધીશે શામળશા શેઠનો વેશ ધરીને હૂંડીનાં બધાં જ નાણાં યાત્રીઓને ચૂકવી આપ્યાં. શામળશાનો વિવાહ, પત્નીનું મરણ, પિતાજીનું શ્રાદ્ધ, બ્રાહ્મણ હોવા છતાં હરિજનવાસમાં ભજન ગાવા બદલ જ્ઞાતિએ કરેલો બહિષ્કાર – આવા અનેક પ્રસંગોએ એમની શ્રદ્ધા હલી નહીં પરંતુ દૃઢ જ રહી, અને એથી ચમત્કારોનું સર્જન થયું. આપણને એ સંત અને સર્જક એવા નરસિંહ મહેતાની રચનાઓ માણીએ :

- અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ
- આજની ઘડી તે રળિયામણી
- આશાભર્યાં તે અમે આવિયાં
- એવા રે અમો એવા રે એવા
- કેસરભીના કાનજી
- ગિરિતળેટી ને કુંડ દામોદર
- ચાલ રમીએ સહી મેલ મથવું મહી
- જળકમળ છાંડી જાને બાળા
- નિરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો તે જ હું તે જ હું શબ્દ બોલે
- જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા તુજ વિના ધેનમાં કોણ જાશે
- ભૂતળ ભક્તિ પદારથ મોટું બ્રહ્મલોકમાં નાહી રે

ભક્તકવિ કે જ્ઞાની તરીકેની નરસિંહ મહેતાની આવી અનેક પંક્તિઓ છે જે ૫૦૦ વર્ષ ઉપરાંતના સમય પર ગુજરાતમાં હજી પણ એવી ને એવી જીવંત છે.

## Sharing with friend

Aesha Bhavsar
F.Y.B.A.

In today's fast world it's difficult to find it true friend like you. I sometimes think I am very lucky to get you as my best friend. Without you life would have been very boring. I still remember the first day of school when we were young. you called me and gave me a seat beside you. it's now almost 15 years and our relationship have grown in past years very strongly. I would like to thank you for being there with me during the ups and downs of my life.

last year when my father passed away, you were a very strong support to me and my family. I don't know what I would have done without you. We can't forget how you stayed back in the hospital late night just to support me and my mother.

I cherish every moment of life we spent together. Though you are away from me. I still feel that you are close to me. How is your study? How is going? When we last time, you seemed a little worried about the portions and syllabus of yours. But I am confident that you will easily pass your engineering also with good merits.

Are you coming to Ahmedabad during the next holidays? I am eagerly waiting to meet you and spend some good times together. I would like to thank you for being my friend and being there for me.

It is really very nice to be a good friend of yours. I always admire your pure and close friendship. You have filled my life with love, tenderness, faith and passion. My dear friend, I can't think myself without you. I feel that my existence would be nothing except the deserted road if you are not there to support me in my life.

At this time, I remember a proverb which says, A friend in need is friend indeed. I don't like this sentence at all. Because I think that we should not measure friendship with need and support. A true friend is a person who helps without any condition and without any reward. Friendship is just a beautiful flower of human relationship. We have relatives by birth who have blood relation. A better friend is something more than the relatives. An unknown person becomes the beauty of life. If someone says that I am there to spend by you is the wonderful sentence in this world. My dear friend Zinal, I miss you a lot every moment. I feel loneliness. I want to fill my time with your presence.

I can say and quote beautiful lines about friend but I don't want to say because sometimes words are not proper to portray the feelings and emotions. Sometimes words spoil the beauty of relationship. My dearest Zinal, I miss you but at the same time I wish a wonderful life for you. It's nice that we have so many devices to communicate and we use smartphones and computers also for to be connected.  But I feel that a letter is the best medium to express my feelings for you.  When I write for you there is no medium in front of me. My pen just goes on as my heart beats for you.

Zinal, I can't write so many things for you as my heart doesn't allow me to be thankful to you. The heart says that a true friend doesn't need the appreciation. It's true. Sometimes it's better to be silent then to say. What more to write? I am overwhelmed by your love and concern for me. You have stolen all my pains and sorrows. I have wonderful collection of your beautiful photographs. When everyone is far away, when silence sings the song, when the night sits beside me, I see your pics and talk to you. It’s easy to talk to you at any time because we have good equipment of communication but I don't want to disturb you by my feelings and sentiments. I just talk to you full heartedly and passionately because I have the most beautiful poems in my mind for our friendship which I will never write to you.

But I always recite in front of your beautiful pics.  my love as a friend for you is just a very beautiful and precious Treasure for me.  I don't want to disclose it to anyone… not even to you!! See you soon on WhatsApp or Instagram, take care and be happy, Zinal.

## ચાર્વાક દર્શનનાં સૂત્રો

પ્રો. નિસર્ગ આહીર
ગુજરાતી વિભાગ

સાંપ્રત જીવનશૈલી ભૌતિક્તાવાદી છે. ભારત અધ્યાત્મના શિખર પર બિરાજતો દેશ છે. આત્મિક તત્ત્વચિંતનની અહીં સુદીર્ઘ અને સમૃદ્ધ પરંપરાઓ છે, પરંતુ ભૌતિકવાદ વિશે વાત નથી જ થઈ એવું તો નથી. ભારતમાં ભૌતિકવાદનું મહત્ત્વ કરતું દર્શન છે ચાર્વાક દર્શન. એને 'લોકાયત' દર્શન પણ કહે છે. 'લોક' એટલે જનસમૂહ કે સૃષ્ટિ અને 'આયત' એટલે વ્યાપક. પ્રાચીન કાળથી જ લોકોમાં આ દર્શનની વ્યાપક સ્વીકૃતિ હતી એટલે એ દર્શનને લોકાયત કહે છે.

ભારતમાં મુખ્ય દર્શન બાર છે. ચાર્વાક દર્શન, ચાર બૌદ્ધ દર્શન અને એક જૈન દર્શન – એ છ દર્શનને નાસ્તિક દર્શન કહેવામાં આવે છે. જ્યારે, વૈશેષિક, ન્યાય, મીમાંસા, યોગ, સાંખ્ય અને વેદાંત એ છ આસ્તિક દર્શન કહેવાય છે. લોકાયત દર્શન ખૂબ મહત્ત્વનું અને વિશિષ્ટ દર્શન છે. એ દર્શન વિશે સામાન્યતઃ નકારાત્મક ભાવના પ્રવર્તે છે, પરંતુ એવું બનતું આવ્યું છે અપૂર્ણ અર્થઘટન અને અપૂરતા સાહિત્યને કારણે.

ચાર્વાક દર્શન વસ્તુનિષ્ઠ છે અને તે ભૌતિક વાસ્તવિક્તાને જ મુખ્ય આધારરૂપ માને છે. ચાર્વાક દર્શનનો સાર આ છે : શરીર જ આત્મા છે. અર્થ અને કામ એ બે જ પુરુષાર્થ છે. વિષયસુખ અને મરણ એ બે જ મોક્ષ છે. સ્વર્ગ ઈત્યાદિ પરલોકનું અસ્તિત્વ નથી. પુણ્ય અને પાપ પણ નથી હોતાં. પ્રત્યક્ષ જ કેવળ પ્રમાણરૂપથી માન્ય છે. પૃથ્વી, જળ, તેજ અને વાયુ એ ચાર જ તત્ત્વતઃ અમેય વિષય છે. બૃહસ્પતિ જ પહેલા તત્ત્વદ્રષ્ટા છે.

ચાર્વાક દર્શનને તિરસ્કૃત કરવાની કોઈ જરૂર નથી. ભારતમાં આજથી લગભગ ત્રણ હજાર વર્ષ પૂર્વે એનું પ્રાબલ્ય હતું. બૌદ્ધ, જૈન અને અન્ય દર્શનો પર એની અસર છે જ. સામાન્ય લોકો તો ચૈતન્ય કરતાં જડ કે ભૌતિક જગતને જ પ્રાધાન્ય આપવાના. કદી પણ ભૌતિક્તાનો વિરોધ કરી શકાય નહિ, કેમકે સામાન્યતઃ એ જ મૂળ સ્રોત છે અને જીવન માટેનું આલંબન છે.

ચાર્વાક દેવોના ગુરુ બૃહસ્પતિના મુખ્ય શિષ્ય હતા એમ માનવામાં આવે છે. અન્ય માન્યતા અનુસાર 'ચાર્વાક દર્શન' શબ્દનું પ્રાચીન રૂપ 'ચારવાક્ક દર્શન' હશે, કે જેનો અર્થ 'રાજદર્શન' થાય છે. ખૂબ જ પ્રાચીન આ દર્શન માટેનો કોઈ સ્વતંત્ર ગ્રંથ અત્યારે ઉપલબ્ધ નથી. માન્યતા એવી છે કે બૃહસ્પતિએ આ દર્શનના સિદ્ધાંતો માટેનો એક સૂત્રગ્રંથ રચ્યો હતો. એ ગ્રંથ પ્રાપ્ત થતો નથી, પરંતુ અલગ અલગ, અનેક ગ્રંથોમાંથી બૃહસ્પતિનાં એ સૂત્રો પ્રાપ્ત થાય છે. વિદ્વાનોએ

બૃહસ્પતિનાં આવાં જે સૂત્રો એકત્રિત કર્યાં છે, એને અહીં રજૂ કરવાનો આશય છે. સૂત્રની સામે, જે ગ્રંથમાંથી એ પ્રાપ્ત થયાં છે તેનું નામ આપેલું છે. ચાર્વાક દર્શન વિશે લોકો ખૂબ ઓછું જાણે છે, એટલા માટે આ સૂત્રો ખૂબ અગત્યનાં છે. એ સૂત્રો આ પ્રમાણે છે :

૧. अथातः तत्त्वं व्याख्यास्यामः । –'तत्त्वोपप्लवसिंह'

હવે આપણે ચાર્વાકમતનાં તત્ત્વોનું નિરૂપણ કરીશું.

૨. पृथिव्यापस्तेजोवायुरिति तत्त्वानि ।

तत्समुदाये शरीरेन्द्रियविषयसंज्ञा । –'तत्त्वोपप्लवसिंह'

પૃથ્વી, જલ, તેજ અથવા અગ્નિ, વાયુ એ ચાર જ તત્ત્વ છે. આ ચાર જડ તત્ત્વોનો યોગ્ય માત્રામાં સંયોગ થવાથી એને શરીર, ચક્ષુ જેવી ઈન્દ્રિય તથા રૂપ વગેરે વિષય એવાં નામ આપવામાં આવ્યાં છે.

૩. तेभ्यश्चैतन्यम् ।

આ ચાર ભૂતોના સંઘટનથી, સ્વયં સંયોગથી ચૈતન્ય ઉત્પન્ન થાય છે.

૪. किण्वादिभ्यो मदशक्तिवत् । –'ब्रह्मसूत्रभाष्य', 'तत्त्वसंग्रहपंजिका'

જે રીતે કિણ્વ વગેરે અન્નના સંઘટન-સંયોગથી માદક શક્તિ ઉત્પન્ન થાય છે, એ જ રીતે આ ભૂતોના સંઘટનથી વિજ્ઞાન (ચૈતન્ય) ઉત્પન્ન થાય છે.

૫. काम एवैकः पुरुषार्थः । –'अद्वैतब्रह्मसिद्धि'

કામ જ એક પુરુષાર્થ છે.

૬. अनुमानमप्रमाणम् । –'सांख्यतत्त्वकौमुदी'

અનુમાન વગેરે પ્રમાણો નથી. કેમ કે, ચક્ષુરિન્દ્રિય દ્વારા અનુભૂયમાન પદાર્થો પર જ ચાર્વાકમતની પ્રતીતિ છે.

૭. चैतन्यविशिष्टः कायः पुरुषः । –'अद्वैतब्रह्मसिद्धि'

ચૈતન્યયુક્ત સ્થૂળ શરીર જ આત્મા છે. ચેતનાશક્તિથી સંપન્ન આ ચારભૂતોથી યુક્ત સ્થૂળ દેહના સિવાય ઈન્દ્રિયાતીત કોઈ આત્માનું અસ્તિત્વ નથી.

૮. मरणमेवापवर्गः । –'अद्वैतब्रह्मसिद्धि'

મરણ જ મોક્ષ છે. એટલે કે આ જડતત્ત્વથી વિનિર્મિત દેહનો નાશ એ જ મોક્ષ છે.

૯. न धर्माश्चरेत् । –'कामसूत्रम्'

ધર્મોનું આચરણ નિષ્ફળ છે, કેમ કે, પ્રત્યક્ષમાં ધર્માચરણને કારણે તુરત જ મળતાં ફળની પ્રાપ્તિ ક્યારેય પણ દૃષ્ટિગોચર નથી થતી. એટલા માટે ધર્મનું આચરણ નહિ કરવું જોઈએ.

૧૦. एष्यत्फलत्वात्। –'कामसूत्रम्'

ધર્મનું આચરણ પ્રયોજનહીન સાબિત થાય છે. આ સૂત્રનો સંબંધ આગળના સૂત્ર સાથે છે. યજ્ઞ વગેરેનું સ્વર્ગસુખ જેવું ફળ આલોકમાં પ્રાપ્ત થતું નથી. અનુમિતિગમ્ય અપ્રત્યક્ષ ભવિષ્યના ઉપર ફળપ્રાપ્તિની નિર્ભરતા છે.

૧૧. सांशयिकत्वाच्च। –'कामसूत्रम्'

વળી, સંપાદિત યજ્ઞ વગેરે કર્મોના અલૌકિક હોવાને કારણે સ્વર્ગ ઈત્યાદિનું સુખ સંશયથી રહિત નથી. એટલા માટે પણ ધર્મનું આચરણ નિષ્પ્રયોજન સિદ્ધ થાય છે.

૧૨. कोह्यबालिशो हस्तगतं परगतं कुर्यात्। –'कामसूत्रम्'

કોણ પ્રેક્ષાવાન પુરુષ પોતાના હાથમાં રહેલ મૂલ્યવાન દ્રવ્યોને અન્ય પુરુષને આપવા ઈચ્છે છે ?

૧૩. वरमद्यकपोतः श्वोमयूरात्। –'कामसूत्रम्'

કાલને, અર્થાત્, સંદિગ્ધ ભવિષ્યકાળમાં સુંદર મોરની પ્રાપ્તિ થશે એવી પ્રતીક્ષા કરવા કરતાં આજને, અર્થાત્, અસંદિગ્ધ વર્તમાનકાળમાં ઉપલબ્ધ અલ્પ સુંદર કબૂતરને ગ્રહણ કરવું વધારે યોગ્ય છે.

૧૪. वरं सांशयिकान्निष्कादसांशयिकः कार्षापणः। –'कामसूत्रम्'

સંશયયુક્ત સોનાની મુદ્રા કરતાં સંશયરહિત રૂપાની મુદ્રા જ વધારે સારી છે. એટલે કે, જે નિશ્ચિત નથી તેના કરતાં જે નિશ્ચિત છે તે ઓછું સુંદર હોય તો પણ એને પ્રાપ્ત કરવામાં વધારે ચતુરાઈ છે.

૧૫. शरीरेन्द्रियसंघात एव चेतनः क्षेत्रज्ञः। –मधुसूदनप्रणीत 'गीताटीका',

ચાર ભૌતિક તત્ત્વોથી બનેલા દેહ તથા ચક્ષુ ઈત્યાદિ ઈન્દ્રિયોના સમુદાય સિવાયના અન્ય કોઈ ઈન્દ્રિયાતીત આત્મા વગેરેનું અસ્તિત્વ નથી.

૧૬. काम एव प्राणिनां कारणम्। –'गीताभाष्य'

એકમાત્ર કામક્રીડા સિવાય અન્ય કોઈ પણ, બ્રહ્મા કે પરમેશ્વર વગેરે, પ્રાણીઓની ઉત્પત્તિ માટેનું કારણ નથી.

૧૭. परलोकिनोऽभावात्परलोकाभावः। –'तत्त्वसंग्रहपंजिका'

એવો કોઈપણ પ્રત્યક્ષવાદી વ્યક્તિ દૃષ્ટિગોચર નથી, જે સ્વયં પોતાની પારલૌકિક કે સ્વર્ગીય અનુભૂતિનો સંવાદ સંભળાવે. એટલા માટે પરલોકી વ્યક્તિના અભાવને કારણે પરલોકનો અભાવ પણ સ્વયંસિદ્ધ છે. અર્થાત્, પરલોક નામના કોઈ પદાર્થનું અસ્તિત્વ નથી.

૧૮. इह लोकपरलोकशरीरयोर्भिन्नत्वात्तद्गतयोरपि चित्तयोर्नैकः सन्तानः । –'तत्त्वसंग्रहपंजिका'

આલોકના અને પરલોકના એ બન્ને શરીરમાં વિભિન્નતા હોવાથી અને તદ્ગત બે ચિત્તમાં પણ સાદશ્યના અભાવને કારણે અને પારસ્પરિક સંબંધના અભાવને કારણે આત્માનું અસ્તિત્વ અપ્રામાણિક સિદ્ધ થાય છે.

૧૯. एतावानेव पुरुषो यावदिन्द्रियगोचरः । –'तत्त्वसंग्रहपंजिका'

ચક્ષુ વગેરે ઈન્દ્રિયોથી જેટલો પણ દષ્ટિગોચર થાય છે તેટલો જ માત્ર આત્મા છે. અર્થાત્, આ જડ શરીર સિવાયના અન્ય કોઈ વિશિષ્ટ અથવા ઈન્દ્રિયાતીત આત્માનું અસ્તિત્વ નથી.

૨૦. प्रत्यक्षमेवैकं प्रमाणम् । –'तर्कप्रकरणटीका'

નાસ્તિક મતમાં કેવળ એક પ્રત્યક્ષ પ્રમાણની જ માન્યતા છે. પ્રત્યક્ષ સિવાયના અનુમાનાદિ પ્રમાણ સર્વથા અમાન્ય છે.

૨૧. प्रमाणस्यागौणत्वात्तदर्थनिश्चयो दुर्लभः । –'तर्कप्रकरणटीका'

જો અનુમાન પ્રમાણને અનિવાર્ય રૂપે સ્વીકારી લેવામાં આવે તો ત્રિકાલવ્યાપી વિશ્વના સમસ્ત પદાર્થોનો નિશ્ચય કરવાનું અશક્ય બની જાય. એટલા માટે અનુમાન પ્રમાણની સિદ્ધિ નથી થઈ શકતી અને અનુમાન અસિદ્ધ થવાથી શબ્દોપમાન ઈત્યાદિ પ્રમાણ સ્વયં અસિદ્ધ બની જાય છે.

૨૨. कायादेव ततो ज्ञानं प्राणापानाद्यधिष्ठिताद् युक्तं जायते । –'तत्त्वसंग्रह'

પ્રાણ, અપાન ઈત્યાદિ પાંચ વાયુઓ પર આધારિત આ શરીરથી જ જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. એટલા માટે જ્ઞાનનો આધાર આ શરીર જ છે.

૨૩. सर्वत्र पयनुयागपराण्येव सूत्राणि बृहस्पतेः । –'सम्मतितर्कप्रकरण'

બૃહસ્પતિનાં સૂત્રો સ્વયં સર્વથા અખંડ છે, પરંતુ બીજા મતનાં ખંડક હોય છે.

૨૪. लोकायतमेव शास्त्रम् । –'प्रबोधचन्द्रोदय'

એક માત્ર લોકાયતવિદ્યા જ શાસ્ત્ર છે. અર્થાત્, નાસ્તિક-વાઙ્મય સિવાયના અન્ય કોઈપણ સાહિત્યનું શાસ્ત્રત્વ પ્રમાણિત નથી.

૨૫. प्रत्यक्षमेव प्रमाणम् । –'प्रबोधचन्द्रोदय'

માત્ર પ્રત્યક્ષ જ પ્રમાણ છે, અન્ય કોઈપણ પ્રમાણની પ્રામાણિકતા નથી.

૨૬. पृथिव्योप्तेजोवायवस्तत्त्वानि । –'प्रबोधचन्द्रोदय'

નાસ્તિક પરંપરામાં પૃથ્વી, જલ, અગ્નિ અને વાયુ એ ચાર જ જડ પદાર્થને તત્ત્વના રૂપમાં સ્વીકૃત કરવામાં આવેલ છે.

૨૭. अर्थकामौ पुरुषार्थौ । –'प्रबोधचन्द्रोदय'

અર્થ અને કામ એ બે પુરુષાર્થ છે. ધનોપાર્જન અને કામાચરણ સિવાયના ધર્મ અને મોક્ષની માન્યતા નથી.

૨૮. भूतान्येव चेतयन्ते । –'प्रबोधचन्द्रोदय'

પૃથ્વી વગેરે પાંચ જડ તત્ત્વ જ ચૈતન્ય ઉત્પન્ન કરે છે.

૨૯. नास्ति परलोकः । –'प्रबोधचन्द्रोदय'

આ ચક્ષુરિન્દ્રિય દ્વારા અનુભૂયમાન લોક સિવાય અન્ય કોઈપણ પરલોકની સત્તા નથી.

૩૦. मृत्युरेवापवर्गः । –'प्रबोधचन्द्रोदय'

મૃત્યુ પામવું એ જ મોક્ષ છે. મૃત્યુથી અલગ મોક્ષની કલ્પના કરવી ઉચિત નથી.

૩૧. दण्डनीतिरेव विद्या । –'प्रबोधचन्द्रोदय'

રાજનીતિ જ એકમાત્ર વિદ્યા છે. બૃહસ્પતિ અને કૌટિલ્ય વગેરે દ્વારા રચિત અર્થશાસ્ત્રથી જુદાં કોઈપણ અધ્યાત્મ કે વેદાંત વગેરે શાસ્ત્ર કે વિદ્યા નથી.

૩૨. अत्रैव वार्त्तान्तर्भवति । –'प्रबोधचन्द्रोदय'

કૃષિ, વાણિજ્ય અને ગોરક્ષા વગેરે વેપાર પણ આ જ અર્થશાસ્ત્ર અંતર્ગત આવી જાય છે.

૩૩. धूर्त्तप्रलापस्त्रयी । –'प्रबोधचन्द्रोदय'

ઋક્, સામન્ અને યજુસ્ એ ત્રણ વેદ ધૂર્તોનો પ્રલાપમાત્ર છે.

૩૪. स्वर्गोत्पादकत्वेन विशेषाभावात् । –'प्रबोधचन्द्रोदय'

ધૂર્તોનો પ્રલાપ હોવાને કારણે વેદત્રયી યજ્ઞઅનુષ્ઠાનના હેતુથી યજ્ઞકર્તા યજમાનને સ્વર્ગ પ્રાપ્ત કરાવવા માટે સમર્થ નથી. એટલા માટે જ વેદની સત્તા, અપૌરુષેયતા અને નિત્યતા સિદ્ધ થતી નથી.

૩૫. लोकप्रसिद्धमनुमानं चार्वाकैरपीष्यत एव यत्तु

कैश्चिल्लौकिकं मार्गमतिक्रम्यानुमानमुच्यते तन्निषिध्यते । –'तत्त्वसंग्रह'

લોકસિદ્ધ અનુમાન ચાર્વાકોને પણ માન્ય છે, પરંતુ જે અનુમાન દ્વારા લૌકિક માર્ગનું અતિક્રમણ કરીને ઈન્દ્રિયાતીત પરલોકનું અસ્તિત્વ સિદ્ધ કરવામાં આવે છે, ચાર્વાક તે અનુમાનનું ખંડન કરે છે.

૩૬. पश्यामि श्रृणोमीत्यादि प्रतीत्या मरणपर्यन्तं

यावन्तीन्द्रियाणि तिष्ठन्ति तान्येवात्मा । –सदानन्द द्वारा उद्धृत

હું જોઉં છું, સાંભળું છું વગેરે ક્રિયાવ્યાપારોમાં મૃત્યુપર્યંત સહાય આપનારી ઈન્દ્રિયો જ આત્મા છે. મૃત્યુપર્યંત સહાયક બનનારી ઈન્દ્રિયો સિવાય અન્ય કોઈ આત્મા નથી.

૩૭. इतरेन्द्रियाद्यभावेऽसत्त्वात् मन एवात्मा । –सदानन्द द्वारा उद्धृत

અન્ય ઈન્દ્રિય વગેરેના અભાવમાં પણ મનનું અસ્તિત્વ રહે છે. આથી, મન જ આત્માના રૂપમાં માન્ય થાય છે.

૩૮. प्राण एव आत्मा । –सदानन्द द्वारा उद्धृत

સૂક્ષ્મતમ દૃષ્ટિસંપન્ન લોકાયતિક સંપ્રદાય ક્રમશઃ દેહ, ઈન્દ્રિય અને મનથી ઉપર ઉઠીને પ્રાણને આત્મા માને છે. આથી પ્રાણ જ આત્મારૂપે સિદ્ધ થાય છે.

૩૯. न स्वर्गो नापवर्गो वा नैवात्मा पारलौकिकः ।

नैव वर्णाश्रमादीनां क्रियाश्च फलदायिकाः ॥ –'सर्वदर्शनसंग्रह'

સ્વર્ગ નથી, અપવર્ગ કે મોક્ષ નથી; તેમ પરલોકમાં રહેનાર આત્મા નથી જ. વર્ણાશ્રમાદિની ક્રિયાઓ ફળદાયી નથી જ.

૪૦. अग्निहोत्रं त्रयो वेदास्त्रिदण्डं भस्मगुण्ठनम् ।

बुद्धिपौरुषहीनानां जीविका धातृनिर्मिता ॥ –'सर्वदर्शनसंग्रह'

અગ્નિહોત્ર, ત્રણ વેદ, ત્રિદંડ, ભસ્મલેપન – આ બધાનું તેમના ધાતાએ, એટલે કે વ્યવસ્થા કે કલ્પના કરનારે, બુદ્ધિ અને પૌરુષ રહિત વ્યક્તિઓને માટે આજીવિકાનાં સાધનરૂપે નિર્માણ કર્યું છે.

૪૧. पशुश्चेन्निहतः स्वर्गं ज्योतिष्टोमे गमिष्यति ।

स्वपिता यजमानेन तत्र कस्मान्न हिंस्यते ॥ –'सर्वदर्शनसंग्रह'

જો જ્યોતિષ્ટોમમાં હણાયેલ પશુએ સ્વર્ગમાં જવાનું હોય તો યજમાન પોતાના પિતાનો વધ ત્યાં કેમ નથી કરતો ?

૪૨. मृतानामपि जन्तूनां श्राद्धं चेत्तृप्तिकारणम् ।

निर्वाणस्य प्रदीपस्य स्नेहः संवर्धयेच्छिखाम् ॥ –'सर्वदर्शनसंग्रह'

જો શ્રાદ્ધ મરેલાં પ્રાણીને પણ તૃપ્તિનું કારણ હોય તો તેલને કારણે ઓલવાઈ ગયેલ દીવાની જ્યોતને વધારે જ.

૪૩. गच्छतामिह जन्तूनां व्यर्थं पाथेयकल्पनम् ।

गेहस्थकृतश्राद्धेन पथि तृप्तिरवारिता ॥ –'सर्वदर्शनसंग्रह'

તો પછી, મુસાફરીએ જતાં માણસોને માટે ભાથું કરવું નિરર્થક છે. ઘરમાં રહેલાં માણસો શ્રાદ્ધ કરે તો, તેથી રસ્તામાં તેમને થતી તૃપ્તિને કોઈ રોકી શકે નહિ.

૪૪. स्वर्गस्थिता यदा तृप्तिं गच्छेयुस्तत्र दानतः ।

प्रासादस्योपरिस्थानामत्र कस्मान्न दीयते ॥ –'सर्वदर्शनसंग्रह'

જો અહીં દાન કરવાથી ત્યાં સ્વર્ગમાં રહેલાં તૃપ્તિ પામે તો મહેલની અગાશી ઉપરનાને અહીં નીચે અન્ન કેમ નથી અપાતું ?

૪૫. यावज्जीवेत्सुखं जीवेदृणं कृत्वा घृतं पिबेत् ।

भस्मीभूतस्य देहस्य पुनरागमनं कुतः ॥ –'सर्वदर्शनसंग्रह'

માણસ જીવે ત્યાં સુધી તેણે સુખેથી જીવવું; દેવું કરીને પણ ઘી પીવું; ભસ્મીભૂત થયેલો દેહ ક્યાં પાછો આવવાનો છે ?

૪૬. यदि गच्छेत्परं लोकं देहादेष विनिर्गतः ।

कस्माद् भूयो न चायाति बन्धुस्नेहसमाकुलः ॥ –'सर्वदर्शनसंग्रह'

જો દેહમાંથી બહાર નીકળેલો આ જીવ પરલોકમાં જતો હોય તો બંધુસ્નેહથી વ્યાકુળ થઈને એ ફરી પાછો કેમ આવતો નથી ?

૪૭. ततश्च जीवनोपायो ब्राह्मणैर्विहितस्त्विह ।

मृतानां प्रेतकार्याणि न त्वन्यद्विद्यते क्वचित् ॥ –'सर्वदर्शनसंग्रह'

એટલા માટે, મરેલાંના પ્રેતકાર્યોનું બ્રાહ્મણોએ જીવિકાના ઉપાય તરીકે વિધાન કર્યું છે; બીજું કંઈ છે નહિ.

૪૮. त्रयो वेदस्य कर्त्तारो भण्डधूर्तनिशाचराः ।

जर्भरीतुर्फरीत्यादि पण्डितानां वचः स्मृतम् ॥ –'सर्वदर्शनसंग्रह'

વેદના ત્રણ કર્તા છે - ભાંડ, ઠગ અને નિશાચર. જર્ભરી, તુર્ફરી વગેરે પંડિતોની વાણી મનાય છે. અર્થાત્, નિરર્થક અને અસ્પષ્ટ શબ્દોના પ્રયોગ દ્વારા એ ધૂર્તોએ લોકવંચના કરી છે.

૪૯. अश्वस्यात्र हि शिश्नं तु पत्नीग्राह्यं प्रकीर्तितम् ।

भण्डैस्तद्वत्परं चैव ग्राह्यजातं प्रकीर्तितम् ॥

मांसानां खादनं तद्वन्निशाचरसमीरितम् ॥ –'सर्वदर्शनसंग्रह'

અહીં અશ્વમેધમાં અશ્વનું શિશ્ન યજમાનની પત્નીએ પકડવાનું છે એમ કહ્યું છે. તેની જેમ ભાંડોએ બીજું પણ ગ્રહણ કરવાની વાતો કહી છે. તેની જેમ માંસ ખાવાની વાત કહી છે તે નિશાચરનું વચન છે.

૫૦. न कण्टकानां प्रकरोति तैक्ष्ण्यं विचित्रभावं मृगपक्षिणाश्च ।

माधुर्यमिक्षोः कटुनाश्च निम्बे स्वभावतः सर्वमिदं प्रवृत्तम् ॥ –'षड्दर्शनसमुच्चयवृत्ति'

કાંટામાં તીક્ષ્ણતા, મૃગ-પક્ષીઓમાં વિચિત્રતા, શેરડીમાં માધુર્ય, લીમડામાં કડવાશ ઈત્યાદિ ગુણો સ્વભાવથી જ નિર્મિત થાય છે.

૫૧. नग्नं श्रमणक दुर्बुद्धे कायक्लेशपरायण ।

जीविकार्ये विचारस्ते केन त्वमसि शिक्षितः ॥ –'तत्त्वोपप्लवसिंह'

હે નગ્નરૂપ આર્હત, હે બૌદ્ધભિક્ષુ ! તમે તમારી મંદબુદ્ધિને કારણે જ પોતાના શરીરને ક્લેશિત કરો છો. તમને કોણે જીવન-યાપનનો આ ઉપાય શીખવ્યો છે ?

૫૨. प्रत्यक्षादिप्रमासिद्धविरुद्धार्थाभिधायिनः ।

वेदान्ता यदि शास्त्राणि बौद्धैः किमपराध्यते ॥ –'प्रबोधचन्द्रोदय'

પ્રત્યક્ષ વગેરે પ્રમાણો દ્વારા સિદ્ધ લોકસત્તાને મિથ્યા પ્રતિપાદન કરવાવાળા વેદાંતને જો શાસ્ત્ર કહેવામાં આવે તો પછી બૌદ્ધોએ શું અપરાધ કર્યો છે ?

૫૩. लौकिको मार्गोऽनुसर्तव्यः । –'तत्त्वोपप्लवसिंह'

લોકાયત-વ્યવહારનું જ અનુસરણ કરવું કલ્યાણકારી છે. અર્થાત્, પારલૌકિક ચિંતનને નિરર્થક સમજવામાં જ દક્ષતા છે.

૫૪. लोकव्यवहारं प्रति सदृशौ बालपण्डितौ । –'तत्त्वोपप्लवसिंह'

લોક-વ્યવહારમાં મૂર્ખ અને પંડિત અથવા બાળક અને વૃદ્ધમાં કોઈ અંતર નથી, એટલે કે બધાં સમાન છે.

ચાર્વાક દર્શન ખૂબ જ પ્રાચીન મત હોવાને કારણે, સાહિત્યની ઉપલબ્ધિ ન થતી હોવાને કારણે, આત્મિક દર્શન તરફનો વિશેષ ઝોક હોવાને કારણે ચાર્વાક દર્શનને કાયમી તિરસ્કૃત કરવામાં આવ્યું છે, જે ભૂલભરેલું છે. સરવાળે સમજાશે કે જાણ્યા વગરની અને દંભી લોકો દ્વારા ગેરમાર્ગે દોરવાયેલી આધ્યાત્મિક્તાએ ભારતને ખૂબ નુકસાન પહોંચાડ્યું છે. અધ્યાત્મવિદ્યા ખૂબ જ ઊંચા શિખરે બિરાજે છે, પરંતુ એને આત્મસાત કરનારા કેટલા ? અને, એ અધ્યાત્મને સાંગોપાંગ સમજીને લોકોને સમજાવનારા કેટલા ? — એવા પ્રશ્ન કાયમ રહે જ છે. ચાર્વાક દર્શનનાં ઉપરોક્ત સૂત્રોને

શબ્દશઃ લેવાની જરૂર નથી. એની પાછળ ગહન વિચારસરણી રહેલી છે. યાદ રહે કે ભારતીય પ્રણાલિકાએ સ્વીકૃત કરેલું એ એક તત્ત્વદર્શન છે, માત્ર પ્રલાપો નહિ. ચાર્વાક દર્શનનાં સૂત્રોને સમ્યક્ સમજીએ તો જીવન પ્રત્યેનો દૃષ્ટિકોણ અવશ્ય બદલાઈ શકે છે.

**સંદર્ભસૂચિ :**


૧. રાવળ સી. વી., પ્રો., ‘ચાર્વાક દર્શન’, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ૨૦૦૪

૨. સોલોમન એસ્તેર, ડૉ., સંપા., ‘શ્રીમત્સાયણમાધવકૃત સર્વદર્શનસંગ્રહ’, સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, ૨૦૦૫

૩. झा आनन्द आचार्य, ‘चार्वाक दर्शन’, उत्तरप्रदेश हिन्दी संस्थान, लखनउ, २०१३

૪. त्रिपाठी आनन्द प्रकाश, डॉ., ‘भारतीय दर्शन’, यूनिवर्सिटी बुक हाउस प्रा. लि., जयपुर, २००६

૫. पाठक सर्वानन्द, डॉ., ‘चार्वाकदर्शन की शास्त्रीय समीक्षा’, चौखम्बा विद्याभवन, वाराणसी, १९६५

૬. मिश्र उमेश, ‘भारतीय दर्शन’, हिन्दी समिति, सूचना विभाग, उत्तर प्रदेश, लखनऊ, १९६४

૭. शर्मा उमाशङ्कर, भाष्यकार, ‘सर्वदर्शनसंग्रहः’, चौखम्बा विद्याधवन, वाराणसी, १९९४

૮. सिंह उदय नारायण, अनु., ‘सर्वदर्शनसङ्ग्रहः’, श्री वेङ्कटेश्वर प्रेस, मुम्बई, माघ संवत १९६२

કૉલેજ માટેનાં અગત્યનાં પ્રમાણપત્ર

Ph. 23236351, 23232701, 23237721
23234116, 23235733, 23232317
23236735, 23239437, 23239627

Extension No. 413 (CPP-I Colleges)
UGC Website: www.ugc.ac.in

ज्ञान-विज्ञान विमुक्तये
**SPEED POST**

विश्वविद्यालय अनुदान आयोग
बहादुरशाह जफर मार्ग
नई दिल्ली-110 002
UNIVERSITY GRANTS COMMISSION
BAHADURSHAH ZAFAR MARG
NEW DELHI-110 002

F. No. 8-490/2010 (CPP-I/C)

February, 2011

8 MAR 2011

The Registrar,
Gujarat University,
Ahmedabad – 380 009,
**Gujarat.**

**Sub:** - Recognition of College under Section 2 (f) of the UGC Act, 1956.

Sir,

I am directed to refer to the letter No. GAC/MKM/10-11/329 dated 09.09.2010 received from the Principal, Government Arts College, Maninagar, Ahmedabad – 8 (Gujarat) on the above subject and to say that it is noted that the following college is **aided** and **temporarily** affiliated to **Gujarat University**. I am further to say that the name of the following college has been included in the list of colleges prepared under Section 2 (f) of the UGC Act, 1956 under the head '**Government** Colleges teaching upto **Bachelor's** Degree':-

| Name of the College | Year of Establishment | Remarks |
|---|---|---|
| Government Arts College, Maninagar, Ahmedabad – 8 (Gujarat). | 2007 | The college does not fulfill the requirement of permanent affiliation. Therefore, the college is **not** eligible to receive Central assistance in terms of the rules framed under Section 12 (B) of the UGC Act, 1956. |

The documents submitted in respect of the above College have been accepted by the University Grants Commission.

Yours faithfully,

**(Uma Bali)**
Under Secretary

Copy to:-

1. The Principal, Government Arts College, Maninagar, Ahmedabad – 8 (Gujarat).
2. The Secretary, Government of India, Ministry of Human Resource Development, Department of Higher Education, Shastri Bhawan, New Delhi - 110 001.
3. The Principal Secretary, Deptt. of Higher & Technical Education, Government of Gujarat, New Sachivalaya, B. No. 5, 7th Floor, Gandhi Nagar – 382 010, (Gujarat).
4. The Deputy Secretary, UGC, Western Regional Office (WRO), Ganeshkhind, Poona – 411 007, (Maharashtra).
5. Publication Officer (Website-UGC), New Delhi.
6. Section Officer (F.D.-III Section) U.G.C., New Delhi.
7. All Sections, U.G.C, New Delhi.
8. Guard file.

**(Sunita Gulati)**
Section Officer

*Ph. 23236351, 23232701, 23237721*
*23234116, 23235733, 23232317*
*23236735, 23239437, 23239627*

***Extension No. 413 (CPP-I Colleges)***
***UGC Website:*** *www.ugc.ac.in*

ज्ञान–विज्ञान विमुक्तय

**SPEED POST**

विश्वविद्यालय अनुदान आयोग
बहादुरशाह जफर मार्ग
नई दिल्ली–110 002
UNIVERSITY GRANTS COMMISSION
BAHADURSHAH ZAFAR MARG
NEW DELHI-110 002


F. No. 8-490/2010 (CPP-I/C)

December, 2012

14 DEC 2012

The Registrar,
Gujarat University
P.B. No. 4010, Navrangpura
Ahmedabad – 380 009
**Gujarat**

**Sub:** - Declaring a College fit to receive Central Assistance under Section 12 (B) of the UGC Act, 1956.

Sir,

I am directed to refer to the letter No. nil dated 11.09.2012 received from the Principal, Government Arts College, Maninagar, Ahmedabad - 8, (Gujarat) on the above subject and to say that it is noted that the following college is **aided** and **permanently** affiliated to **Gujarat University**. The college is already included under Section 2 (f) of the UGC Act, 1956 vide this office letter of even No. dated 08.03.2011. I am further to say that the name of the following college has been included in the list of colleges prepared under Section 12 (B) of the UGC Act, 1956 under the head '**Non-Government** Colleges teaching upto **Bachelor's** Degree':-

| Name of the College | Year of Establishment | Remarks |
|---|---|---|
| Government Arts College, Maninagar, Ahmedabad - 8, (Gujarat). | 2007 | The College is now declared fit to receive Central assistance in terms of Rules framed under Section 12 (B) of the UGC Act, 1956. |

The documents submitted in respect of the above College have been accepted by the University Grants Commission.

Yours faithfully,

**(Raksha Pahwa)**
Under Secretary

Copy to:-

1. The Principal, Government Arts College, Maninagar, Ahmedabad - 8, (Gujarat).
2. The Secretary, Government of India, Ministry of Human Resource Development, Department of Higher Education, Shastri Bhawan, New Delhi - 110 001.
3. The Principal Secretary, Deptt. of Higher & Technical Education, Government of Gujarat, New Sachivalaya, B. No. 5, 7th Floor, Gandhi Nagar – 382 010, (Gujarat).
4. The Deputy Secretary, UGC, Western Regional Office (WRO), Ganeshkhind, Poona – 411 007, (Maharashtra).
5. Publication Officer (UGC-Website), New Delhi.
6. Section Officer (FD-III Section), UGC, New Delhi.
7. Guard file.

**(Sunita Gulati)**
Section Officer

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

(NACC Accredited B++)
www.gujaratuniversity.org.in

Fax : (079) 26302654
Tele. Phone : 26301341-26300342-43, 26300126
Grams : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHMEDABAD-380 009 (INDIA).

નં.એકેડેમિક/૨૧/30890/૨૦૧૨ તા. 11 /૦૬/૨૦૧૨

જોડાણ અંગેનું જાહેરનામું ક્રમાંક: ૧૮૨/૨૦૧૨

એક્ઝિક્યુટીવ કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સરકારી વિનયન કોલેજ, કે.કા.શાસ્ત્રી એજયુકેશન કેમ્પસ, ખોખરા,મણિનગર,(પુર્વ) અમદાવાદ-૮ને નીચે જણાવેલ વિષયો-અભ્યાસક્રમો માટે તેની સામે દર્શાવેલ પ્રકાર અને મુદત માટે જોડાણ મંજૂર કર્યુ છે.

| વિષયો-અભ્યાસક્રમો | ડિવીઝન | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ,દ્વિતીય,તૃતીય વર્ષ બી.એ. (ગુજરાતી,અંગ્રેજી,સંસ્કૃત,અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન,ઇન્ડોલોજી-ઇન્ડિયન કલ્ચર) (ગ્રાન્ટેબલ ધોરણે) (CBCS મુજબ) | ૦૨ (બે) | કાયમી | તા.૧-૭-૨૦૧૨ થી કાયમી |

કા.કુલસચિવવતી

નકલ રવાના :-

૧. આચાર્યશ્રી, સરકારી વિનયન કોલેજ, કે.કા.શાસ્ત્રી એજયુકેશન કેમ્પસ, ખોખરા, મણિનગર,(પુર્વ) અમદાવાદ-૮ને જાણસારૂ.

૨. યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન યુનિટ, સામાન્ય વિભાગ, ગુજરાત યુનિવર્સટી, અમદાવાદ. (જાણ સારૂ)

૩. સચિવશ્રી,શિક્ષણ વિભાગ,ગુજરાત રાજય,નવા સચિવાલય,ગાંધીનગર જાણ સારૂ

૪. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી,શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી.બ્લોક નં-૧૨,ડાં.જીવરાજમહેતા ભવન,જુનુ સચિવાલય,ગાંધીનગર

૫. શ્રીમતિ, પુનિતાબેન પાઠક, હિસાબ પ્રકાશન વિભાગ. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯

૬. પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ-૯

૭. ચીફ એકાઉન્ટસ ઓફિસર, હિસાબ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.-૯

૮. સેકશન ઓફિસર, પી.જી. વિભાગ, ઈલેકશનના કામ અંગે.

૯. સેકશન ઓફિસર, ડી.પી.ઈ. વિભાગ, ઈલેકશનના કામ અંગે.

૧૦. સેકશન ઓફિસર, ડિસ્પેચ વિભાગ, કોલેજના પરિપત્ર અંગે.

૧૧. ગ્રથપાલશ્રી, યુનિ.ગ્રથાલય, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯

૧૨. શ્રી ભારદ્રાજ,પરીક્ષા વિભાગ,ગુજ.યુનિ.અમદાવાદ-૯

૧૩. પબ્લીકેશન ઓફિસર,ગુજ.યુનિ.અમદાવાદ

TO,
The Principal,
Government Arts College,
K.K.Shastri Education Campus,
Khokhra, Maninagar(East),
Ahmedabad.

# CERTIFICATE

This is to certify that, Government Arts College, K.K.Shastri Educational Campus, Khokhra, Maninagar(East), Ahmedabad is situated in City East (Maninagar) area and this is an Urban Area.

Date:03 /03/2014

Place : Ahmedabad

City Mamalatdar(Maninagar)
Ahmedabad

CITY MAMLATDAR, MANINAGAR * AHMEDABAD *

## *LIST OF TEACHING AND NON-TEACHING STAFF*

## TEACHING STAFF

| Name of Faculty | Date of Birth | Category | Sex | Subject | Education | Date of Joining |
|---|---|---|---|---|---|---|
| Dr. Gita Pandya | 09/11/1956 | Open | F | Economics | M.A., Ph.D. | 02/09/1982 (Adhoc),<br>30/06/1984 G.P.S.C.,<br>23/06/2007 In-charge Principal,<br>14/11/09 Class-I Principal |
| Prof. Nisarg Ahir | 13/03/1974 | SEBC | M | Gujarati | M.A., NET | 07/03/2003 G.P.S.C. |
| Dr. Kinnari Pancholi | 07/01/1974 | Open | F | Sanskrit | M.A., Ph.D. | 17/01/2003 G.P.S.C. |
| Dr. Pravin Rathavi | 20/01/1976 | SEBC | M | Gujarati | M.A., Ph.D., NET | 17/03/2003 G.P.S.C. |
| Prof. Ansuya Mehta | 21/03/1974 | Open | F | ENGLISH | M.A. | 08/11/2001 G.P.S.C. |
| Prof. Jagdish Parmar | 17/10/1983 | SC | M | Economics | M.A., GSLET | 09/03/2013 G.P.S.C. |
| Dr. Kamlesh Patel | 04/03/1982 | Open | M | Psychology | M.A., M.Phil, GSLET, Ph.D. | 13/02/2014 G.P.S.C. |
| Dr. Nehal Pandya | 06/05/1977 | Open | F | Sanskrit | M.A., B.Ed. Ph.D. | 27/09/2013 G.P.S.C. |
| Prof. Abha Tripathi | 20/06/1987 | Open | F | Indology | M.A., NET | 11/08/2014 Contractual |
| Dr. Arati Soni | 03/04/1984 | Open | F | Gujarati | M.A., M.Phil., Ph.D. | Contractual |
| Dr. Nikita Sonara | 11/05/1990 | SC | F | Psychology | M.A., M.Phil., Ph.D. | Contractual |
| Dr. Anita Patel | 10/01/1989 | Open | F | Economics | M.A., B.Ed., Ph.D. | Contractual |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| Prof. Shailesh Raulji | 29/01/1990 | Oprn | M | Sanskrit | M.A., M.Phil., NET | Contractual |
| Dr. Hetal Rajput | 06/09/1983 | Open | F | English | M.A., M.Phil., Ph.D. | Contractual |
| Dr. Pinal Solanki | 08/02/1977 | SC | F | Physical Education | M.P.Ed., Ph.D. | Contractual |

## NON-TEACHING STAFF

| Name | Date of Birth | Category | Sex | Designation | Education | Date of joining |
|---|---|---|---|---|---|---|
| Nirnjana Bhagat | 04-02-1967 | Open | F | Head Clerk | M. Com., M. Ed. | 06-10-2015 |
| Jalpa Parmar | 21-04-1987 | SC | F | Jr Clerk | M.A., B.Ed. | 28-02-2014 |
| Priyanka Sagar | 14-11-1990 | SC | F | Jr Clerk | B.B.A. | 04-03-2014 |
